gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 07 એપ્રિલ 2022

ચૈત્ર સુદ - 06, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 05 | અંક : 48 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



'એનિમલ'માં રણબીર કપૂર સાથે જોવા મળશે 'શ્રીવલ્લી' રશ્મિકા મંદાના

પેજ 11

સુવિચાર

વાત ભલે ગમે તે હોય પણ તેને ફેલાવનાર હંમેશા આપણા જ હોય છે....

મફત મફત..ની લ્હાણીઓમાં શ્રીલંકા ડૂબ્યુ, ક્યાંક ગુજરાત ના ડૂબી જાય - રાજકીય નિષ્ણાતોની રાજકીય પક્ષોને ચેતવણી

# જો જો ગુજરાત બીજુ શ્રીલંકા ન બની જાય..!

Open a Free Demat A/c* with mastertrust

બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 59,610.41 | 17,807.65 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| કોલ ઇન્ડિયા | +3.17 % |
| એનટીપીસી | +2.62 % |
| ટાટા સ્ટીલ | +1.92 % |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| HDFC બેન્ક | -3.57 % |
| HDFC | -3.34 % |
| HCL ટેક્નોલોજી | -2.42 % |

mastertrust®

BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 53,005 | 66,200 |

## ▪ પંજાબમાં આપ પાર્ટીએ મફત.. મફત..ની લ્હાણીઓ કરી, સત્તા મેળવી અને કેન્દ્ર સામે કટોરો ધર્યો

ગુજરાત | વંદન

દેશ દુનિયા યુક્રેનના યુધ્ધના બિહામણાં દ્રશ્યો જોઈ રહી હતી ત્યાં ભારતના પડોશી દેશ શ્રીલંકાના એવા બિહામણાં ફોટા અને સમાચારો આવ્યાં કે તેની નોંધ ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓને લેવી પડી અને શ્રીલંકામાં આવી આર્થિક કટોકટી કેમ સર્જાઇ તેના કારણો અને તારણો ટાંકીને સરકારને ચેતવણી આપી છે કે જો ભારતમાં લોકોને ચૂંટણીઓ સમયે મફત..મફત..ની યોજનાઓની લ્હાણીઓ બંધ કરવામાં નહીં આવે તો ભારતના હાલ પણ શ્રીલંકા જેવા બેહાલ થઇ શકે...! ઉચ્ચ અધિકારીઓ કે બ્યુરોક્રેટ્સના આ અહેવાલને ભારતના મિડિયા દ્વારા પણ સારી એવી જગ્યા આપતા ભારતના લોકો પણ ચોંકી ગયા કે શું ભારતમાં પણ અનાજ કરિયાણુ તેલ ખાંડ, રાંધણ ગેસ પેટ્રોલ-ડિઝલની અછત સર્જાશે..? શું શ્રીલંકાના લોકોની જેમ લાંબી લાંબી લાઇનોમાં ઉભા રહેવુ પડશે..? ચાના એક કપના 100 રૂપિયા, પેટ્રોલના કાળાબજાર અને 400 રૂપિયે લીટર કે ચોખા-દાળ 500 રૂપિયે કિલો મળશે..? વાંચીને ધ્રુજારો આવી જાય એવી ગંભીર પરિસ્થિતિ ગુજરાતમાં સર્જાય તો...?!

ભારતના બ્યુરોક્રેટ્સનું તારણ છે કે કેટલાક રાજ્યોમાં રાજકીય પક્ષો મતદારોને લલચાવવા માટે મફત વીજળી, મફત અનાજ, સ્કૂટી, સોનાનું મંગલસૂત્ર, મહિલાઓને મહિને એક હજાર, છાત્રોને ટેબલેટ, કિસાનોને મફત વીજળી અને સ્માર્ટ ફોન, મફત રાંધણ ગેસના વચનો આપે છે અને જીત્યા પછી એ યોજનાઓ પૂરી કરવા જાહેર દેવુ કરે છે અથવા કેન્દ્ર પાસેથી સહાય માંગે છે.



ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય હરિફાઇ થાય છે. આ વખતે આપ પાર્ટીએ એન્ટ્રી કરી છે. આપ પાર્ટીએ પહેલાં દિલ્હીમાં અને તાજેતરમાં પંજાબમાં આવી જ લ્હાણીઓ કરીને સત્તા મેળવી છે. પણ પંજાબ સરકારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સીએમ ભગવંત માને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લઇને એક લાખ કરોડની સહાયની માંગણી કરી જેથી મફત યોજનાઓના વચનો પૂરા કરી શકાય...! યુપીમાં પણ ભાજપે મતદારોને મફત રાંધણ ગેસ, લેપટોપ, સ્કૂટી, કિસાનોને પાંચ વર્ષ મફત વીજળીનું વચન આપ્યુ છે.

ગુજરાતમાં 25-27 વર્ષથી ભાજપ સત્તામાં છે. ફરી સત્તા મેળવવા ભાજપ યુપીની જેમ મફત લ્હાણી કરી શકે. લેપટોપ અને કિસાનોને સ્માર્ટ ફોનની યોજના ચાલે જ છે. આપની જેમ મફત રાંધણ ગેસ, રોકડ રકમ વગેરેના વચનો આપી શકે.

આપ પાર્ટીને ગુજરાતમાં દિલ્હી-પંજાબની જેમ સત્તા જોઈએ છે અને સત્તા માટે પૂરા ન કરી શકાય એવી લોભામણી મફત ઓફરો ગુજરાતના મતદારોને લલચાવી શકે. જેમ કે 24 કલાક મફત વીજળી, મહિલાઓને દર મહિને રોકડ સહાય, મફત રાંધણ ગેસ, લેપટોપ, સ્કૂટી જેવા વચનો આપે તો ગુજરાત કઇ રીતે પૂરા કરશે..? ગુજરાતના માથે 3 લાખ કરોડ કરતાં વધુનું જાહેર દેવુ છે. ગુજરાત સરકાર દર વર્ષે રિઝર્વ બેંક મારફતે જામીનગીરીઓ વેચીને સરેરાશ 10 હજાર કરોડ મેળવે છે. વ્યાજ પેટે કરોડો ચુકવે છે. આવી આર્થિક પરિસ્થિતિમાં જો તામિલનાડુ, તેલંગાણા-પંજાબ-દિલ્હીની જેમ લોભામણી યોજનાઓ આપવામાં આવે તો તેના અમલ માટે શ્રીલંકાની જેમ જાહેર દેવુ કરવુ પડે, કરવેરાની આવક ઘટી જાય તો સરકાર ચલાવવી મુશ્કેલ બની શકે અને એવા સંજોગોમાં જેમ શ્રીલંકાને આર્થિક સહાય માટે

...અનુસંધાન પાના નં. 06


આર્થિક સંકટના કારણે ઠેર ઠેર હિંસાના બનાવો, રાષ્ટ્રપતિએ પોતાનો નિર્ણય રદ્દ કર્યો

## શ્રીલંકામાં કથળી રહેલી પરિસ્થિતિ વચ્ચે કટોકટી હટાવી લેવાઈ

ગુજરાત | વંદન

શ્રીલંકામાં લાગુ કરવામાં આવેલી કટોકટી હવે હટાવી લેવામાં આવી છે. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ આ જાહેરાત કરી. આ અગાઉ તેમણે બગડતી સ્થિતિ જોતા કટોકટી લાગૂ કરવાનો નિર્ણય લીધો હતો. શ્રીલંકામાં ચાર એપ્રિલના રોજ ઈમરજન્સીની જાહેરાત કરાઈ હતી. જ્યારે આર્થિક સંકટના કારણે ઠેર ઠેર હિંસા થવા લાગી હતી. હવે રાષ્ટ્રપતિએ પોતાનો નિર્ણય રદ્દ કર્યો છે. તેની પાછળના કારણો શું છે તે હજુ સ્પષ્ટ નથી.

ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકામાં સ્થિતિ વણસેલી છે.



મોંઘવારી ચરમસીમાએ પહોંચી છે અને લોકોમાં ગુસ્સો ભડકી ઉઠ્યો છે. પેટ્રોલ-ડીઝલ માટે લાંબી લાઈનો લાગી રહી છે. કેરોસીન માટે કલાકો સુધી રાહ જોવી પડે છે અને કાગળની અછતના કારણે બાળકોની પરીક્ષાઓ પણ રદ્દ કરવી પડી છે. લોકોનો ગુસ્સો શાંત કરવા માટે પ્રધાનમંત્રીની આખી કેબિનેટે રાજીનામું આપી દીધુ છે. એટલે સુધી કે પીએમના પુત્રએ પણ

...અનુસંધાન પાના નં. 06

પરિવારવાદી પાર્ટીઓએ દેશ સાથે વિશ્વાસઘાત કર્યો : મોદીનો કટાક્ષ

## ભાજપનો વિકાસમંત્ર : નીતિ, નિયત અને નિર્ણય શક્તિ

ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ પર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પાર્ટી કાર્યકરોને સંબોધિત કર્યા. આ દરમિયાન પીએમ મોદીએ કાર્યકરોને કહ્યું કે મારી પ્રાર્થના છે કે મા સ્કંદમાતાના આશીર્વાદ દેશવાસીઓ પર, ભાજપના પ્રત્યેક કર્મઠ કાર્યકર અને પ્રત્યેક સભ્ય પર હંમેશા જળવાઈ રહે.

પીએમ મોદીએ કહ્યું કે નવરાત્રની પાંચમી તિથિએ મા





સ્કંદમાતાની પૂજા કરીએ છીએ. આપણે બધાએ જોયું કે મા સ્કંદમાતા કમળના આસન પર બિરાજમાન રહે છે અને તેમના બંને હાથમાં કમળનું ફૂલ હોય છે. તેમણે વધુમાં કહ્યું કે હું દેશ અને દુનિયાભરમાં ફેલાયેલા ભાજપના પ્રત્યેક સભ્યને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવું છું.


કાશ્મીરથી કન્યાકુમારી, કચ્છથી કોહિમા સુધી ભાજપ એક ભારત, શ્રેષ્ઠ ભારતના સંકલ્પને નિરંતર સશક્ત કરી રહ્યો છે.

પીએમ મોદીએ કાર્યકરોને સંબોધતા કહ્યું કે આ વખતનો સ્થાપના દિવસ વધુ 3 કારણસર મહત્વપૂર્ણ બની ગયો છે. પહેલું કારણ એ કે હાલ આપણે દેશની આઝાદીના 75 વર્ષનું પર્વ ઉજવી રહ્યા છે. આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છે. તે પ્રેરણાની ખુબ મોટી તક છે. બીજુ કારણ એ છે કે ઝડપથી બદલાતી

...અનુસંધાન પાના નં. 06

### ન્યૂઝ બ્રિફ

#### કોરોનાના નવા વેરિયન્ટ XEનો ભારતમાં પગપેસરો



કોરોના વાયરસનો નવો વેરિયન્ટ XEએ ભારતમાં પ્રવેશ કરી લીધો છે. આ સંક્રમણનો પહેલો કેસ બુધવારે મુંબઈમાં નોંધાયો છે. કુલ 376 સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેની તપાસમાં એક દર્દીને XE વેરિયન્ટનું સંક્રમણ થયું હોવાનું નોંધાયું છે. દક્ષિણ આફ્રિકાથી આવેલી 50 વર્ષની મહિલામાં આ વેરિયન્ટ જોવા મળ્યો છે. હાલ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

#### સુરતના ચકચારી ગ્રીષ્મા હત્યા કેસમાં આગામી 16 એપ્રિલે આવશે જજમેન્ટ





સુરતના ચકચારી ગ્રીષ્મા હત્યા કેસમાં હવે 16મી એપ્રિલે જજમેન્ટ આવશે. કોર્ટમાં બંને પક્ષકારોની દલીલો પૂર્ણ થઈ છે. ફેનિલે જાહેરમાં ગ્રીષ્માની ગળુ કાપીને હત્યા કરી હતી. ત્યારે હવે ગ્રીષ્મા કેસમાં ઐતિહાસિક ઝડપી ચૂકાદો આવશે.

#### બ્રિટીશ વડાપ્રધાન આ માસના અંતે ભારતની મુલાકાત લેશે



બ્રિટીશ વડાપ્રધાન બોરીસ જોન્સન આ માસના અંત સુધીમાં ભારતની મુલાકાતે આવશે .ભારત અને બ્રિટન વચ્ચે સંરક્ષણ સહિતના સોદા લાંબા સમયથી પેન્ડીંગ છે. ઉપરાંત વ્યાપારક્ષેત્રે પણ ભારત-બ્રિટન આગળ વધી રહ્યા છે તે સામે આ મુલાકાત મહત્વની બની રહેશે.

એસ.જયશંકરે કહ્યું, ભારતના એરલીફ્ટ ઓપરેશનથી નવો રેકોર્ડ બન્યો છે

## યુક્રેનની યુનિ.એ ભારતીય વિદ્યાર્થીઓને અંધારામાં રાખ્યા હતા: વિદેશ મંત્રી



ગુજરાત | વંદન

રશિયાના યુક્રેન પરના આક્રમણના પગલે ભારતે અહી ફસાયેલા 20000થી વધુ વિદ્યાર્થીઓ તથા નાગરિકોને જે સલામત રીતે બહાર ખસેડયા તે વિશ્વમાં અનોખું હતું અને કોઈપણ આ રીતે કદી અભિયાન ચલાવ્યું ન હતું. વિદેશ મંત્રી એસ.જયશંકરે લોકસભામાં યુક્રેન કટોકટી પર પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા કહ્યું હતું કે ભારતે અન્ય કોઈ દેશ કરતા સર્વ પ્રથમ આ ઓપરેશન એરલીફ્ટ શરુ કર્યુ. વિદેશ મંત્રીએ કહ્યું કે, યુક્રેનમાં તનાવના પગલે ભારતે જે એડવાઈઝરી જાહેર કરી તેના પગલે 4000 જેટલા ભારતીયો અગાઉ જ યુક્રેન છોડીને સલામત થયા હતા પણ

...અનુસંધાન પાના નં. 06

## ક્રૂરતા... અત્યાચાર... અને હાહાકાર...!



યુદ્ધનો એક પ્રસ્થાપિત આંતરરાષ્ટ્રીય નિયમ છે કે યુદ્ધ દરમિયાન કોઈ પણ દેશ એક બીજાના નાગરિકોને હાનિ નહીં પહોંચાડે પરંતુ જેને તાનાશાહ કહેવામાં આવી રહ્યા છે તે રશિયાના સુપ્રિમો પુટિનના સૈનિકોએ યુક્રેનમાં કંઈ રીતે નિર્દોષ નાગરિકોને વગર વાંકે અને પ્રસ્થાપિત નિયમોને નેવે મૂકી હણી નાખ્યા તેની ભયાનક તસ્વીરો દુનિયા સમક્ષ આવી છે યુક્રેનના કીવ નજીકના બૂચા ટાઉનમાં 400 કરતાં વધુ મૃતદેહો મળી આવ્યા. મરનારાઓ તમામ યુક્રેનના નાગરિકો છે રશિયન સૈનિકોએ બૂચા પર કબ્જો જમાવ્યો પણ યુક્રેનના સૈનિકોએ સામનો કરતા પીછેહઠ કરવી પડી રશિયન સૈનિકોએ જતાં જતાં નાગરિકોને ભેગા કરી લાઈનસર ઉભા રાખી તેમના હાથ પાછળથી બાંધી દીધા અને માથામાં ગોળીઓ મારીને નરસંહાર સર્જાયો તેની આ બોલતી તસ્વીર છે. પાછળ હાથ બાંધેલા હોય એવા અનેક મૃતદેહો બૂચામાંથી મળતા હાહાકાર મચ્યો છે. યુક્રેને આ અંગે રશિયા સામે કેસ ચલાવવાની માંગણી કરી છે.

સાવધાની રાખવી ખૂબ જરૂરી, નિયમોનું પાલન કરતા રહો


## દેશમાં છેલ્લા 24 કલાકમાં 1086 નવા કેસ, 71ના મોત

ગુજરાત | વંદન

દેશમાં આશરે બે વર્ષ બાદ સતત બે દિવસ સુધી હજારથી ઓછા કેસ નોંધાયા બાદ ફરી એક વખત કેસમાં વધારો થયો છે. દેશમાં છેલ્લા 24 કલાકમાં 1086 નવા કેસ અને 71 સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે 795 નવા કેસ અને 58 સંક્રમિતોના મોત થયા હતા. સોમવારે 913 નવા કેસ અને 13 સંક્રમિતોના મોત થયા હતા. રવિવારે 1096 નવા કેસ નોંધાયા હતા અને 81 સંક્રમિતોના મોત થયા હતા. શનિવારે દેશમાં 1260 નવા કેસ અને 83 સંક્રમિતોના મોત થયા હતા. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં કોરોના વાયરસ વિરોધી રસીના 185 કરોડથી વધારે ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

કલમ 370 દૂર થયા બાદ પહેલી વખત પીએમ મોદી J&Kના પ્રવાસે જશે

## સતત આતંકી હુમલાઓની વચ્ચે મોદી કાશ્મીરની મુલાકાત લેશે



### ▪ કાશ્મીરી પંડિતોને ફરી વસાવવાના મામલે ઉચ્ચસ્તરીય બેઠક યોજે તેવી શક્યતાઓ

ગુજરાત | વંદન

છેલ્લા 10-15 દિવસથી ફિલ્મ નિર્માતા વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સના પગલે કાશ્મીરી પંડિતોનો મુદ્દો દેશ સમક્ષ આવ્યો છે. જાન્યુઆરી 1990માં કાશ્મિરના ખીણ પ્રદેશમાંથી કાશ્મીરી પંડિતોની સામૂહિક હત્યાઓના પગલે હિજરત શરૂ થઈ હતી. આ ફિલ્મમાં નરસંહાર અને અત્યાચારો દર્શાવવામાં આવ્યા છે. ફિલ્મના પગલે એવી લાગણી બની કે કાશ્મીરી પંડિતોને ન્યાય મળવો જોઈએ અને તેમને ફરીથી ત્યાં વસાવવા જોઈએ. આરએસએસના વડા મોહન ભાગવતે કાશ્મિરો પંડિતોને ખાતરી આપી કે ટૂંક સમયમાં જ તમને એ રીતે તમારા વતનમાં વસાવવામાં આવશે કે જેથી ફરીથી હિજરત કરવી ન પડે. આ ખાતરી અને કાશ્મીરી પંડિતો પ્રત્યેની લાગણીના માહોલમાં હમણાં જ ખીણ પ્રદેશમાં આંતકીઓએ એક કાશ્મીર પંડિતની હત્યા કરી છે. આતંકી હુમલાઓ સતત થઈ રહ્યા છે. એવા વાતાવરણની વચ્ચે અને જ્યારે તેમને મારી નાખવાનું કાવતરું થતા ધમકીઓ મળે છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કાશ્મીર મુલાકાત ખૂબ સૂંચક અને મહત્વની માનવામાં આવે રહી છે. આતંકી હુમલાઓ છતાં વડાપ્રધાનની મુલાકાતને લઈને જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. દરમિયાન કલમ 370 દૂર કરાયા બાદ પહેલી વખત પીએમ મોદી જમ્મુ કાશ્મીરની મુલાકાતે જવાના છે. 24 એપ્રિલે તેઓ રાજ્યની મુલાકત લેશે અને સાંબામાં સ્થાનિક લોક પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે.

શક્ય છે કે, પીએમ મોદી કાશ્મિરી પંડિતોને પણ મળે જેથી કરીને તેમને કાશ્મીર ખીણમાં પાછા ફરવામાં શું સમસ્યા નડી રહી છે તેની જાણકારી મળે.કેન્દ્ર સરકારે રાજ્યમાં સીમાંકનની કામગીરી પૂરી થાય તે બાદ તરત ચૂંટણી કરાવવાનો પણ વાયદો કર્યો છે. જે સંદર્ભમાં પીએમ મોદીની

...અનુસંધાન પાના નં. 06

100 કરોડના વસૂલી કેસમાં તપાસ એજન્સીની કાર્યવાહી તેજ

## મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખની CBIએ કરી ધરપકડ

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકારના શરૂઆતી તબક્કાના ગૃહમંત્રી અનિલ દેશમુખની સીબીઆઈએ સત્તાવાર ધરપકડ કરી છે. તપાસ એજન્સીએ ભ્રષ્ટાચાર કેસમાં તેમની ધરપકડ કરી છે.

મહારાષ્ટ્રના કાતોલ વિધાનસભા ક્ષેત્રથી ધારાસભ્ય દેશમુખની બુધવારે CBIએ ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરી છે. અગાઉ એજન્સીએ દેશમુખના પર્સનલ આસિસ્ટન્સ કુંદન શિંદે



અને સચિવ સંજીવ પલાંડેની કસ્ટડી લીધી હતી અને આસિસ્ટન્ટ પોલીસ ઈન્સપેક્ટર સચિન વાઝેને બરતરફ કર્યા હતા. આ અગાઉ બોમ્બે હાઈકોર્ટે અનિલ દેશમુખની અરજી સાંભળવાનો ઈન્કાર કરી દીધો હતો. દેશમુખે સ્પેશિયલ સીબીઆઈ કોર્ટના આદેશને પડકાર્યો હતો જેણે કથિત ભ્રષ્ટાચારના કેસના સંબંધમાં

...અનુસંધાન પાના નં. 06

### તલાટી, કોન્સ્ટેબલ, PSIની પરીક્ષા માટે લાખો રૂપિયા પડાવ્યાં

# દહેગામમાં સરકારી ભરતીના નામે કરોડો રૂપિયાની ઠગાઈ, ત્રણની ધરપકડ

ગુજરાત | વંદન

રાજ્યમાં સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ અને કૌભાંડોના અનેક બનાવો બની ચૂક્યા છે. ચાલુ પરીક્ષાએ ચોરી કરાવવી, પેપર ફરતા થવા સહિતના અનેક અનિચ્છનીય બનાવો સામે આવ્યા છે ત્યારે હવે PSI, લોકરક્ષક દળ તેમજ તલાટીની ભરતી માટે લાખો રૂપિયા પડાવવામાં આવતા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ક્રાઈમબ્રાંચે દરોડા પાડીને ઠગાઈને પર્દાફાશ કરી એક યુવતી સહિત ત્રણ આરોપીને જેલ ભેગા કરી વધુ તપાસ હાથ ધરી હતી.




ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના મીઠાના મુવાડા ગામ પાસે બાઈડ હાઈવે પર આવેલા સ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એકેડેમીમાં સરકારી ભરતીની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પાસેથી 4 લાખથી લઈ 10 લાખ રૂપિયાનું ઉઘરાણું કરી સ્પર્ધાત્મક પરીક્ષાના એડવાન્સ પેપર લાવી આપવાના બહાને છેતરપિંડી આચરતા હોવાનું ક્રાઈમ બ્રાંચે ઠગાઈનું ષડયંત્ર ઉઘાડુ પાડ્યુ હતું. તાલીમ કેન્દ્રમાં તૈયારી કરતા વિદ્યાર્થીઓ પાસેથી એકેડેમીના સંચાલક દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર એડવાન્સમાં લાવી આપવા માટે ચારથી 10 લાખ રૂપિયા ઉઘરાવ્યા હતા. જો કે પેપર ન મળતાં વિદ્યાર્થીઓ અકળાયા હતા.


અમદાવાદ ક્રાઈમ બાંચને આ બાબતની બાતમી મળતાં દરોડા પાડી સ્વામી વિવેકાનંદ તાલીમ કેન્દ્રના સંચાલક હરીશ પ્રજાપતિ, રવિપ્રતાપસિંગ રાવત તેમજ પૂજા ઠાકોરની ધરપકડ કરી હતી. જ્યારે બે આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા. ઝડપાયેલા આરોપીઓએ અત્યાર સુધી ગુજરાત સરકારની અલગ અલગ ભરતીઓના કુલ 81 ફોર્મ ભરી જેમાં રાજસ્થાન 60, ઉત્તરપ્રદેશ 4 તથા ગુજરાત રાજયના -17 ફોર્મ ભર્યાની કબૂલાત કરેલી. જે સંદર્ભે આ 81 જેટલા ઉમેદવારો પાસેથી રૂપિયા 3 કરોડ 24 લાખ 90 હાજર જેટલી રકમ મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે.

### ગાંધીનગરમાં ખોટી રીતે કાર પાર્ક કરવા બદલ ભાજપ નેતાને દંડ

# ભાજપના પૂર્વ કોર્પોરેટર સુરેશ મહેતાને પોલીસે 500 રૂપિયાની પાવતી પકડાવી દીધી

ગુજરાત | વંદન

ગાંધીનગર કોર્પોરેશન સંકુલમાં પાર્કિંગ કરવું એટલે માથાનો દુ:ખાવા જેવી સમસ્યા છે, તેમાં પણ નવા ચૂંટાયેલા કોર્પોરેટર્સ અને રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા તેમનું સાંભળવામાં જ આવતું નથી. ત્યારે સોમવારે ભાજપના નેતા અને પૂર્વ કોર્પોરેટરને ખોટી રીતે ગાડી પાર્ક કરવા બદલ 500 રૂપિયાનો દંડ થયો હતો. નેતા દ્વારા ગ્રાહકકોર્ટના જજની ગાડી આગળ જ ગાડી મુકી દેવાઈ



હતી. જેને પગલે જજ દ્વારા પોલીસને ફોન કરીને 500 રૂપિયાના દંડ કરાવાયો હતો. ગાંધીનગર કોર્પોરેશનના બિલ્ડિંગમાં જ ગ્રાહકકોર્ટ આવેલી છે. સોમવારે સાંજે ગ્રાહક સુરક્ષા કોર્ટના જજ સોની જવા નીકળ્યા હતા.

આ સમયે તેઓની ગાડીની આગળ જ એક અલ્ટો કાર પડેલી હતી. જેને પગલે તેઓની ગાડી નીકળી શકે તેવી કોઈ સ્થિતિ ન હતી. જેને પગલે તેઓએ આ અંગે સે-7 પોલીસને ફોન કરતાં પોલીસ ટોઈંગ વાન સાથે આવી પહોંચી હતી. પોલીસ દ્વારા પહેલાં માઈક પર એનાઉન્સમેન્ટ કરવામાં આવ્યું હતું. આમ છતાં કોઈ ન આવતા ગાડી ટોઈંગ કરાઈને સાઈડમાં લેવાઈ હતી. આ સમયે પૂર્વ કોર્પોરેટર અને ગાંધીનગર ભાજપના નેતા સુરેશ મહેતા આવ્યા હતા. જજ દ્વારા તેઓને દંડ કરાવવાની વાત કરતાં વાત કોર્પોરેશનના એક પદાધિકારી પાસે પહોંચી હતી. તેઓએ જજને ફોન કરીને માફી માંગી હતી પરંતુ જજ સોની ખોટી રીતે પાર્ક કરેલી ગાડી માટે દંડ કરાવવા અડગ રહ્યાં હતા.

### ગાંધીનગરના ઘ-2 સર્કલ પાસે મેડિકલ સ્ટોરનો સંચાલક

# આઈપીએલ મેચનો ઓનલાઈન સટ્ટો રમતાં રંગેહાથ ઝડપાયો

ગુજરાત | વંદન

ગાંધીનગરના ઘ-2 સર્કલ પાસે આવેલા ઉમિયા કૃપા મેડિકલ સ્ટોરના સંચાલકને આઈપીએલની ટી-20 ક્રિકેટ મેચનો સટ્ટો રમતાં લોકલ ક્રાઈમ બ્રાંચે રંગેહાથ ઝડપ્યો હતો. તેમજ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી રૂ. 22 હજાર 700નો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

લોકલ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે ઘ-2 સર્કલ પાસે




આવેલી આનંદ હોસ્પિટલની નીચેની ઉમિયા કૃપા મેડિકલ સ્ટોરની બહાર એક ઈસમ ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમી રહ્યો છે. બાતમી બાદ તપાસ કરતાં મહેશ ડાહ્યાભાઈ પટેલ (રહે. સેક્ટર - 6/એ, પ્લોટ નંબર - 412/2)ને ઝડપી પાડ્યો હતો. એલસીબીની ટીમે મહેશ પાસેના મોબાઈલ ચકાસણી કરતાં એક એપ્લીકેશનની માધ્યમથી આઈપીએલ ટી-20 ક્રિકેટ મેચનો સટ્ટો રમતો હોવાનું જાણવા મળ્યું હતું.

પુછતાછ હાથ ધરાતાં આરોપીએ મેડિકલ સ્ટોર તેનો હોવાની કબૂલાત કરી સટ્ટો રમવા માટે તેના મિત્ર પિયુષ ચૌહાણ નામના શખ્સે યુઝર આઈડી અને પાસવર્ડ આપ્યા હતા એમ જણાવ્યું હતું. જે એપ્લિકેશનનું યુઝર એકાઉન્ટ ચેક કરતા તેમાં 89 હજાર 900નું બેલેન્સ પણ હતું.

### અડાલજ-ઝૂંડાલ રોડની ઘટના

## એસટી બસના ડ્રાઈવરે બાઈકને ટક્કર મારતાં ચાલકનું મોત

ગુજરાત | વંદન

ગાંધીનગર સહિત રાજ્યમાં બેફામ વાહનો હંકારવાના પગલે અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ત્યારે અડાલજ-ઝૂંડાલ રોડ ઉપર એસ.ટી. બસના ડ્રાઈવરે બસના સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દઈ રોંગ સાઈડમાં બસ હંકારીને બાઈકને ટક્કર મારતાં બેને ઈજાઓ થઈ હતી. બાઈક સવારનું સિવીલ હોસ્પિટલમાં મોત થતાં અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાબરમતી પંચાલની ચાલીમાં રહેતા દશરથ અમરતજી ઠાકોર અડાલજ બાલાપીર ખાતે ગેરેજમાં નોકરી કરીને ગુજરાન ચલાવતા હતા. સોમવારે દશરથભાઈ નોકરીએ જવા માટે ઘરેથી નીકળ્યા હતા. ઝૂંડાલ ખાતે રહેતા તેમના મિત્ર સતીષ રણછોડભાઈ પ્રજાપતિએ ફોન કરીને ઝૂંડાલ જીએમસી બોલાવતા તેઓ રિક્ષામાંથી ત્યાં ઉતર્યા હતા.

### સાસુ સસરા સહિત 11 સાસરિયા વિરુદ્ધ ગુનો નોંધાયો

# માણસા સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સનો ફાંસો ખાઈ આપઘાત

ગુજરાત | વંદન

ગાંધીનગરની માણસા સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સે નિવાસસ્થાને આત્મહત્યા કરીને મૃત્યુ પામી અને તેના થોડા દિવસો પછી, પોલીસે મહિલાની સુસાઈડ નોટને ધ્યાનમાં લઈને, તેના 11 સાસરિયાઓ સામે કથિત રૂપે ત્રાસ આપવા અને ગુનાને ટેકો આપવા બદલ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, માણસાના રાજ બંગલોઝમાં રહેતી નર્સ ભૂમિકા ચાવડા જેમની ઉમર 29 હતી તેમનો મૃતદેહ સોસાયટીના કેટલાક પડોશીઓ દ્વારા સંજોગોમાં મળી આવ્યો હતો. ભૂમિકા ગાંધીનગરના સેક્ટર 21 પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ ચાવડાની નાની બહેન છે અને તેના લગ્ન રાહુલ ડાભી સાથે થયા હતા. આ કપલની બે




અને ત્રણ વર્ષની બે દીકરીઓ છે.

હરદેવસિંહે તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે "31 માર્ચની રાત્રે, મારા સાળા રાહુલે મને ફોન કર્યો અને કહ્યું કે તે ઘરેથી દૂર છે અને ભૂમિકા કોલ ઉપાડી રહી નથી. પાછળથી, જ્યારે રાહુલે પાડોશીને તેનું ઘર તપાસવાનું કહ્યું, જ્યારે તેઓને એક રૂમમાં ભૂમિકા લટકતી જોવા મળી." હરદેવસિંહે એ વધુ ઉમેર્યું કે "તેણીને માણસાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પછી, ડૉક્ટરોએ તેણીને મૃત જાહેર કરી. 1 એપ્રિલએ, મને ભૂમિકાએ લખેલી એક સુસાઈડ નોટ મળી જેમાં તેણીએ તેણીના પતિ રાહુલને બાદ કરતાં તેણીના 11 સાસરીયાઓને માનસિક અને શારીરિક રીતે ત્રાસ આપવા બદલ નામ આપ્યા છે,"

તેથી પોલીસે રાહુલ ડાભીના માતા-પિતા સહિત 11 આરોપીઓ સામે IPC કલમ 306 હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવા અને 498A હેઠળ મહિલા વિરુદ્ધ ક્રૂરતા માટે ગુનો નોંધ્યો છે.

## ગરમીનો કહેર રસ્તા બન્યા સુમસામ



ગાંધીનગર સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો 41 ડિગ્રીને પાર પહોંચી ગયો છે જેના પગલે બપોરે રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે.

(તસવીર : મૌર્ય ભાગ્યવાન)

### રિક્ષા અને ટ્રેક્ટર તેમજ આઈસરની બેટરીની પણ ચોરી

# દહેગામના રખિયાલમાં તસ્કરો ત્રાટક્યા, ડેરી અને પાન પાર્લરના તાળાં તોડયા

ગુજરાત | વંદન

દહેગામનાં રખિયાલ ગામે ગત રાત્રે તસ્કરોએ આતંક મચાવ્યો હતો. દૂધની ડેરી, પાન પાર્લર, ટ્રેક્ટર અને આઈસરની બેટરી તેમજ એક રિક્ષાની પણ ચોરીને કરી નાસી છુટયા હતા. જોકે આ આ અંગે રિક્ષા તેમજ આઈસર અને ટ્રેક્ટરની બેટરીની ચોરી અંગેનીજ ફરિયાદ નોંધાવા પામી છે.

રખિયાલ ગામે રાત્રી દરમિયાન તસ્કરોએ અનેક જગ્યાએ ચોરીને



અંજામ આપ્યો હતો. ઉપરાંત દૂધની ડેરીનું પાણ તાળું તોડી તસ્કારોએ પ્રવેશ કર્યો હતો પરંતુ ત્યાં પણ ખાસ કાંઈ હાથ લાગ્યું ન હતું. અને બાલાભાઈ જીવણભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરેલા તેમના ટ્રેક્ટર તેમજ રસિકભાઈ ઈશ્વરભાઈ પટેલની આઈસર ગાડીમાં લગાવેલી રૂ.6500ની બેટરી ચોરી ગયા હતા. રખિયાલ ગામ ખાતે ચોરીના બનાવ બાદ ચોરીનો ભોગ બનનાર વિક્રમસિંહ લક્ષ્મણસિંહ ઠાકોરે તેમની રૂપિયા 1 લાખની કિંમતની સીએનજી રિક્ષા રસિકભાઈ ઈશ્વરભાઈ પટેલની આઈસરમાં લગાવેલી બેટરી તેમજ બાલાભાઈ જીવણભાઈ પટેલના ટ્રેક્ટરમાં લગાવેલી બેટરી મળી રૂ.1,13,000ની કિંમતની ચોરી અંગેની ફરિયાદ રખિયાલ પોલીસ મથકમાં નોંધાવી હતી.

### કલોલ પંચવટી વિસ્તારની ઘટના, લોકલ ક્રાઈમ બ્રાંચે ઉકેલ્યો ભેદ

# હોટલના માલિકે કર્મીઓના પગાર ચૂકવવા મહિલાનું કર્યું અપહરણ

ગુજરાત | વંદન

કલોલ પંચવટી વિસ્તારમાં આવેલ સરસ્વતી સોસાયટીમાં રહેતી મહિલાને ઘરમાં કલાકો સુધી ગોંધી રાખી સાત ઈસમોએ અપહરણ કરીને છોડીને મૂકી હતી. આ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી એલસીબીની ટીમે તપાસનો દોર શરૂ કરતાં કલોલમાં આવેલ તિરુપતિ હોટલના માલિકે તેના કારીગરો સાથે મળીને અપહરણની ઘટનાને અંજામ આપ્યો હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે, તિરુપતિ હોટલના માલિક મિતુલ પટેલે કર્મચારીઓના પગારને લઈ અપહરણની યોજના બનાવી હતી. જે બાદ શિક્ષિકાનું અપહરણ કરી લીધુ હતુ. 56 વર્ષીય અલ્કા રસ્તોગી તપોવન સર્કલ પાસે આવેલી એક સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. તેઓ બુધવારે બપોરે સરસ્વતી સોસાયટી સ્થિત ઘરે એકલા હતા. ઘરમાં ઘુસી સાત લોકોએ હાથ પગ બાંધી અપહરણ અપહરણ કર્યું હતું.

તો બીજી તરફ મિતુલ પટેલને પોલીસ ફરિયાદ અંગે જાણ થતા, બીજા દિવસે સવારે આશરે 4.30 કલાકે શિક્ષિકાને એકાંત સ્થળે છોડીને ભાગી ગયા હતા. આ ગુનામાં મિતુલ પટેલની ધરપકડ કરી બે મોબાઈલ, કાર અને જ્યૂપીટર મળીને 5.70



લાખનો મુદ્દામાલ જપ્ત કરી અન્ય ઈસમોને ઝડપી લેવામાં તજવીજ હાથ ધરવામાં આવી છે.

## LRDની પરીક્ષામાં ગેરરીતિઓ ડામવા કેન્દ્રો પર PI, PSI હાજર રહેશે

ગુજરાત | વંદન

રાજ્યમાં વિવિધ ભરતીઓમાં ગેરરીતિ અને પેપર ફૂટવાની ઉપરાછાપરી ઘટનાઓના પગલે એલઆરડી ભરતી માટે 10મી એપ્રિલે લેવાનારી લેખિત પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તેવી ફુલપ્રૂફ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યું કે, તમામ પરીક્ષા કેન્દ્રો પર બોર્ડના પ્રતિનિધિ તરીકે પીઆઈ અથવા પીએસઆઈ કક્ષાના અધિકારીઓને હાજર રાખવામાં આવશે.

### બદલી | ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલમાં નિમણુંક થતાં જ

# નિર્લિપ્ત રાયે બુટલેગરો, કેમિકલ-બાયો ડીઝલ માફિયાઓની યાદી મંગાવી

**IPS નિર્લિપ્ત રાય ગુનેગારો પહેલા ભ્રષ્ટાચારી પોલીસકર્મી અને ગુનેગારો સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ કર્મીઓ-અધિકારી સામે કામગીરી કરે છે**

ગુજરાત | વંદન

રાજયના ગૃહ વિભાગે આઈપીએસ અધિકારીની બદલીનો આદેશ આપતા અમરેલીના એસપી નિર્લિપ્ત રાયની બદલી સ્ટેટ મોનીટરીંગ સેલના એસપી તરીકે થતાં ઘણા આધિકારીઓના શ્વાસ બંધ થાય જાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે, જે પોલીસ અધિકારીઓ પ્રમાણિકપણે કામ કરે છે, તેમને નિર્લિપ્ત રાયનો કોઈ ડર નથી પરંતુ જે પોલીસ અધિકારીઓ પોતાના તાબાના વિસ્તારમાં બે નંબરની



પ્રવૃત્તીઓ તરફ આંખ આડા કાન કરે છે તેમના માટે હવે ખરાબ સમય શરૂ થઈ ગયો છે. રાજ્યની સૌથી મહત્વની ગણાતી સ્ટેટ મોનીટરીંગ સેલમાં નિર્લિપ્ત રાયની બદલીની જાહેરાત થવાની સાથે જ આ સેલના સ્ટાફને મોટા પ્રમાણમાં સક્રિય કરીને લીસ્ટેડ બુટલેગર્સ, બાયોડીઝલ અને કેમિકલ ચોરી સાથે જોડાયેલા અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવામાં આવશે. જે માટે નિર્લિપ્ત રાયે હાલ અમરેલી જિલ્લા પોલીસ વડાનો ચાર્જ નથી છોડયો તે પહેલાં જ તેમણે લીસ્ટેડ આરોપીઓની યાદી મંગાવીને પેપર વર્ક શરૂ કરી દીધું હતું. તો બીજી તરફ સ્ટેટ મોનીટરીંગ સેલમાં નવા પીઆઈ અને પીએસઆઈ માટે ડેપ્યુટેશન પર નવી જ ટીમ તૈયાર કરશે તેવ સંકેત પણ તેમણે આપ્યા છે.

આઈપીએસની બદલીઓમાં સૌથી મહત્વની બદલી અમરેલી જિલ્લા પોલીસ વડા નિર્લિપ્ત રાયને સ્ટેટ મોનીટરીંગ સેલમાં કરવામાં આવી તે હતી. આકરો સ્વભાવ અને નોન કરપ્ટેડની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયની આ બદલીને કારણે સ્ટેટ મોનીટરીંગ સેલ ફરીથી ધમધમતુ થશે તેવા સંકેતો તેમણે ચાર્જ લીધા પહેલા જ આપ્યા છે. હાલ તેમણે અમરેલી જિલ્લા પોલીસ વડાનો ચાર્જ છોડ્યો તે પહેલાં તેમણે સમગ્ર ગુજરાતના લીસ્ટેડ બુટલેગર્સ, કેમીકલ ચોરી અને બાયોડીઝલના કૌભાંડ સાથે જોડાયેલા આરોપીઓની યાદી મંગાવીને હોમ વર્ક શરૂ કરી દીધુ હતું. આ સાથે તેમણે સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફની યાદી મંગાવી હતી. જેથી ચાર્જ લીધા બાદ ટુંક સમયમાં જ કામગીરી કરી શકાય. સુત્રોના જણાવ્યા મુજબ તેમણે 50 જેટલા લીસ્ટેડ બુટલેગર્સની યાદી મગાવી છે કે જેમની સામે અનેક ગુના નોંધાયા હોય અને રાજસ્થાન, પંજાબ અને હરિયાણાથી દારૂ મંગાવવામાં આવતો હોય. બાયો ડીઝલ અને કેમિકલ ચોરીમાં મોટા માફિયાઓ જોડાયેલા હોવાથી તેમની સામે કાર્યવાહી કરવા માટે અલગ જ ટીમ તૈયાર કરે તેવી શક્યતા છે.

### બાતમીને આધારે પોલીસે રેડ પાડી દારૂનો જથ્થો કબ્જે કર્યો

# ડભોડામાં બુટલેગરે દારૂ સંતાડવા મંદિરની નીચે બનાવ્યું અનોખું ભોંયરું

ગુજરાત | વંદન

ડભોડાના રામનગર ખાતે બુટલેગરે માતાજીના મંદિર નીચે ભોયરું બનાવી સંતાડેલો દારૂનો જથ્થો પોલીસના હાથ લાગ્યો હતો. બાતમીને આધારે પોલીસે રેડ કરી બુટલેગર સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ડભોડા રામનગર ખાતે રહેતો નવગણજી પ્રતાપજી વાઘેલા દારૂનું વેચાણ કરતો હોવાની ડભોડા પોલીસને બાતમી મળી હતી. જેના




આધારે પોલીસે રેડ કરતાં આરોપી તો ઘરે મળ્યો ન હતો. પરંતુ તેના માતા ઘરે મળતા પોલીસે તેમની સાથે રાખીને તપાસ કરી હતી. ઘરમાં કઈ મળ્યું ન હતું પરંતુ ઘરની આગળ મેલડી માતાજીના મંદિરના પાછળના ભાગે 2 બાય 6ની લંબાઈ-પહોળાઈ વાળુ ભોયરુ મળી આવ્યું હતું. જેમાંથી પોલીસને વિદેશીદારૂની 16560ની કિંમતની 36 બોટલ જ્યારે 17280ની કિંમતના બિયરના 144 ટીન મળી આવ્યા હતા. જેને પગલે પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરીને આરોપી સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. આરોપી અન્ય રાજ્યમાંથી દારૂની હેરાફેરી કરી સંતાડીને વેચાણ કરતો હતો.

# લાંચ અને ગેરશિસ્ત બદલ 700 પોલીસકર્મીઓ સસ્પેન્ડ

## અમદાવાદ પોલીસે ટ્વીટ કરીને આપી માહિતી

ગુજરાત | વંદન



અમદાવાદમાં ટ્રાફિકના નિયંત્રણ માટે નીમવામાં આવેલા ટ્રાફિક રેગ્યુલેશન બ્રિગેડના 700 જેટલા જવાનોને અમદાવાદ શહેરના પોલીસ વિભાગ દ્વારા ભ્રષ્ટાચારના આરોપસર છૂટા કરી દેવાયાં છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં ટ્રાફિકના સંચાલનમાં ઢીલાશ વર્તાતી હોવાને કારણે ગંભીર અકસ્માતના ઘણાં કિસ્સા સામે આવી રહ્યા છે. આ પોલીસકર્મીઓને લાંચ અને ગેરહાજરીના કારણોસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે પોલીસે સંદેશો આપી દીધો છે કે, ડ્યુટી પર ગેરરીતિ, સહન કરવામાં આવશે નહીં.

સુત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે પોલીસ વિભાગ દ્વારા અન્ય 700 TRBના જવાનોની ભરતી કરવામાં આવશે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી ટ્રાફિક પોલીસના મુખ્યાયલને મળેલી ફરિયાદોને આધારે જવાનોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આ સિવાય શહેરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલા CCTV કેમેરાની મદદથી પણ લાંચ લેતા અને કામના કલાકો દરમિયાન ગાયબ રહેતા જવાનોની ઓળખ કરવામાં આવી હતી. સસ્પેન્ડ થયેલા જવાનોમાંથી અમુકને એસજી હાઈવે, એક્સપ્રેસ હાઈવે, એસપી રિંગ રોડ, એરપોર્ટ સર્કલ, ઈન્દિરા બ્રિજ સર્કલ, નવા નરોડા વગેરે વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

## હવામાન વિભાગની આગાહી : મહત્તમ તાપમાન 2થી 3 ડિગ્રી ઘટશે

# અમદાવાદમાં આગ ઝરતી ગરમીમાંથી આંશિક રાહત


ગુજરાત | વંદન



રાજ્યમાં આકરા ઉનાળાની શરુઆત થઇ ગઇ છે. છેલ્લા કેટલાય દિવસથી ગુજરાતના અનેક શહેરોમાં અસહ્ય ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. હવામાન વિભાગે કરેલી હીટવેવની આગાહી પ્રમાણે ગુજરાતમાં ગરમીનું જોર સતત વધી રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં પાછલા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પાછલા એક અઠવાડિયાથી પ્રચંડ ગરમી પડી રહી છે. રાજ્યના 4 શહેરમાં તાપમાન 42 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. જો કે હવામાન વિભાગના મતે હીટવેવની શક્યતા નહિવત છે. જેથી ગુજરાતમાં આકરી ગરમી સહન લોકોને આંશિક રાહત મળશે. અમદાવાદમાં સતત ત્રણ દિવસથી 42 ડિગ્રી કરતા વધારે ગરમી પડી રહી છે. આ ઉપરાંત વડોદરા, ભુજ, સુરેન્દ્રનગરમાં પણ ગરમીનું ટોર્ચર સતત લોકોને પરેશાન કરી રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં કાળઝાળ ગરમીને પગલે બપોરે માર્ગો સૂમસામ બને છે.

જોકે હવામાન વિભાગે એવું પણ કહ્યું છે કે આજથી લોકોને આકરી ગરમીમાંથી નજીવી પણ રાહત મળી શકે છે. કેમકે બુધવારથી બે-ત્રણ દિવસ માટે તાપમાનમાં 2-3 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. જોકે, હવામાન વિભાગે બનાસકાંઠા, પાટણ, કચ્છમાં બે દિવસ યલો એલર્ટની આગાહી કરી છે.નોંધનીય છે કે અમદાવાદ સહિત ગુજરાતભરમાં છેલ્લા કેટલાંક દિવસોથી ગરમીનો પારો 42 ડિગ્રીને પાર પહોંચી જતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા હતા. જોકે હવે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ગરમીનો પારો 2થી3 ડિગ્રી ઘટશે. જેના પગલે ગરમીમાંથી આંશિક મળશે.

# સિવિલ હોસ્પિટલમાં ૧૫ મહિનામાં ૫૦ અને છેલ્લા ૩ મહિનામાં ૨૫ અંગદાન



## ગાંધીનગરના બ્રેઇનડેડ તેજલબાના અંગદાનમાં બે કિડની, ફેફસા, લીવર અને સ્વાદુપિંડનું દાન મળ્યું

ગુજરાત | વંદન

અમદાવાદ સિવિલ હોસ્પિટલના અંગદાનના સેવાયજ્ઞમાં ૫૦ અંગદાતાઓના સત્કાર્યની સોડમ ઉમેરાઇ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞમાં ૧૫ મહિનામાં ૫૦ અંગદાન પૂર્ણ થયા છે. મહત્વની બાબત એ છે કે, વર્ષ ૨૦૨૨ના પ્રારંભમાં એટલે કે ફક્ત ત્રણ મહિનામાં ૨૫ અંગદાનમાં સફળતા મળી છે.

સિવિલ મેડિસીટીની જ કિડની ઇન્સ્ટીટ્યુટમાં આજે ૫૦૦મું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતુ.આ સંખ્યાની દ્રષ્ટિએ કિડની ઈન્સ્ટીટ્યુટ સમગ્ર દેશમાં સૌથી વધુ ટ્રાન્સપ્લાન્ટ કરનારી બીજા નંબરની સરકારી સંસ્થા બની છે.

આજે ૧૫ મહિનાના અંતે કાઉન્સેલીંગ અને અંગદાનની જનજાગૃતિના પરિણામે જ સિવિલ હોસ્પિટલના સેવા યજ્ઞમાં ૫૦ અંગદાતાઓની યશકલગી ઉમેરાઇ છે. સિવિલ હોસ્પિટલમાં અંગદાન માટે કાર્યરત SOTTOની ટીમના તમામ સભ્યોના સહિયારા પ્રયાસ અને સેવાભાવી સંસ્થાના સહયોગથી આજે જનજનમાં અંગદાનની જાગૃતિ પ્રવર્તી છે. સિવિલ હોસ્પિટલના આઇ.સી.યુ.માં દાખલ દર્દી જ્યારે બ્રેઇનડેડ થાય ત્યારથી લઇ અંગોના રીટ્રાઇલની પ્રક્રિયા પડકાર ભરેલી હોય છે.

સિવિલ હોસ્પિટલમાં થયેલ ૫૦ માં અંગદાનની વિગતો જોઇએ તો, ગાંધીનગરના ૨૭ વર્ષના તેજલબા ઝાલાને ત્રીજી એપ્રિલના રોજ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેઓ બ્રેઇનડેડ થતા સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા 5 મી એપ્રિલના રોજ તેમનું એપ્નીયા ટેસ્ટ કરાવવામાં આવ્યું.એપ્નિયા ટેસ્ટમાં અંગદાન માટે સંતોષકારક પરિણામ આવતા તેઓને રીટ્રાઇવલ સેન્ટરમાં અંગદાન માટે લઇ જવામાં આવ્યા. બ્રેઇનડેડ તેજલબાના અંગોના રીટ્રાઇવલમાં બે કિડની, બે ફેફસા, એક લીવર અને એક સ્વાદુપિંડ મેળવવામાં સફળતા મળી છે. જેને જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, સિવિલ હોસ્પિટલમાં 50 અંગદાનની સિધ્ધી અંગદાતાઓ અને તેમના પરિવારજનો તેમજ અમારી ટીમના સભ્યોને સમર્પિત છે. 50 અંગદાનમાં બ્રેઇનડેડ વ્યક્તિઓના પરિવારજનોની મહત્વની ભૂમિકા રહી છે. પરિવારજનોએ અંગદાન માટે સંમતિ આપી ત્યારે જ આગળની પ્રક્રિયા શક્ય બની છે.

ડૉ. જોષીએ અંગોના પ્રત્યારોપણ માટે વેઈટીંગ લીસ્ટ ઘટાડવા અને જીવીત વ્યક્તિને અંગોની જરૂરિયાત ધરાવતા દર્દીને અંગ આપવું પડે નહીં તે માટે બ્રેઇનડેડ દર્દીનું અંગદાન જ એકમાત્ર વિકલ્પ હોવાનું ભારપૂર્વક કહ્યું હતુ.

# મહિલા પોલીસે અજાણી લિંક ઓપન કરીને રૂપિયા 1.25 લાખ ગુમાવ્યાં

ગુજરાત | વંદન

મહિલા પોલીસ કોન્સ્ટેબલે મોબાઈલ ફોનમાં આવેલા અજાણ્યા મેસેજની લિંક ઓપન કરતા રૂ.1.25 લાખ ગુમાવ્યા હતા. એલિસબ્રિજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ હેડક્વાર્ટરમાં એલઆરડી તરીકે ફરજ બજાવતા મનીશા કિશન જાદવના ફોન પર ગત 30-3-2022ના રોજ ટેક્ષ મેસેજ આવ્યો હતો. જેમાં 'Sbi yono account will be close' લખેલી લિંક આવી હતી. આ લિંક ઓપન કરી મનિશા જાદવે એપમાં પોતાનો યુઝર આઈડી અને પાસવર્ડ નાંખ્યો હતો. તે પછી મોબાઈલમાં ઓટીપી આવ્યો જે ઓટો જનરેટ થયો હતો. જેના પગલે મનિશા જાદવના એસબીઆઈ બેન્ક ખાતામાંથી જુદા જુદા ટ્રાન્ઝેક્શનમાં રૂ 1,32,990ની રકમ ઉપડી ગઈ હતી. આ અંગે કંટ્રોલરૂમને જાણ કરી તેઓ શાહીબાગ ફરિયાદ નોંધાવવા ગયા ત્યાંથી રૂ.8 હજારની રકમ સાયબર સેલએ સ્ટોપ કરાવીને એલિસબ્રિજ જવા સૂચના આપી હતી.

# સૈજપુર બોઘામાં ખાનગી હોસ્પિ.માં મહિલાનું મોત : બેદરકારીનો આક્ષેપ

- રાત્રે બ્લડ ચઢાવવા કહ્યું હતું, વહેલી સવારે મૃત્યું થયું: પરિવારજનો

ગુજરાત | વંદન




અમદાવાદ શહેરના સૈજપુર બોઘા વિસ્તારમાં નરોડા રોડ પર આવેલી ચૌધરી હોસ્પિટલની બેદરકારીથી મહિલાનું મોત થયું હોવાનો પરિવારજનોએ આક્ષેપ લગાવી હોબાળો મચાવ્યો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે ડોક્ટરોએ રાત્રે બ્લડ ચઢાવવું પડશે એવું કહ્યું હતું અને વહેલી સવારે તેમનું મોત થયું હતું. હોસ્પિટલમાં ડોક્ટર પાસે રિપોર્ટ માંગતા તેમના દ્વારા અમને કોઈ રિપોર્ટ આપવામાં આવ્યા નથી. પોલીસને રિપોર્ટ આપશે એવો જવાબ આપ્યો હતો. હોસ્પિટલમાં હોબાળો થતાં પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી.

શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ભાર્ગવ રોડ પર આવેલી સંત કોલોનીમાં રહેતા શ્યામવીર દિવાકરે આક્ષેપો કરતા જણાવ્યું હતું કે મારા ભાભી મંજુદેવી (આશરે ઉ.વ.45) ની તબિયત ખરાબ થતાં સારવાર માટે નરોડા રોડ પર આવેલી ચૌધરી હોસ્પિટલમાં લઈ ગયા હતા. રાત્રે હોસ્પિટલમાં તેઓને ડોક્ટરે બ્લડ ચઢાવવાનું કહ્યું હતું અને અન્ય ડોક્ટરે ઈન્જેક્શન લગાવવા માટે કહ્યું હતું. અમે લોહીનો રિપોર્ટ માંગ્યો તો અમને રિપોર્ટ આપ્યો નહીં અને જેમતેમ કરીને કોઈ સારવાર કરી હતી અને વહેલી સવારે તેમનું મૃત્યુ થયું હતું. તો બીજી તરફ ડોક્ટરો હાર્ટએટેકથી મૃત્યુ થયું હોવાનું રટણ કરતાં હતા. જો કે રિપોર્ટ માંગતા ડોક્ટરોએ મનાઇ કરી હતી. અને પોલીસને રિપોર્ટ સોંપશે તેવી વાત કહી હતી. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

# સેટેલાઈટના મેકઅપ સ્ટુડિયોમાં ઘુસી માલિક પર છરીથી હુમલો

ગુજરાત | વંદન


સેટેલાઈટમાં આવેલા એક હેર એન્ડ મેકઅપ સ્ટુડિયોમાં ગાળો બોલતા ઘુસી આવેલા 4 મિત્રોને માલિકે ગાળો બોલવાની ના પાડી હતી. જેથી ગુસ્સે થયેલા ચારેય જણાંએ માલિક સાથે ઝઘડો કરી છરી મારી દીધી હતી. આ અંગે હેર એન્ડ મેકઅપ સ્ટડિયોના માલિકે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સેટેલાઈટ જોધપુર હેતવી ટાવરની બાજુમાં આવેલા કૌટિલ્ય ફ્લેટમાં રહેતા મૌલિકભાઈ દિનેશભાઈ પારેખ(34) જોધપુર અર્બન હેલ્થ સેન્ટર પાસેના આદિત્ય પ્લાઝા કોમ્પ્લેક્ષમાં કેબેલો ધ હેર એન્ડ મેકઅપ સ્ટુડિયો નામની મેકઅપ સ્ટુડિયો ધરાવીને હેર એન્ડ મેકઅપનું કામ કરે છે. આ દુકાન મૌલિકભાઈ અને તેમના પત્ની પિંકલબહેન સંભાળે છે. મંગળવારે રજા હોવાથી માણસો દુકાને આવ્યા ન હતા. જ્યારે મૌલિકભાઈ સવારે 10.30 વાગ્યે દુકાને ગયા હતા. તે વખતે હર્ષ ટેણાભાઈ પટેલ, પૃથ્વીસિંહ ગોહિલ, રવિ દેસાઈ અને શુભમ મિસ્ત્રી મૌલિકભાઈની દુકાનમાં મોટેથી વાતો કરતા અને ગાળો બોલતા આવ્યા હતા અને સીધા જ મૌલિકભાઈની કેબિનમાં આવી ગયા હતા.

> હાલ તમામ આરોપીઓ ફરાર છે. જેમણે ઝડપી પાડવા અમારી અલગ અલગ ટીમે શોધખોળ હાથ ધરી છે.
>
> - ડીબી મહેતા
> સેટેલાઈટના પીઆઈ

# ચાંદલોડિયામાં બિભત્સ લખાણ સાથે મહિલાના ફોટા વાયરલ થતાં ફરિયાદ

## 6 ફેસબુક આઇડી પરથી ફોટા વાઇરલ, સાઇબર ક્રાઇમે હાથ ધરી તપાસ




ગુજરાત | વંદન

ચાંદલોડિયામાં રહેતા અને એક પ્રાઈવેટ કંપનીની ડાયરેક્ટની પત્નીના ફોટા પર બિભત્સ લખાણ સાથેના ફોટા અને લખાણ વાઈરલ થયું હતુ. આ લખાણ અજાણ્યા છ આઈડી પરથી મુકવામાં આવતું હતુ. આ અંગે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

ચાંદલોડિયા વિસ્તારમાં 33 વર્ષીય યુવક તેની પત્ની સાથે રહે છે. યુવક એક પ્રાઈવેટ કંપનીમાં ડાયરેક્ટર છે. આ કંપની પ્રોડક્શન અને સેલિંગનું કામ કરે છે. યુવક અને તેમની દિકરી ફેસબુકનો ઉપયોગ કરે છે. ગત 17 નવેમ્બર 2021ના રોજ ફેસબુક પર જીયા નામની એક આઈડી પર યુવકની પત્ની વિષે બિભત્સ લખાણ લખ્યું હતુ. તેના પછી અલગ અલગ પાંચ ફેસબુક આઈડી પરથી આવા બિભત્સ મેસેજ આવવા લાગ્યા હતા.

આ અંગે સાબઈર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. બાદમાં આ આઈડીઓ પોતાની ઓળખ છુપાવી અલગ અલગ લખાણ પત્નીના ફોટા સાથે બનાવ્યું હતુ. આ બિભત્સ લખાણ સાથેના ફોટા યુવકના અને સબંધીઓના ફેસબુક આઈડી પર પોસ્ટ કરવા લાગ્યો હતો. આમ આ છ આઈડી વારંવાર પરેશાન કરતી હતી. આ અંગે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઈ હતી. પોલીસે ફેસબુક પાસેથી તેમની વિગતો મંગાવી વધુ તપાસ હાથ ધરી છે.

# નિકોલમાં 'મારી બહેન સાથે ફરે છે' કહીને આધેડને મારી છરી

ગુજરાત | વંદન

નિકોલમાં રહેતી યુવતીએ તેના મિત્રને ફોન કરીને ઉછીના પૈસા માગ્યા હતા. પૈસા આપવા આવેલા આધેડને યુવતીના ભાઈઓ પ્રેમી સમજી બેઠા હતા અને મારી બહેન સાથે ફરે છે કહીને ઢોર માર માર્યો હતો. યુવતીના ભાઈ અને તેના સાગરીતોમાંથી એક શખસે છરી મારી દીધી હતી. આ અંગે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઇ હતી. એટલું જ નહીં, આધેડને મહિલાના ભાઈઓએ ધમકી આપી હતી કે, આજે તો તું બચી ગયો છે પરંતુ ફરીથી રસ્તામાં ક્યાંય મળ્યો તો જીવતો નહીં જવા દઉં. લોહીલુહાણ હાલતમાં આધેડને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ અંગે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસે હુમલાખોરો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




# અમદાવાદમાં હાઉસિંગ કમિટી ગરીબો માટે 1.85 લાખ મકાનો બનાવશે

## AMCના 107 પ્રોજેક્ટ્સમાંથી સૌથી વધારે શહેરના ઉત્તર-પશ્ચિમ ઝોનમાં મંજૂર કરાયા

ગુજરાત | વંદન




વડાપ્રધાન મોદીના સપના પ્રમાણે મધ્યમવર્ગને રહેવા માટે છત મળે તે માટે અફોર્ડેબલ હાઉસિંગ સ્કિમનો ધમધમાટ શરુ થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં શહેરની ચારે તરફ ફટફટ બાંધકામ થઈ રહ્યું છે. મહત્વનું છે કે માર્ચમાં 107 પ્રોજેક્ટ્સને મંજૂરી મળતા વિક્રમ સર્જાયો છે. આમાંથી સૌથી વધુ પ્રોજેક્ટ ઉત્તર પશ્ચિમ ઝોનમાં મંજૂરી થયા છે જ્યારે સૌથી ઓછા પશ્ચિમ ઝોનમાં મંજૂર કરવામાં આવ્યા છે.

રિપોર્ટ્સ પ્રમાણે આ અંગે હાઉસિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ એસ્ટેટ ટીડીઓ વિભાગની કામગીરી અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, "રેસિડેન્શિયલ એબોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ અંતર્ગત કુલ 920 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં 1,85,287 યુનિટના બાંધકામની વિકાસની મંજૂરી અપાઈ છે. જેમાંથી કેટલાક પ્રોજેક્ટની શરુઆત કરી દેવામાં આવી છે." આ કામગીરીને જોતા આગામી સમયમાં મોટી સંખ્યામાં લોકોનું ઘરનું ઘરનું સપનું પરિપૂર્ણ થઈ શકે છે. કોરોનાના બે વર્ષમાં ઘણાં કામો પર બ્રેક લાગી ગયા પછી ફરી એકવાર મોટા પ્રોજેક્ટોની કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. દાણીએ વધુમાં જણાવ્યું કે, માર્ચ મહિનામાં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા અફોર્ડેબલ હાઉસિંગના 107 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. જે એક વિક્રમજનક કામગીરી છે. જેમાંથી સૌથી વધુ ઉત્તર પશ્ચિમ ઝોન (34)માં અને દક્ષિણ પશ્ચિમ ઝોન (14) માં મંજૂરી કરવામાં આવ્યા છે. જેમાં ઉત્તર પશ્ચિમ ઝોનમાં 34 પ્રોજેક્ટમાં કુલ 5789 રહેણાક અને 577 કોમર્શિયલ બાંધકામ કરવામાં આવશે. સૌથી ઓછા પશ્ચિમ ઝોનમાં માત્ર 5 પ્રોજેક્ટ છે જેમાં 887 રહેણાક અને 19 કોમર્શિયલ રહેશે. આમ અમદાવાદના 6 ઝોનમાં 107 પ્રોજેક્ટને મંજૂરી મળી છે જેમાં 18,163 રહેણાક અને 1,475 કોમર્શિયલ બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવશે. મધ્યમવર્ગને પોસાય તેવા માર્ચના અફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટના પ્લાન પાસની આવક જ 36 કરોડ રૂપિયા થઈ છે.

## તસવીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



સ્માર્ટ સિટી અમદાવાદમાં માર્ગ પર રખડતા ઢોરને પગલે રાહદારીઓ અને વાહનચાલકોમાં અવાર-નવાર અકસ્માતો સર્જાય છે. ત્યારે શહેરના મણિનગર વિસ્તારમાં આવેલા કાંકરિયા રોડ પર વાહનો નહીં પણ ગાયો ફરી રહી છે. બીજી બીજુ સરકારે રખડતા ઢોર નિયંત્રણનો ખરડો વિધાનસભામાં પસાર કર્યો છે.



એક બાજુ તંત્ર અમદાવાદને સ્માર્ટ સિટીના ગાણા ગાય છે જ્યારે બીજી બાજુ કામગારી કરવામાં ઢીલાશ દાખવી રહ્યું છે. વસ્ત્રાલ રોડની કામગીરી ગોકળગાયની જેમ ચાલી રહી છે. સ્થાનિક રહીશોને ઊડતી ધૂળને કારણે પરેશાની ભોગવવી પડી રહી છે. પરિણામે આ રસ્તો ઝડપથી ડામરવાળો બને એવી લાગણી જોવા મળી રહી છે.



શહેરના મોટાભાગના માર્ગોની આજુ-બાજુમાં ખાણી-પીણીની લારીઓ ઉભી રહે છે. જેને તંત્ર દ્વારા હટાવવામાં આવે છે. વાહન ચાલકોને જેના પગલે ટ્રાફિક સિગ્નલ પણ દેખાતું નથી. ત્યારે અમદાવાદના ભુલાભાઈ પાર્ક બહુચર માતાના મંદિર પાસે વૃક્ષ અને નાસ્તાની લારી ટ્રાફિક સિગ્નલ માટે અવરોધરૂપ છે.

# પાલડીમાં આધેડને માર મારી બે શખ્સે ધમકી આપી

ગુજરાત | વંદન

બાળકો સાથે અલગ રહેતી પત્નીને અવારનવાર મળવા જતા આધેડને બે શખ્સે મારમારી ઈજાઓ કર્યાની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પાલડીમાં પત્નીથી અલગ રહેતો આધેડ પત્ની સાથે રહેતા સંતાનોને મળવા અવારનવાર જતો હતો. ગત રોજ બાળકોને મળવા માટે આવેલા પતિને પત્નીએ અહીંયા નહીં આવવાનું તેમ કહ્યું હતું. ત્યારબાદ પત્નીના પાડોશી મયંક ઉર્ફે ડીડી સહિત બે જણા આવ્યા હતા. આ બન્નેએ આધેડને ગડદાપાટુનો મારમારી અપશબ્દો બોલી કહ્યું કે,તારી પત્ની ના પાડે છે,તો પણ તેને મળવા માટે આવે છે. આધેડનું માથું દીવાલ સાથે અથડાવી ગંભીર ઈજા કરી આરોપીઓ એ ધમકી આપી હતી કે, જો હવે તારી પત્નીને મળવા આવ્યો તો તારી ખેર નથી. પાલડી પોલીસે આધેડની ફરિયાદ આધારે મયંક ઉર્ફે ડીડી અને અન્ય એક શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## 11.85 કરોડનુ ટેન્ડર ક્યુએક્ષ્પોલર પ્રા.લી કંપનીને અપાવ્યુ, પણ

# કમિશનના 1.41 કરોડ માંગ્યા તો માલિકે ધમકી આપી, ચાંદખેડામાં ફરિયાદ

ગુજરાત | વંદન




સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા ટેન્ડરોના કમિશન લગતુ કામ કરતા યુવકે 11.85 કરોડનું ઓક્સિજન મેન્યુફેકચરીગનુ કામ ક્યુએક્ષ્પોલર પ્રા. લી નામની કંપનીને અપાવ્યુ હતું. જેથી કમિશન પેટે રૂ.1.41 કરોડ કંપની પાસે લેવાના નિકળતા હતા. પ્રા. લી. કંપનીના માલિકે કમિશન ન આપવું પડે તે માટે યુવકને ધમકી આપી પૈસા નહીં મળે તારે જે કરવુ હોય તે કરી લે. આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં કંપની માલિક વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી.

ચાંદખેડાના ટીવોલી ગોદરેજ ગાર્ડન સિટીમાં અજય મિશ્રા રહે છે અને સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા ટેન્ડરોના કમિશનને લગતો વ્યવસાય કરે છે. ગત વર્ષ 2021માં કલોલ છત્રાલ ખાતે આવેલ ઓક્સિજન મેન્યુફેકચરીગનુ કામ કરતી ક્યુ એક્ષ્પોલર પ્રા.લી. નામની કંપનીના માલિક વિનયને સરકાર તરફથી ઓક્સિજન પ્લાન્ટ બનાવવાનો ઓનલાઈન ટેન્ડર બહાર બપાડેલુ હતું તે ટેન્ડર અજયભાઈએ ક્યુ એક્ષ્પોલર પ્રા.લી.ને 11.85 કરોડમાં અપાયુ હતુ અને એગ્રિમેન્ટ કરાર માં તેમને જીએસટી બાદ કર્યા પછી 12 ટકા કમિશન આપવાની વાત કરી હતી. બાદમાં કામ પણ ચાલુ થઈ ગયુ હોવાથી અજય મિશ્રાએ વિનય ચૌહાણ પાસે તેમના લેવાના નિકળતા 1.41 કરોડ માગ્યા હતા. આ વિનય ચૌહાણે માત્ર બે લાખ રોકડા આપ્યા હતા અને બાકીનો ચેક આપ્યો હતો. જેથી અજય મિશ્રાએ ચેક બેંકમાં ભર્યો ત્યારે ચેક બાઉન્સ થયો હતો. જેથી તેમણે વિનય પાસે પૈસાની માંગણી કરી ત્યારે આ વિનય ઉશ્કેરાયો હતો અને પૈસા નહી મળે તારાથી થાય તે કરી લે. તેમ ધમકી આપી ગાળો બોલવા લાગ્યો હતો. હવે ફરિ પૈસાની માંગણી કરીશ તો તને છોડીશ નહિ તેવી ધમકી પણ આપી હતી. આ વિનય અજયભાઈની પત્નીને વોટ્સએપ પર મેસેજ કરીને ધમકી આપતો હતો. આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં વિનય ચૌહાણ વિરુદ્ધમાં ફરિયાદ નોંધાઈ હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

## યુધ્ધમાં નિર્દોષ નાગરિકોનો નરસંહાર માફીને પાત્ર નથી, નથી અને નથી જ..!



આજની નવી પેઢીએ કે સહેજ જુની પેઢીએ વિશ્વ યુધ્ધો જોયા નથી. ભારતે તો છેલ્લે 1971માં અને કારગીલ વખતે યુધ્ધનો માહૌલ જોયો. તે સિવાય ભારતની વિદેશનીતિને કારણે ભારતને કોઈની સાથે ઘર્ષણમાં ઉતરવુ પડતુ નથી. છેલ્લાં 40 કરતાં વધારે દિવસથી યુક્રેન અને રશિયા વચ્ચે ભયાનક યુધ્ધ ચાલી રહ્યું છે. રશિયા યુક્રેન કરતાં શક્તિશાળી છતાં અમેરિકાના ટેકાથી તે રશિયાની સામે ટક્કર લઈ રહ્યું છે. રશિયા યુક્રેનમાં ઘૂસેલુ છે અને બોચા નામના શહેરમાં રશિયાએ જે નરસંહાર ગુજાર્યો તેની ભયાનક તસ્વીરો જોઈને દુનિયા ચોંકી ગઈ છે. 400 કરતાં વધારે નાગરિકોના માથામાં ગોળીઓ મારવામાં આવી છે તેમના મોઢામાં બંદૂકના નાળચા ઠુંસીને રિબાવી રિબાવીને મારવામાં આવ્યાં છે, જે યુધ્ધના પ્રસ્થાપિત માનવીય અધિકારોના નિયમોથી વિરૂધ્ધ છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ રશિયાના તાનાશાહ પુટિનને યુધ્ધનો ગુનેગાર જાહેર કરીને તેની સામે કેસ ચલાવવા માંગ કરી છે. રશિયાના સૈનિકોએ એ શહેરમાંથી જતાં જતાં નિર્દોષ નાગરિકો પર જે અમાનુષી અત્યાચારો ગુજાર્યા અને નરસંહાર કર્યો તે માફ કરી શકાય તેમ નથી. ભારત રશિયાને સાથ આપી રહ્યું છે એવી એક વૈશ્વિક છાપ પડી રહી છે. જો કે ભારતે કોઈની તરફેણ કરી નથી અને રશિયાની ટીકા પણ કરી નથી. ઉલટાનું ભારત તો આ યુધ્ધનો અંત આવે એમ ઈચ્છી રહ્યું છે અને તેના પ્રયાસો ચાલી રહ્યાં છે તેવા સમયે નિર્દોષ નાગરિકોની હત્યઓની ઘટનાને ભારતે સખ્ત શબ્દોમાં વખોડવુ જ રહ્યું.


યુધ્ધના પ્રસ્થાપિત નિયમો અનુસાર કોઈપણ દેશના સૈનિકો દુશ્મન દેશના નાગરિકોની વગર કારણે હત્યા કરી શકતા નથી. અને કરવી પણ ન જોઈએ. પરંતુ બોચા નામના શહેરમાં રશિયાએ જે હત્યાકાંડ સર્જ્યો છે તે કોઈકાળે રશિયાને માફ કરી શકાય તેમ નથી. રશિયન સૈનિકોનું આ કૃત્ય પુટિનને ભલે ગમ્યુ હોય પણ તે યોગ્ય નથી. આજની 21મી સદીમાં જ્યારે વિશ્વમાં બનતી કોઈ ઘટના છુપી રહેતી નથી અને ફેસબુકમાં લાઈવ કરે છે. પરંતુ બે વિશ્વ યુધ્ધ વખતે કોઈ મોબાઈલ ફોન નહોતા, કોઈ ઈન્ટરનેટ નહોતા અને તે યુધ્ધમાં આવા નરસંહારની ઘટનાઓ કેટલીય બની હશે પણ તેની જાણ આજની જેમ સત્વરે થઈ નહીં હોય. તે વખતે મોડે મોડે જાણ થઈ હશે કે થતી હતી અને ત્યાં સુધીમાં તેની ભયાનકતા ભૂલાઈ જતી હશે. પરંતુ 21મી સદીમાં બનેલી યુક્રેનની આ નરસંહારની ઘટના કમ સે કમ એ મૃતક નાગરિકોના પરિવારજનો તો નહીં જ ભૂલે. યુક્રેનના સંવેદનશીલ રાષ્ટ્રપતિ તો કદાજ નહીં જ ભૂલે.

### આ ફિલ્મમાં બિમલ રોયે કિસાનોનું શોષણ, જમીનદારોની મનમાની-મોટા શહેરોનું વરવુ કલ્ચર હુબહુ દર્શાવ્યું છે

# દો બીઘા જમીન-ગરીબ મહંતો આજે પણ એ જ સ્થિતિમાં છે..!

બોલીવુડમાં નિર્માતા- દિગ્દર્શકોમાં બિમલ રોયનું નામ સત્યજીત રે, શ્યામ બેનેગલ, મૃણાલ સેન, રાજકપૂરની જેમ સન્માનપૂર્વક લેવાય છે. 1953માં તેમણે બનાવેલી ફિલ્મ દો બીઘા જમીન આટલા વર્ષો બાદ આજે પણ ભારતના કિસાનોનીદયનીય હાલતને બ્યાન કરે છે. વરસાદ માટે આકાશ તરફ ટીકી ટકીને ચાતક નજરે જોયા કરવુ, વરસાદ આવે તો આનંદ ઉલ્લાસ અને વરસાદ ન આવે તો જાણે બધુ ખલ્લાસ...એવી લાગણી જગતનો તાત આજે 21મી સદીમાં પણ અનુભવે છે તો 20મી સદીમાં આઝાદીના 6 વર્ષ બાદ બનેલી આ ફિલ્મનો ગામડાનો કિસાન શંભુ (બલરાજ સહાની) અને તેનો પરિવાર ન અનુભવે તો જ નવાઈ લાગે. જો કે તેમાં વરસાદ કરતાં જમીનદારીપ્રથાનો શિકાર બનનાર ગરીબ કિસાનની કથા અને વ્યાથા છે.


એ સમયમા સમાજવાદની બોલબાલા હતી. તો ગામડાઓમાં જમીનદારી પ્રથા, સામંતશાહી રાજ, જમીનદાર કહે એ જ સાચુ અને આખા ઈલાકામાં તેની આણ વર્તાતી હોય એવો એ વખતની પરિસ્થિતિ બિમલ રોયે દો બીઘા જમીનમાં દર્શાવીને એક ઉત્તમ કક્ષાની કલાસિક ફિલ્મ ભારતના અને વિદેશના દર્શકો સમક્ષ રજૂ કરી હતી. કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં આ ફિલ્મ સૌ પ્રથમવાર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર ફિલ્મ હતી. ભારતમાં પણ તે પુરસ્કૃત થઈ હતી. આ ફિલ્મમાં તેની કથા પટકથા અને બલરાજ સહાની, નિરૂપા રોય (ફિલ્મ દિવારમાં અમિતાભ-શશીકપૂરની માની ભૂમિકા નિભાવનાર) તથા નાના પલસીકર અને પહાડી અવાજ ધરાવનાર મુરાદ( રઝામુરાદના પિતા) જેવા કસાયેલા કલાકારોએ અભિનયમાં જાન રેડી નાંખ્યો હતો.



દો બીઘા જમીન ( ‘બે વીઘા જમીન’) રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી કવિતા “ દુઈ બીઘા જોમી “ પર આધારિત છે., આ ફિલ્મમાં ભારતના પ્રારંભિક સમાંતર સિનેમામાં એક મહત્વપૂર્ણ ફિલ્મ માનવામાં આવે છે, અને એક ટ્રેન્ડ સેટર છે.

બિમલ રોયે ઈટાલિયન નિયો-રિયાલિસ્ટિક સિનેમાથી પ્રેરિત અને 1948માં વિક્ટોરિયો ડી સિકાની ફિલ્મ સાઈકલ થીઝ( સાયકલ ચોર) જોયા પછી દો બીઘા જમીન બનાવી હતી. બિમલ રોયની મોટાભાગની ફિલ્મોની જેમ, આ ફિલ્મમાં પણ આર્ટ અને કોમર્શિયલ સિનેમા એમ બન્નેમું મિશ્રણ છે જે હજુ પણ બેન્ચમાર્ક તરીકે જોવામાં આવે છે. તેમણે ભારતીય નિયો-રિયાલિસ્ટ મૂવમેન્ટ-નવી વાસ્તવવાદી ચળવળ- અને 1950ના દાયકામાં શરૂ થયેલી ભારતીય નવી તરંગમાં ભાવિ સિનેમા નિર્માતાઓ માટે માર્ગ મોકળો કર્યો હતો.

આ ફિલ્મ નીચા નગર પછી, ફિલ્મફેર શ્રેષ્ઠ મૂવી એવોર્ડ જીતનારી પ્રથમ ફિલ્મ અને કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર જીતનારી પ્રથમ ભારતીય ફિલ્મ બની હતી જેણે પામ ડી’ઓર (ગ્રાન્ડ પ્રાઈઝ) જીત્યો.. તે કાર્લોવી વેરી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સામાજિક પ્રગતિ પુરસ્કાર પણ મેળવ્યો હતો. 2005માં, ઈન્ડિયાટાઈમ્સ મૂવીઝે આ ફિલ્મને બોલિવૂડની ટોચની 25 “મસ્ટ સી ફિલ્મ્સ”માં સ્થાન આપ્યું હતું. ફિલ્મ ચીન અને યુએસએસઆર( આજનું રશિયા)માં પણ રિલીઝ થઈ હતી.



આ ફિલ્મ ટ્રેજડી ક્વીન મીના કુમારીની તેની 33 વર્ષની લાંબી કારકિર્દીમાં પ્રથમ વાર મહેમાન કલાકારની ભૂમિકા પણ દર્શાવે છે. આ જા રી આ નિંદિયા...લોરી ગીત તેના પર ચિત્રિત છે.

આમિરખાનની ફિલ્મ લગાનનું ગીત કાલે મેઘા કાલે મેઘા પાની તો બરસાઓ.. ના તમામ દ્રશ્યો દો બીઘા જમીનના ગીત હરિયાલા સાવન ઢોલ બજાતા આયા.. પર આધારિત છે તો મનોજકુમારની સફળ ફિલ્મ ઉપકારના ગીત મેરે દેશ કી ધરતી... ના કેટલાક દ્રશ્યો પણ આ ફિલ્મમાંથી પ્રેરિત છે.

ફિલ્મની વાર્તા, એક ખેડૂત, શંભુ મહેતોની આસપાસ ફરે છે, જે તેની પત્ની પાર્વતી(નિરૂપા રોય), પુત્ર કન્હૈયા (રતનકુમાર) અને પિતા ગંગુ (નાના પલસીકર)સાથે દુષ્કાળથી પીડિત નાના ગામમાં રહે છે. વર્ષોના દુષ્કાળ પછી, આ પ્રદેશમાં આખરે વરસાદ પડે છે, જે ખેડૂતોમાં આનંદ અને ઉલ્લાસ ભરી દે છે. શંભુ પાસે બે વીઘા જમીન છે (એક વિઘા એક એકર જમીનના બે તૃતીયાંશ ભાગની સમકક્ષ કહી શકાય ), જે સમગ્ર પરિવાર માટે આજીવિકાનું એકમાત્ર સાધન છે. સ્થાનિક જમીનદાર ઠાકુર હરનામ સિંહ (મુરાદ) તેમની જમીનના મોટા ટુકડા પર એક મિલ બાંધવા માટે કેટલાક ઉદ્યોગપતિઓ સાથે ભાગીદારી કરે છે, જે બદલામાં, તેમના મતે, તેમને નફો અને ગામમાં સમૃદ્ધિ લાવશે. સમસ્યા માત્ર એ છે કે હરનામ સિંહની જમીનની વચ્ચે શંભુની બે વીઘા જમીન આવેલી છે.

જમીનદારને ખૂબ અભિમાન છે કે તે તેના દેવાદાર અને ગરીબ કિસાન શંભુની જમીન ખરીદી લેશે. શંભુએ, અન્ય કિસાનોની જેમ ઘણી વખત જમીનદાર પાસેથી પૈસા ઉછીના લીધા છે અને તેનું દેવું ચૂકવ્યું નથી. હરનામસિંહ શંભુને બોલાવે છે અને શંભુને તેના દેવાના બદલામાં તેની જમીન વેચવાનો પ્રસ્તાવ મૂકે છે. શંભુ પોતાની આજીવિકાનું એકમાત્ર સાધન વેચવા માટે સંમત નથી. ઈનકારથી ગુસ્સે થઈને, હરનામ સિંહ તેને બીજા દિવસે તેનું દેવું ચૂકવવા અથવા તેની જમીનની હરાજીનું જોખમ લેવાનો આદેશ આપે છે...

શંભુ તેના પિતા સાથે આ મુદ્દા પર ચર્ચા કરવા ઘરે પાછો ફર્યો; પિતા અને પુત્રના આંકડા મુજબ દેવું રૂ. 65 (આજના સમયમાં નવી પેઢીના 65 રૂપિયાનો માવો કે કોફી પી જાય છે) શંભુ દરેક રીતે તેની જમીન બચાવવા માંગે છે અને તેની પત્નીની સોનાની બુટ્ટી સહિત તેની ઘરની તમામ વસ્તુઓ વેચે છે. જ્યારે શંભુ તેનું 65 રૂપિયાનું દેવું ચૂકવવા હરનામ સિંહના મુનીમને મળે છે. ત્યારે તે વ્યાજ સહિતની રકમમાં જમીનદારના કહેવાથી ગોટાળા કરીને હિસાબ કરીને કહે છે કે શંભુએ માત્ર 65 રૂપિયા નહીં પણ કુલ તેની પાસે ખરેખર રૂ. 235/ લેવાના નિકળે છે.

જમીનદાર શંભુના પિતા ગંગુ દ્વારા આપવામાં આવેલી મજૂરીને દેવાની ચૂકવણીના ભાગ તરીકે ધ્યાનમાં લેવાનો ઈનકાર કરે છે. આ કેસ કોર્ટમાં જાય છે અને શંભુ, અભણ હોવાને કારણે, જજને સમજાવવામાં નિષ્ફળ જાય છે કે મુનીમે કેવી રીતે હિસાબમાં ગોટાળા કર્યા અને કેવી રીતે તેણે કોઈ રસીદની માંગ કરી નહીં. શંભુ કેસ હારી જાય છે અને ન્યાયાધીશે શંભુને 3 મહિનામાં હરનામ સિંહને 235 ચુકવી આપવા આદેશ આપે છે.

શંભુ હવે પૈસા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. તેની પાસે કોઈ જામીગીરી ન હોવાથી તે લોન મેળવી શકતો નથી. તેનો એક મિત્ર તેને કલક્ત્તા (હવે કોલકાતા ) જવાનો વિચાર આપે છે અને તેનું દેવું ચૂકવવા માટે પૂરતા પૈસા કમાવવા માટે નોકરી મેળવવાનો પ્રયાસ કરે છે. શંભુને આ વિચાર ગમે છે પરંતુ તેની પત્નીના પ્રતિકારનો સામનો કરવો પડે છે કારણ કે તે ગર્ભવતી છે અને તેનાથી દૂર રહેવા

(અનુસંધાન પેજ નં. 6 પર)

# બધાના નસીબમાં મેડમ મેલિબ્રાન નથી હોતાં..!

**ઉર્જા ઉજાસની**

નટવર ગોહેલ



એક સન્નારીની મહત્વકાંક્ષા વિશે જાણવું ગમશે. જામનગરના કોઈ વિસ્તારમાંથી તેઓ તેમના પતિ સાથે અમદાવાદમાં સ્થાયી થવા માટે આવ્યાં. કહો કે તેમના મિસ્ટર તેમને આ નગરમાં લઈ આવ્યા, પત્નીના રસ રુચિને પોષવા માટે એમણે અમદાવાદની ગાડી પકડી. પતિએ પત્નીના કલા સાહિત્યના રસને પોષવા અમદાવાદ જેવા મહાનગર પર પસંદગીનો કળશ ઢોળ્યો. આ સમર્પણ ભાવ માટે પતિદેવ ખરેખર અભિનંદનને પાત્ર છે.

માણસ સમજણના સીમાડે પહોંચ્યા પછી મનની આશાઓ, જિજીવિષાઓ અને એષણાઓને પોષવા માટે દોડતો રહે છે, આ દોડ સાચી દિશામાં છે કે નહીં? અપેક્ષાઓ મઢી મહત્વકાંક્ષા યોગ્ય જગ્યાએ છે કે નહીં એ બાબત અભ્યાસનો વિષય ગણાય. લક્ષ્ય નક્કી કરી, ધાર્યા ગોલ સુધી પહોંચવા માટે નિર્ધારિત દિશામાં દોડવું જરૂરી, પણ, આપણી અંદર કેટલું કૌવત અને આવડત છે, તે ચકાસી દોડવું જોઈએ. આંખ મીંચી આંધણીદોટ ના મૂકાય.

કોઈ ક્ષેત્રમાં પહોંચવા માટે ડીગ્રીનું કાગળિયું મેળવી લીધું એટલે વાત પુરી થઈ ગઈ તેમ માનવું નહીં. જે તે ક્ષેત્રમાં પહોંચવા માટે પ્લેટફોર્મ મળવું પણ જરૂરી હોય છે. પ્રમાણપત્રો અને ભણતરના કાગળો ત્યારે જ પુરવાર થાય જ્યારે તમે તમારી અંદર રહેલા કૌશલ્યને પુરવાર કરો છો.

કેટલાંક લોકો તરત જ વળતરની અપેક્ષા રાખે છે, અપેક્ષા રખાય. જરૂર રખાય, પણ, તમારી ક્ષમતાનો અને આવડતનો સામાપક્ષે સ્વીકાર થાય તે પછી. પત્રકારત્વ અને સાહિત્ય બન્ને ભીન્ન બાબતો. પત્રકારત્વમાં સાહિત્યનો ઓજસ ઉમેરાય તો એ પત્રકારત્વ દીપી ઉઠે. પણ, આ ઓજસ ત્યારે જ સાંગોપાંગ બને છે જ્યારે એમાં સાચી માતૃભાષાનો રંગ ઉમેરાયો હોય.

તમે હજુ હમણા જ પત્રકારત્વનું ભણીને રસ્તે પડ્યા છો અને છાપાના તંત્રી પાસે મને કેટલો પગાર આપશો એવી માંગણી કરો છો ત્યારે કોઈ કેસમાં એ માંગણી અણસમજની છાપ ઉપસાવે છે. તમારૂં કામ કેવું છે તે સમજવા,જોવા અને ચકાસવા માટે તંત્રી-સંપાદકને તક તો આપવી જ પડે.

સાહિત્યમાં પણ એવું જ છે, અડધું કાચું અને અડધુ પાકું ગુજરાતી જાણી લીધું એટલે સાહિત્યકાર ના બની જવાય. ભાષાની ખીલવણી યોગ્ય જોડણી અને વ્યાકરણથી પાર પડે છે. તેમાં કચાશ ચાલે નહીં. એ બધામાં પારંગત થયા પછી પણ, આજના સમયમાં માર્ગ સરળ બનતો નથી. તમારૂં લેખન કર્મ સામા પક્ષે ઝિલાવું જોઈએ. તંત્રી અને પ્રકાશક જ નક્કી કરે છે તમારા માલની કિંમત કેટલી થાય.

આપણા ખૂબ જાણીતા પીઢ પત્રકાર અને સાહિત્યકાર વિષ્ણુ પંડ્યાના માર્ગદર્શનમાં ઘણા પત્રકારો અને લેખકો ઘડાયા અને પલોટાયા, પત્રકારત્વ પરના તેમના નોંધપાત્ર પુસ્તકો પણ પ્રકાશિત થયા છે, એક સમારોહમાં એમણે કહ્યું કે, ‘સાહિત્યમાં નાણા એ બાય પ્રોડક છે.’

‘તમે મને કેટલા આપશો’ એવી કિંમત તમે જરૂર આંકી શકો, તંત્રી-પ્રકાશક જ નક્કી કરશે કે માલમાં વજન કેટલું છે. હવે તો પ્રકાશનના ક્ષેત્રમાં લેખકને જોડવામાં આવે છે, રોકાણની શરતો મુકાય છે. કહેવા જેવું ઘણું છે, પણ, એના માટે જાહેરમાં પ્રસંગોપાત કહીશ.

પરંતુ, મારે અહીં મેડમ મેલિબ્રાન અને કિશોર પ્રિયરજની વાત કરવી છે. આ ફ્રેન્ચ કિશોરને ગીત સંગીતમાં ખૂબ રસ. કહે છે કે તે સારું ગાઈ પણ શકતો. પણ તેની આંખોમાં થીજી ગયેલા આંસુ હતા. અને પેટ ચોટી ગયું હતું, કેમકે તેને રોટીનું ભાડું ચૂકવાતું નહતું.

પ્રિયરજને જલસામાં જવું ગમતું, પણ જઈ શકતો નહીં. ખિસ્સામાં કાવડિયા હોય તો જાયને, વળી ઘરમાં માએ ખાટલો પકડયો હતો. તે ખૂબ જ બીમાર હતી. ડોકટરે જે દિવસે દવાઓ લાવવાનું કહ્યું હતું તે દિવસે શહેરમાં મેડમ મેલિબ્રાનનો ગીત સંગીતનો કાર્યક્રમ હતો. પણ તેના કાર્યક્રમની ટિકીટ ઘણી મોંઘી હતી. પ્રિયરજ ગાવા ઈચ્છતો હતો પણ તેને થિયેટરમાં કોણ જવા દે?

કિશોર પ્રિયરજ સીધો મેડમ મેલિબ્રાનના બંગલે પહોંચી ગયો. તેને સિક્યુરીટી ગાર્ડે રોક્યો. કરડાકી ભર્યા અવાજે એણે કહ્યું : ‘છોકરા, તું જાણે છે આ મેડમ મેલિબ્રાનનો બંગલો છે. પરવાનગી વગર કોઈ અંદર જઈ શક્તું નથી. તેમની મંજૂરી વિના ચકલુંયે ફરકી શકતું નથી!’

દરમિયાન મેડમ મેલિબ્રાનનો નોકર ત્યાંથી પસાર થતો હતો, એણે આ રકઝક સાંભળી છોકરા પાસે આવ્યો. છોકરાએ વિનવણી કરી, મને ગીત સંગીતમાં રસ છે. મારે મેડમને મળવું છે. પ્લીઝ, મને તેમની પાસે લઈ જાવ.

નોકર ગયો. મેડમ મેલિબ્રાનને વાત કરી, મેડમ છોકરાની જિદથી આશ્ચર્ય પામ્યાં. એમણે છોકરાને બેઠકરૂમમાં લઈ આવવાની મંજૂરી આપી. એ દિવસે છોકરો રડ્યો. માતાની બીમારી વિશે વાત કરી. દવાના પૈસા નથી, બે દિવસથી ખાધુ નથી એમ પણ કહ્યું.

‘તારી ઈચ્છા શું છે?’

‘મા માટે દવાના પૈસા અને ખોરાક, વળી આજનો તમારો જલસો પણ જોઈશ. શક્ય હશે તો ગીતની રજૂઆત પણ કરીશ.’

મેલિબ્રાને છોકરાને શોની ટિકીટ આપી. એટલું જ નહીં દવા માટે ક્રાઉન આપ્યા. કહ્યું કે ઘરે જા. મા ને દવા આપ, ફળ આપ, તારી માને સાચવવા માણસ પણ મોકલું છું.

પ્રિયરજે મેડમને કહ્યું : ‘હું લખું છું, આ ગીત તમે રજૂ કરજો. હું આજે હોલમાં બેસી આ ગીત સાંભળીશ.’

મેડમ પ્રસન્ન હતાં. છોકરો દવા અને ખોરાક લઈને ઘરે ગયો. પાછળ-પાછળ મેડમનો માણસ આવ્યો. એણે કહ્યું : ‘બેટા, તું હોલ પર પહોંચી જા, હું માનું ધ્યાન રાખું છું’

પ્રિયરજ હોલ પર પહોંચ્યો. મેડમે ઘણા ગીતો રજૂ કર્યા, લોકોએ તેમને આનંદસહ વધાવી લીધા. ઘણી ખુશી પ્રગટ કરી, તે પછી મેડમે પ્રિયરજ દ્વારા લખાયેલ ગીત રજૂ કર્યું. એ ગીત ઘણું કરૂણ હતું. ઘણા બધાની આંખો ભીંજાઈ ગઈ. તાળિયો પડી, છોકરાને વધાવી લેવાયો. ગૌરવભેર છોકરો પોંખાયો.

થોડાક વર્ષો પછી મેડમ મેલિબ્રાન મૃત્યુ પામ્યા, છોકરાએ છેલ્લી પળો સુધી તેમની સેવા કરી. એ છોકરો પછીથી મોટો વૈભવી કલાકાર બન્યો. તે તેની કળા દ્વારા નામ અને કલહાર પણ કમાયો. એનું નામ રોશન થઈ ગયું. પ્રિયરજની દોડ સાચી દિશામાં હતી, તે સફળ થયો, પણ, દરેકના નસીબમાં મેડમ મેલિબ્રાન નથી હોતાં.

**ધર્મ**

## રામ નવમી પર બની રહ્યો છે ત્રિવેણી સંયોગ



ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ પ્રભુ શ્રીરામનો જન્મ થયો હતો, તેથી દર વર્ષે ચૈત્ર નવરાત્રિની નવમીએ રામ નવમી ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ઉજવવામાં આવે છે. આ વખતે રામ નવમી પર રવિ પુષ્ય યોગ, સર્વાર્થ સિદ્ધિ યોગ તેમજ રવિ યોગનો ત્રિવેણી સંયોગ રચાઈ રહ્યો છે. આ ત્રણેય યોગ આ દિવસને અતિ શુભ બનાવી રહ્યા છે. મકાન, વાહન વગેરેની ખરીદી, વિશેષ કાર્યોની શરૂઆત અને સૂર્યદેવની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માટે આ દિવસ ઉત્તમ છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર, જ્યારે શ્રી રામનો જન્મ ત્રેતાયુગમાં થયો હતો, ત્યારે ચૈત્ર શુક્લ નવમીએ પુનર્વસુ નક્ષત્રમાં કર્ક લગ્નનો ઉદય હતો અને પાંચ ગ્રહ મંગળ, શુક્ર, સૂર્ય, શનિ અને બૃહસ્પતિ ઉચ્ચ સ્થાને વિદ્યમાન હતા. રામ નવમીના દિવસે અયોધ્યામાં રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે ભગવાન શ્રી રામની સાથે નાના ભાઈઓ ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્નનો જન્મોત્સવ હોય છે. આ પ્રસંગે વ્રત રાખવામાં આવે છે અને ભગવાન શ્રી રામની ભક્તિ-સ્તુતિ સાથે રામ મંત્રનો જાપ કરવામાં આવે છે. આ અવસરે રામચરિતમાનસ અને રામાયણનો પાઠ કરવામાં આવે છે.

**ભેદી નોવેલ**

# ...પુરપાટ ઝડપે જતી નાયકની કાર પુલની લોખંડની રેલિંગ તોડી નદીમાં ખાબકી

સાપ્તાહિક ગુજરાત વંદન

**ટૂંકી વાર્તા**

અશોકસિંહ એ. ટાંક

કવિતા અલંગનાં જુના ફર્નિચર સ્ટોરમાંથી લીધેલી સેટી પર બેઠી બેઠી ટીવીમાં જાણીતી ન્યૂઝ ચેનલ પર ફરી ફરી એકના એક આવતાં ન્યૂઝ જોતી જોતી તેના ભૂતકાળમાં સરી ગઈ. સામાન્ય પરિવારની, ગામડામાં મોટી થયેલી કવિતાએ શહેરના મોટા મોટા સપના જોયેલા. ભણેલ ગણેલ રાજન બી,એડ કરેલ હતો, શહેરમાં રહેતો હોવાથી કવિતાનાં પિતાએ હોશે-હોશે કવિતાની સગાઈ કરી નાખી. કવિતા એવું વિચારતી હતી કે શહેરમાં જઈને હરશે ફરશે, હોટલમાં જમશે, થિયેટરમાં પિક્ચર જોશે, ફેશનવાળા કપડાં પહેરશે. મજા કરશે.

લગ્ન થઈને આવી ત્યારે જોયું તો શહેરમાં જૂનું-પુરાણું નાનકડું બે રૂમ રસોડાનું મકાન તેમાં બે ભાઈઓનો પરિવાર, એક નણંદ તેના સાસુ-સસરા બધું જ એડજસ્ટ કરવાનું. રાજનને પણ સરકારી નોકરી ના મળી. પ્રાઈવેટ શાળામાં પાંચ હજારની નોકરી કરે, ટ્યુશન ક્લાસીસમાં ઓવર ટાઈમ જાય. માંડ માંડ કરી પોતાનું ગાડું ચલાવે. સાંજે થાક્યો પાક્યો આવે. આમાં ક્યાં ફરવું ને ક્યાં પિક્ચર જોવા?

કવિતા આખો દિવસ ઘર કામ કર્યા કરે. ટાઈમ રહે તો ટીવી જોવે. કવિતાને વાંચવાનો ખૂબ શોખ. લાયબ્રેરીમાં તે કાયમી સભ્ય થઈ ગયેલી. ત્યાંથી નવા નવા પુસ્તકો લાવે ને વાંચ્યા કરે. તો વળી ક્યારેક ફૂટપાથ પરથીજૂનાપુસ્તકોનીખરીદીપણકરે.

એક દિવસ તે રવિવારી બજારમાં આવા જૂના પુસ્તક લેવા ગઈ. આ બજારની ખાસિયત એ કે થોડા પૈસામાં ઘણા પુસ્તકો ખરીદી શકાય. વજનના ભાવે જુના પુસ્તક મળે. ફૂટપાથ પરની એક લારીમાં તે જૂના પુસ્તક જોઈ રહી હતી. તેનું ધ્યાન એક જુના થોથા તરફ ખેંચાયું. તેણે પુસ્તક હાથમાં લીધું. તેના પાના ફેરવ્યા, તેને આ પુસ્તકમાં અજબ પ્રકારનું ખેંચાણ લાગ્યું. પુસ્તક ખૂબ પુરાણું હતું. પરંતુ તેની પ્રિન્ટ કવિતાને કંઈક ભેદી લાગતી હતી. કવિતાએ બીજા પુસ્તક સાથે આ પુસ્તક પણ ખરીદી લીધું.



કવિતા રાત્રે કામથી પરવારીને પોતાના રૂમમાં ગઈ ત્યાં તો થાકેલો પાકેલો રાજન રોજની માફક સૂઈ ગયો હતો. કવિતાએ રોજની આદત મુજબ આજે જ ખરીદેલી લઘુવાર્તાની બુક ઉપાડી વાંચવા લાગી. અમુક પાના વાંચીને તેને ઊંઘ આવવા લાગી. પરંતુ કોણ જાણે કેમ એનું મન પેલી જાડી નોવેલ તરફ ખેંચાયા કરતું હતું. કવિતાએ નોવેલ ઉપાડી પ્રથમ પેજ ખોલ્યું પરંતુ ખોલતાની સાથે તેના આખા શરીરમાં અજબ પ્રકારની અનુભૂતિ થવા લાગી.

કવિતાએ પહેલો ફકરો વાચ્યો. એમાં નાયકને નાયિકા તળાવના કિનારે બેઠા હોયને તળાવ પરથી ઠંડો પવન આવતો હોય. નાયિકા ખૂબ ખુશ હોય તેવું વર્ણન આવતું હતું. કવિતાની આંખો વાંચતા વાંચતા ખૂબ ઘેરાવા લાગી. તે નોવેલ બંધ કરી, સુઈ ગઈ. પરંતુ આજે તેને જાદુઈ ઊંઘ આવી. રોજ આખા ઘરથી વહેલી ઊઠતી કવિતાને આજે અચાનક રાજન માથાના વાળમાં આંગળીઓના ટેરવા ફેરવતો હોય તેમ લાગતા જબકી ને જાગી ગઈ. જોયું તો સવાર પડી ગઈ હતી. “જાગવામાં આજે મોડું થઈ ગયું” રાજને કહ્યું, “ચિંતા ના કર આજે મારે રજા છે. ફટાફટ કામ પતાવ આપણે આજે તળાવે ફરવા જેવું છે.” રાજનનો આવો મૂડ કવિતાએ પહેલી વાર જોયો. કવિતા રાજીનાં રેડ થઈ ગઈ. બધું કામ પરવારી તે તૈયાર થઈ ગઈ.

બંને તળાવના કાંઠે બેઠા છે. તળાવનાં પાણી પરથી ઠંડો પવન આવી રહ્યો છે. તળાવમાં એક બતકનું જોડું તરી રહ્યું છે. કવિતાને રાતે વાંચેલી પેલી નોવેલનો ફકરો યાદ આવી ગયો. આજે બંને ખૂબ રાજી હતા.

આખો દિવસ પ્રસન્નતામાં નીકળી ગયો. રાત્રે પણ બન્ને આજે મોડે સુધી જાગીને ખૂબ મસ્તી કરી. પછી રાજન સુઈ ગયો. કવિતાને પેલું નોવેલ આજે પણ જાણે ખેંચી રહ્યું હતું. કવિતાએ નોવેલ ઉપાડ્યું પેજ નંબર 50 કાઢ્યું. ને વાંચવા લાગી,

તેમાં લખ્યું હતું તેનો સાર કંઈક આવો હતો. સંઘર્ષ કરતા નાયકને એક સારી જગ્યાએ નોકરી મળી ગઈ. આગળ જતાં તે ખૂબ ધનવાન થઈ ગયો. તેણે પોતાના માટે મોટી હવેલી ને મોટર પણ ખરીદી લીધા. આટલું વાંચવામાં કવિતાએ ઘણા પાના ફેરવી નાખ્યા. રાજન જાગી ગયો તેણે કવિતાને સુવડાવી દીધી.

સવારે દસ વાગે રાજન ટ્યુશન ક્લાસીસ જવાની તૈયારી કરતો ત્યાં પોસ્ટ મેન આવીને એક લેટર આપ્યો. રાજને ખોલીને જોયું તો તેણે બે વર્ષ પહેલા એક કંપનીમાં ઈન્ટરવ્યુ આપ્યું હતું તેનો કોલ લેટર હતો. કંપનીની ખૂબ સારી ઓફર હતી. સારો પગાર, ઊંચી પોસ્ટ, અને સાથે કંપની ગાડી અને બંગલો પણ આપી રહી હતી. આખા ઘરમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. કવિતાને હવે ખાતરી થઈ ગઈ કે નક્કી આ બધી કમાલ પેલા જાદુઈ નોવેલની છે. તેણે ઘરમાં કોઈને આ વાત જણાવી નહીં. પરંતુ કવિતાને હવે તે નોવેલનો ડર લાગવા લાગ્યો. તેણે તેને એક મોટા બોક્સમાં ફીટ કરી પોતાના કબાટમાં મૂકી દીધું. કવિતાનાં બધા સપના હવે પુરા થવા લાગ્યા. શહેરના સારા વિસ્તારમાં મોટો ત્રણ બેડરૂમ હોલ

(અનુસંધાન પેજ નં. 6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.



# દેશના 100 સ્માર્ટ સિટીમાં સુરત નંબર-1, અમદાવાદ છઠ્ઠા સ્થાને

## દરેક ગુજરાતીઓ માટે ગર્વની વાત

ગુજરાત | વંદન

ડાયમંડ સીટી સુરત ફરી એકવાર દેશનું નંબર વન સ્માર્ટ સિટી બન્યું છે. ભારત સરકારે તમામ સ્માર્ટ સિટીમાં ડાઈનેમિક રેન્કિંગના આધારે સુરતને પહેલો ક્રમ આપ્યો છે. જે દરેક ગુજરાતીઓ માટે ગર્વની વાત કહી શકાય તેમ છે. દેશનાં 100 સ્માર્ટ સિટિઝમાં સુરત નંબર.1, તો અમદાવાદ 6ઠ્ઠા સ્થાને સ્થાન મળ્યું છે.

ભારત સરકાર તમામ સ્માર્ટ સિટીમાં ડાઈનેમિક રેન્કિંગ પ્રોજેક્ટ, ગ્રાન્ટ વપરાશ જેવા માપદંડ આધારે નક્કી કરતું હોય છે. સુરતમાં 2936 કરોડના 81માંથી 69 પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા છે. જેમાં વહીવટી કામગીરી, નાણાકીય બાબત તેમજ પ્રોજેક્ટ પૂર્ણ કરી અમલીકરણ જેવા પરફોમન્સ આધારિત ગુણને ધ્યાનમાં લેવાયા હતા.

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા ડાઈનેમિક રેન્કિંગમાં 128.80 સ્કોર સાથે સુરત ટોચના ક્રમે છે, જ્યારે 120.39 સ્કોર સાથે આગ્રા બીજા ક્રમે, 119.18 સ્કોર સાથે વારાણસી ત્રીજા ક્રમે, 117.05 સ્કોર સાથે ભોપાલ ચોથા ક્રમે અને 117.77 સ્કોર સાથે ઈન્દોર પાંચમા ક્રમે છે. 105.25 સ્કોર સાથે અમદાવાદ છઠ્ઠા ક્રમે છે.

ડાઈનેમિક રેન્કિંગમાં ટોચના દસ શહેરોમાં સુરત અને અમદાવાદ સિવાય રાજ્યના એક પણ શહેરનો સમાવેશ થયો નથી. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા 50 ટકા, રાજ્ય સરકાર દ્વારા 25 ટકા અને સુરત મહાનગરપાલિકા દ્વારા 25 ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. સુરત સ્માર્ટ સિટીએ આ પૈકી 75 ટકાથી વધુ ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે.

સુરત સ્માર્ટ સિટી અંતર્ગત રૂ. 2936 કરોડના 81માંથી 69 પ્રોજેક્ટ થઇ ગયા છે. કિલ્લાના રેસ્ટોરેશનની પહેલા તબક્કાની કામગીરી, એઆઈસી સુરતી આઈલેબ, એલઈડી સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ અને સ્માર્ટ મોનિટરિંગ સિસ્ટમ, સોલાર અને વિન્ડ પાવર પ્લાન્ટ, બાયોગેસ પ્લાન્ટ, સોલિડ વેસ્ટ વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ, સુરત મની કાર્ડ, સુમન આઇ, બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ, 3958 આવાસો, આંજણા, ડિંડોલી ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, 24 કલાક પાણી પુરવઠા માટે વોટર મીટરિંગ, રેઈન વોટર રિચાર્જ, વીઆઈપી મોડલ રોડ, કેનાલ કોરિડોર સહિતના પ્રોજેક્ટ સાકાર થઇ ચૂક્યા છે. આ સિવાય સ્માર્ટ સિટી યોજના અંતર્ગત હાલમાં રૂ. 1145 કરોડના 12 પ્રોજેક્ટ કાર્યરત છે, જે પૈકી કિલ્લાના રેસ્ટોરેશનની બીજા તબક્કાની કામગીરી ટૂંક સમયમાં પૂરી થશે.

### નલ સે જલ યોજનાનો ફિયાસ્કો..!

# ભૂજ : ઉનાળાના પ્રારંભમાં જ પાણી માટે 'ટેન્કર રાજ'

ગુજરાત | વંદન




રાજ્ય સરકાર સમગ્ર ગુજરાતમાં નલ સે જલ યોજના અંતર્ગત તમામ ઘરે નળથી પાણી આપવાની વાત કરે છે, પણ વાસ્તવિકતા અલગ જ છે. ઉનાળા પહેલાં જ શહેરી વિસ્તારમાં પાણીની એવી સ્થિતી છે કે કચ્છના મુખ્ય મથક ભૂજમાં દૈનિક 100 પાણીના ટેન્કરથી પાણી પહોંચાડવુ પડી રહ્યું છે. તેમાંય વિપક્ષે આક્ષેપ કર્યો છે કે વહાલા દવલાની નીતિ પ્રમાણે પાણીના ટેન્કરો લોકો સુધી પહોચે છે. વિપક્ષનું કહેવું છે કે આ ટેન્કરો ભ્રષ્ટ્રાચાર માટે ફરી રહ્યા છે. ભૂજના જાગૃત નાગરીકના આક્ષેપ મુજબ રોજના 100 ફેરાથી પ્રજાના 70 લાખથી વધુ રૂપિયા પાલિકાના જવાબદારોના ખિસ્સામાં જાય છે. જોકે આ મુદ્દે તેઓ લડત આપશે.

ખુદ પાલિકા પ્રમુખ સ્વીકારે છે કે રોજના 5થી વધુ ટેન્કરોથી ફેરા કરવા પડી રહ્યા છે. જોકે તેઓ ભ્રષ્ટ્રાચારના આક્ષેપ પર તપાસ કરાવવાની ખાતરી આપતાં કહે છે કે જે વિસ્તારમાં પાણી નથી પહોંચતુ ત્યાં પાણી પહોંચાડવાનો પૂરો પ્રયાસ પાલિકા કરી રહી છે.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
તમારા કાર્યક્ષેત્રમાં સાથ સહકાર મળે, નાણાકીય વ્યવહાર સાચવીને કરવો, કૌટુંબિક મતભેદ દૂર થાય, આર્થિક માર્ગોમાં કઠિન સમય હળવો બને, જૂના વિવાદ સમાપ્ત થાય, કાર્યક્ષેત્રમાં પદોન્નતિ મળવાની શક્યતા છે , ઘરના લોકો અને મિત્રો પાસે, મનની વાત મૂકવામાં વિલંબ ન કરવો.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સપ્તાહે, જીત મેળવવા વધુ મહેનત કરવી પડશે , પોતાના હરીફ અને વિરોધી લોકોથી, તમારી નવી યોજનાઓને ગુપ્ત રાખવી, દામ્પત્ય જીવનમાં મતભેદ જણાય તો સાવધાની રાખવી , ખર્ચ અને રોકાણ પહેલા આયોજન કરવું જરૂરી છે નહીં તો વધુ ખર્ચ થવાનો ભય રહે.

**મિથુન** (ક.છ.ઘ)
ઈશ્વરની અણધારી સહાય, આપની નાવને કિનારે લગાવવા મદદરૂપ થશે, વાણી વર્તનમાં મર્યાદા જાળવવી, બીજા પ્રત્યે આદરભાવ રાખવો, આપનું મૌન અડચણની દવા બને, માટે વધુ બોલવું નહીં.કૌટુંબિક જરૂરિયાતોની અવગણના ન કરવી. વૃધ્ધો અને બાળકોના સ્વાસ્થ્ય માટે ચિંતા કરવી.

**કર્ક** (ડ.હ)
જીવનમાં પ્રગતિ માટે, સામુહિક કાર્યની બધી જવાબદારી પોતાના ઉપર લેવી હિતાવહ નથી, ખોટી અને વધુપડતી જવાબદારી, આર્થિક અને માનસિક ટેન્શન ઊભું કરે છે. જમીન મકાન કે સ્થાવર સંપત્તિની લે વેચમાં ધ્યાન રાખવું. આપે બાંધેલી આર્થિક પાળથી મુકેલી દૂર થાય.

**સિંહ** (મ.ટ)
તમોને શાંતિ અને આનંદ માણી શકાય તે માટે, કુટુંબ, મિત્રો અને ધંધાકીય મનભેદ-મતભેદ ટાળવા, સુસુપ્ત સમસ્યાઓ પુનઃ માથું ઊંચકાતી જણાય, તેથી આર્થિક વિવાદ ટાળવો, ખોટા અવિચારી ખર્ચ ટાળવા હિતાવહ છે. મંગળવારે સારા સમાચારની પ્રાપ્તિ સંભવે, નવી યોજનાનું આયોજન સંભવ છે , મગજને ઠંડો રાખશો તો...

**કન્યા** (પ.ઠ.ણ)
કૌટુંબિક જીવનમાં સારા પ્રસંગો આવી રહ્યા છે. તમારી અને ઘરના સભ્યોની સુખ શાંતિ માટે, આ સપ્તાહે ઉતાવળિયું પગલું ન ભરવું, આપના કાર્ય અને વિચારથી બીજાને પ્રોત્સાહિત કરો તેવું બને, જે તમને લાંબા ગાળે મદદરૂપ થાય. દામ્પત્ય જીવનમાં મધુરતા જળવાશે, નાણાકીય વ્યવહાર સાચવીને કરવો.

**તુલા** (ર.ત)
આ અઠવાડિયે, આનંદની વાત છે કે.. તમારા, લાંબા ગાળાના, યોગ્ય આયોજન અને સાહસથી સફળતા મળશે , પોતાની આગવી વિશેષતાથી બીજા લોકોને થાય તેટલી મદદ કરવી, ખોટી દલીલબાજી કરી સમય વેડફવો નહિ, જમીન સંબંધી કાર્યમાં સાનુકૂળતા જણાય છે , સવારના સમયમાં વેપાર વધારવા, સાનુકૂળતા રહે તેમ જણાય છે .

**વૃશ્ચિક** (ન.ય)
સપ્તાહે... આવક અને શાંતિ વધારવા, અથવા ધંધાકીય કે અન્ય ગુંચવણ અંગે ઉકેલ લાવવા માટે વડીલની મદદ ઉપયોગી નીવડે, આર્થિક પરિસ્થિતિ સુધરે, અંગત પ્રશ્નોને કારણે મૂંઝવણ વધે, સાથે સાથે... નવી તકોનું નિર્માણ પણ જણાય છે. જૂના સંબંધ ફરી તાજા થાય, જીવનનાં મતભેદ દૂર થાય, નોકરી ધંધા કે કુટુંબ માં બદલાવની અનુભૂતિ થાય. ઉત્સાહમાં વધારો થાય.

**ધન** (ભ.ધ.ફ)
આ અઠવાડિયે, તમારી જૂની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ અનુભવાય, અને મન આનંદમાં રહે. ધંધામાં યોજનાઓને અમલમાં મૂકાશે, લોકો સાથે મતભેદ ટાળવા, કાર્યક્ષેત્રમાં બદલાવ થાય, પોતાના વ્યવહારથી બીજા નિરાશ ન થાય તેનું ધ્યાન રાખવું. હાલમાં બધા લોકોની પરિસ્થિતિ બદલાઈ રહી છે, માટે તમારા માટે ચિંતાનો વિષય નથી. સામાન્ય રીતે બપોર પછી સ્કૂર્તિ રહે.

**મકર** (ખ.જ)
આ સપ્તાહે તમને મહેનતનું મધુર ફળ મળે, અગત્યના પ્રશ્નોનું નિરાકરણ આપે, રોજિંદા કામોથી લાભ જણાય, અંગત જીવનમાં સામાન્ય મતભેદ સર્જાતા જણાય, રોજિંદી કાર્યશૈલીમાં બદલાવ લાવવાનું મન થાય, આર્થિક ગૂંચવણનું નિરાકરણ જણાય, ઋતુગત બીમારીથી સાચવવું.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ અઠવાડિયા દરમિયાન, નવી આવી રહેલી પરિસ્થિતિ માં, આર્થિક મુશ્કેલીનો માર્ગ નિકળતો જણાય, વિરોધી લોકો સામે જીત મેળવી શકાય અને તમારી પ્રગતિ થાય, સામાજિક તથા વ્યવસાયિક કામગીરીમાં સાનુકૂળતા જણાય, કાર્યક્ષેત્રમાં લાભદાયક પગલા લેવાય, ઉતાવળિયો નિર્ણય ન લેવો, વૈવાહિક જીવનના પ્રશ્નોનું નિરાકરણ આવે.

**મીન** (દ.ચ.ઝ)
આ અઠવાડિયે, નવી સમસ્યા ઉદ્ભવે, પરંતુ શાંતિથી કામ કરતા હળવી થાય. આ માટે, મહત્ત્વના નિર્ણય પહેલાં વડિલોની કે મિત્રોની સલાહ લેવી, જૂના મિત્રોને મળવાનું સંભવ બને, રોકાણ સાચવીને કરવું, કાર્યક્ષેત્રમાં અધિકારીઓ આપના ઉપર મહેરબાન રહેશે, ગેરસમજ મનદુઃખ ટાળવા. આવા સમયે કુળદેવીની ઉપાસના મદદરૂપ થાય છે. લાંબા ગાળાના પરિણામો તમરી તરફેણમાં આવે.

### પંચમહાલ જિલ્લાના કાલોલની બે શાળાઓમાં

# શિક્ષિકા પાસેથી 1 લાખની લાંચ લેતા ઉપપ્રમુખ, કારકૂન અને શિક્ષક ઝડપાયા

ગુજરાત | વંદન

પંચમહાલ જિલ્લાના કાલોલમાં આવેલી શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ તથા એમ.જી. એસ.હાઈસ્કૂલમાં નવનિયુક્ત શિક્ષિકા પાસેથી એક લાખની લાંચ લેતા શાળાના ઉપપ્રમુખ, મંત્રી અને શિક્ષકને વડોદરા એસીબીએ ઝડપી પાડ્યા છે.

શિક્ષણ સહાયક સરકાર તરફથી સી.બી.ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલ જી-પંચમહાલ ખાતે શિક્ષિકાની નિમણૂક ઓર્ડર થયો હતો. જે ઓર્ડરના આધારે શિક્ષિકા કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત સ્કૂલ સી.બી.ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલ ખાતે ફરજ ઉપર હાજર થયા હતા. જેથી મંડળના ઉપ પ્રમુખ જયંતકુમાર રતિલાલ મહેતા અને શાળાના કારકૂન વિરેન્દ્ર પ્રવિણચન્દ્ર મહેતાએ શિક્ષિકા પાસે ડોનેશન તરીકે પ્રથમ 3 લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જેથી શિક્ષિકાએ કંઈક ઓછુ કરવા વિનંતી



કરતાં વાત એક લાખ રૂપિયા સુધી આવી હતી. સાથે શાળાના શિક્ષક કિરણસિંહ અનોપસિંહ પુવારે પણ લાંચની રકમ આપી દેવા દબાણ કર્યું હતુ.

શિક્ષિકા લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. એ.સી.બી. દ્વારા લાંચના છટકાનું આયોજન કરતાં ત્રણેય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં લાંચ માંગી સ્વીકારતા ઝડપાઇ ગયા હતા. ત્રણેય આરોપીઓને એ.સી.બી.એ ડીટેઈન કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકની 2 બ્રાંચમાં કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ

ગુજરાત | વંદન




જામનગર ખાતે હેડ ઓફિસ ધરાવતી અને જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં કુલ 40 શાખાઓ ધરાવતી જાણીતી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકની જામનગર શહેરની શાખા અને જામજોધપુર તાલુકાની ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ની શાખામાં કરોડો રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આના અનુસંધાને 8 જેટલા અધિકારીઓ- કર્મચારીઓ સામે સસ્પેન્શન સહિતના કડક પગલા તથા સીઆઈડી ક્રાઈમની તપાસ સહિતની તજવીજનો ધમધમાટ શરૂ થયો છે.

આ સમગ્ર ચકચારી પ્રકરણ અંગે સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ જામનગર ખાતે મુખ્ય કચેરી ધરાવતી અને જામજોધપુર તાલુકાની ધી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ની શાખામાં અને જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ 40 જેટલી બ્રાન્ચ અને 310 જેટલા અધિકારીઓ- કર્મચારીઓનો સ્ટાફ ધરાવતી જામનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ની થોડા સમય પૂર્વે નવા ડાયરેક્ટરોની વરણી કરવામાં આવી હતી. જેમાં સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા પીઢ અને અનુભવી આગેવાન પી.એસ. જાડેજાને ચેરમેન તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. ચેરમેન તરીકેનો ચાર્જ સંભાળતાની સાથે પી.એસ. જાડેજાએ બેદરકાર અને ફરજ પ્રત્યે અનિયમિત રહેલા કર્મચારીઓ સામે કડક હાથે કાર્યવાહી કરી હતી.

ત્યારે બાદ જામનગર ડિસ્ટ્રીક્ટ બેંકની જામજોધપુર તથા જામનગર તાલુકાની બે શાખાઓમાં કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવતા આ અંગેની તપાસમાં બંને બ્રાંચોમાંથી કરોડો રૂપિયાનો ગોટો કરવામાં આવ્યો હોવાનું ખુલવા પામ્યું છે.

આના અનુસંધાને કડક કાર્યવાહી હાથ ધરી, આ બેન્કના એક સિનિયર ઓફિસર, ચાર બ્રાન્ચ મેનેજર, બે ક્લાર્ક તથા એક પટાવાળા મળી, કુલ આઠ કર્મચારીઓ આ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું ખુલવા પામતા તેઓને તાત્કાલિક ધોરણે આજકાલમાં જ સસ્પેન્ડ કરવા તથા આ તમામ સામે ખાતાકીય તપાસ શરૂ કરવાની તજવીજ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

### ઈતિહાસમાં કપાસનો સર્વોચ્ચ ભાવ 2630

# સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગ બાદ વેગ પકડતી વ્હાઈટ ગોલ્ડની આવક

ગુજરાત | વંદન

માર્ચ એન્ડિંગની રજાઓ બાદ માર્કેટિંગ યાર્ડોમાં કામકાજ પુનઃ રાબેતા મુજબ શરૂ થઈ રહ્યા છે ત્યારે કાચા કપાસની આવક 1.12 લાખ મણે પહોંચી ગઈ છે. આજે બોટાદ યાર્ડમાં સૌથી વધુ 30,000 મણની આવક સાથે બાબરા યાર્ડમાં કપાસનો પ્રતિ મણનો અત્યાર સુધીનો સૌથી ઊંચો રૂ.2630નો ભાવ બોલાયો હતો. રાજકોટ યાર્ડમાં છેલ્લા 24 કલાક દરમિયાન કપાસની આવક વધી 20,000 મણે પહોંચી ગઈ હતી, તો પ્રતિ મણ લેખે રૂ. 2550ના સર્વોચ્ચ ભાવે કામકાજ થયા હતા. રોકડિયો પાક ગણાતા કપાસની કમાણી પર ખેડૂતોને વિશેષ આશા હોય છે. ખેડૂતો કહે છે કે, પાછલા વર્ષની તુલનાએ કપાસના ઉતારા ઘટ્યા છે. જોકે, સારા ભાવને કારણે આવકમાં બેલેન્સ જળવાઈ રહ્યું છે. પ્રવર્તમાન સમયે આખા વિશ્વમાં કપાસની ઉપજમાં ખાંચો પડ્યો છે. ખાસ કરીને અમેરિકા, ચીન, ભારત તેમજ અન્ય દેશોના કપાસ ઉગાડતા ખેડૂતોની નજર કપાસ પર સ્થિર થવાથી વિશ્વસ્તરે કપાસનું ઉત્પાદન વધશે તેવું મનાય રહ્યું છે.

# નર્મદા કેનાલમાં ઝંપલાવી પ્રેમી પંખીડાનો આપઘાત


ગુજરાત | વંદન

વાઘોડિયાના રાજપુરા નર્મદા કેનાલમા ઝંપલાવનાર પ્રેમી પંખીડામાં પ્રેમી યુવકના ભાઈએ જાણવાજોગ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પ્રવિણભાઇ રાઠવા (ઉ.35) (રહે. તા.હાલોલ જિ.પંચમહાલ) એ જરોદ પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ અન્ય કોઈ યુવતી સાથે રાજપુરા પાસે નર્મદા કેનાલમા ઝંપલાવ્યાની હકીકત જણાવી હતી. ખેતીવાડી કરી જીવન ગુજરાન ચલાવનાર આ પરીવારમાં 5 બહેનો તથા ત્રણ ભાઈઓ છે. જેમા સૌથી નાનો દિલીપ (ઉ.19) જે કુવારો હતો.

# ભાવનગરમાં સામાન્ય બાબતે પાડોશીએ ધાંય-ધાંય ફાયરિંગ કરી માતા-પુત્રીની હત્યા કરી

ગુજરાત | વંદન

ભાવનગર શહેરના શેલારશા ચોક પાસે આવેલી સવાઈગરની શેરીમાં ગત તા 31 માર્ચના રોજ પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડામાં એક પાડોશીએ માતા-પુત્રી પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી ગંભીર ઈજા પહોંચાડી નાસી છુટ્યો હતો. જેમાં ગઈકાલે પુત્રીએ દમ તોડયા બાદ આજે મોડી રાત્રે માતાએ પણ અંતિમ શ્વાસ લીધા હતા. જેથી આ બનાવ બેવડી હત્યામાં પરિણમ્યો છે. પોલીસે અલગ-અલગ ટીમ બનાવી આરોપીને પકડી પાડવા કવાયત હાથ ધરી છે. જોકે, હજી સુધી આરોપી પોલીસ પકડથી દુર છે. શહેરના શેલારશા ચોક પાસે સવાઈગરની શેરીમાં રહેતા અને રીક્ષા ચલાવતા અનવરઅલી પ્યારઅલી વાઢીયાળીયાએ પોતાના મકાનનું રીનોવેશન કામ હાથ ધર્યુ હતું. ત્યારે રેતી સિમેન્ટ સહિતનું રો-મટીરિયલ્સ ઘર બહાર શેરીમાં મુક્યું હતું. જે સંદર્ભે પાડોશી શખ્સ કરીમ શેરઅલી રાસયાણીએ અનવરના પરીવાર સાથે ઉગ્ર ઝઘડો કર્યો હતો. તેમજ તેની પાસે રહેલી પિસ્ટોલ વડે ત્રણ-ચાર રાઉન્ડ ફાયરીંગ કરી અનવરની પત્ની ફરીદાબેન તથા પુત્રી ફરિરલને ગોળી મારી દીધી હતી. જેથી બન્નેને ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદ આરોપી નાસી છુટ્યો હતો.




બીજી તરફ ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતા-પુત્રીને સારવાર અર્થે સર.ટી હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં શનિવારે પ્રથમ ફરિયલે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો જ્યારે રવિવારે રાત્રે ફરીદાબેનનું પણ મોત નિપજતા સમગ્ર ઘટના બેવડી હત્યામાં તબદીલ થઈ છે. આ ઘટનાને પાંચ દિવસ વિતવા છતાં આરોપી હજુ પણ પોલીસની પહોંચથી દૂર છે.

આ ઘટનામાં પિસ્ટોલથી ફાયરિંગ કરનારો આરોપી અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય જે અંગે અગાઉ પણ તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાયેલી છે. તેમજ આરોપીના ઘરમાંથી તિક્ષણ હથિયારો પણ મળી આવ્યા હતા. ફાયરિંગ કરનાર આરોપી કરીમ નામનો ઈસમ દરજીકામનો વ્યવસાય કરી રહ્યો હતો અને આ ઈસમ વારંવાર શેરી વિસ્તારમાં ઝઘડાઓ કરતો હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પાંચ દિવસ વિતવા છતાં આરોપી પોલીસના હાથમાં લાગ્યો નથી, ત્યારે મૃતકના પરિવારજનો દ્વારા ફાયરિંગ કરનારા આરોપીને ઝડપી પાડવા માંગ કરવામાં આવી છે.

# પાટણ કોર્ટનો ચુકાદો : પોતાના જ સગા ભાઈ-ભત્રીજીને મોતને ઘાટ ઉતારનારી હત્યારી બહેનને આજીવન કેદ

ગુજરાત | વંદન

સિદ્ધપુરના કલ્યાણા ગામના મૂળ વતની અને છેલ્લા ઘણા સમયથી અમદાવાદમાં સ્થાયી થયેલા પરિવારમાં એક ખૂબ જ હિચકારી ઘટના ઘટી હતી. આ પરિવારની ડોક્ટર દિકરી કિન્નરીએ ઘરમાં માનમોભો ન મળતો હોવાથી પોતાના જ સગાભાઈ અને ભત્રીજીને ઝેરી દવા આપીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પાટણની એડિશનલ કોર્ટએ સોમવારે આરોપી કિન્નરીને જીવે ત્યાં સુધી કેદની સજા ફટકારી છે. કોર્ટના ચુકાદાને મૃતકનાં પરિવારજનોએ



યોગ્ય ઠેરવ્યો છે. જોકે કિન્નરીના વકીલ હાઈકોર્ટમાં અરજી દાખલ કરશે. આ કેસમાં ખુદ પિતાએ દિકરી સામે 2019માં હત્યાની ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાઈ હતી.

મળતી માહિતી પ્રમાણે મૂળ સિદ્ધપુર તાલુકાના કલ્યાણા ગામના વતની અને ધંધા વેપાર માટે અમદાવાદ શહેરમાં સ્થાયી થયેલા નરેન્દ્રભાઈ બબલદાસ પટેલ જેમને પરિવારમાં પત્ની, બે દિકરીઓ અને એક દિકરો હતો. જેમાં નરેન્દ્રભાઈ પટેલની દિકરી કિન્નરી પટેલે પોતાના જ સગા ભાઈને ધીમું ઝેર આપી મોતને ઘાટ ઉતારી નાખ્યો હતો. આરોપી કિન્નરી પટેલે તેની સગી ભત્રીજીનું પણ સાઈનાઈડનો પાવડર આપી મોત નિપજાવ્યું હતું. આ અત્યંત ઘૃણાસ્પદ કૃત્ય માટે તેના પર ટીકાનો વરસાદ વરસ્યો હતો. આ હત્યાકાંડની જાણ થતા કિન્નરીના પિતા નરેન્દ્રભાઈ પટેલે ફરિયાદ નોંધાવતા પોલીસે કિન્નરી પટેલને ડબલ મર્ડર કેસમાં ઝડપી પાડી જરૂરી પુરાવા એકઠા કર્યા હતા.

## શબ્દોની સંતાકૂકડી 04 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | 4 | 5 |
| 6 | | | ■ | 7 | | |
| 8 | | ■ | 9 | | ■ | |
| | ■ | 10 | ■ | 11 | 12 | ■ |
| ■ | 13 | | 14 | ■ | 15 | |
| 16 | ■ | 17 | | 18 | | ■ |
| ■ | 19 | | ■ | 20 | | |

**ઊભી ચાવી**
(1) દુશ્મનાવટ, વેર [4]
(2) પથરાળ ભેખડ [3]
(3) ઈટલી દેશની રાજધાની [2]
(4) ચોવીસ તસુનું લંબાઈનું માપ; હાથી [2]
(5) ચિનગારી [3]
(7) આંખ [3]
(10) ઈચ્છા, ઉમેદ [4]
(12) અહીં નટવર શબ્દો આડોઅવળો થયો છે [4]
(14) એક વિદેશી દારૂ [2]
(18) માછલું [2]

**આડી ચાવી**
(1) એક સૂકો મેવો [4]
(4) વીતી ગયેલું [2]
(6) એક ફળ [3]
(7) આંખમાં આંજવાની મેસ [3]
(8) મજબૂતી, તાકાત [2]
(9) આબરૂ, પ્રતિષ્ઠા [2]
(11) વિદ્યાશાખાનો વડો [2]
(13) બનાસકાંઠા જિલ્લાનો એક તાલુકો [3]
(15) અંગ્રેજીમાં એક એટલે [2]
(16) એક સંબોધક ઉદ્ગાર [1]
(17) રાસ-ગરબાની બોલાવાય [4]
(19) હવા નાખતું એક સાધન [2]
(20) કોઈ વસ્તુ ખરીદવા કરવો પડે [3]

શબ્દોની સંતાકૂકડી-3નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 કા | 2 લ | ■ | 3 વ | 4 હી | વ | 5 ટ |
| 6 વ | હે | ણ | ■ | ચ | ■ | પા |
| 7 ત | ર | ■ | 8 અ | ■ | 9 ગા | લ |
| રું | ■ | 10 ગ | જ | રા | જ | ■ |
| ■ | 11 શું | ■ | મા | ■ | 12 ર | 13 દ |
| 14 વે | ■ | 15 કા | ય | મ | ■ | મા |
| 16 દ | થ | ર | શ | ■ | 17 ઠા | મ |

શબ્દોની સંતાકૂકડી-04નો ઉકેલ આવતા અંકે

## કોયડો નં. 06 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 6 | | | 3 | | 1 | |
| 9 | | | 6 | 1 | | 5 | | 2 |
| 1 | 2 | | | | 7 | | 8 | 6 |
| 5 | | 7 | | | 2 | | | |
| | 3 | | | | | | 5 | 8 |
| | | 1 | 5 | | 4 | | 3 | 7 |
| 7 | 1 | | | 2 | 5 | | | 3 |
| | | 2 | | 7 | | 8 | | 5 |
| 3 | | | 4 | | 9 | 7 | 2 | 1 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-06નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 6 | 2 | 5 | 3 | 9 | 1 | 4 |
| 9 | 4 | 3 | 6 | 1 | 8 | 5 | 7 | 2 |
| 1 | 2 | 5 | 9 | 4 | 7 | 3 | 8 | 6 |
| 5 | 8 | 7 | 1 | 3 | 2 | 6 | 4 | 9 |
| 2 | 3 | 4 | 7 | 9 | 6 | 1 | 5 | 8 |
| 6 | 9 | 1 | 5 | 8 | 4 | 2 | 3 | 7 |
| 7 | 1 | 9 | 8 | 2 | 5 | 4 | 6 | 3 |
| 4 | 6 | 2 | 3 | 7 | 1 | 8 | 9 | 5 |
| 3 | 5 | 8 | 4 | 6 | 9 | 7 | 2 | 1 |

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આંખે અતીતના તોરણ

સ્નેહલ નિમાવત

# ઝંખનાના દ્વારે અવનવી ખુશીઓ ટકોરા દઈ રહી...

## ''કરો તે પામો સાચો છે ખ્યાલ, કુદરતનો આ જ છે ન્યાય...''



તસ્વીર પ્રતિકાત્મક

ગુજરાત | વંદન

ઝંખના એક મધ્યમ વર્ગીય પરિવારની લાડકી દિકરી. તેના માતા પિતાએ તેને પ્રેમ અને સંસ્કારથી ઉછેરી હતી. તેના લગ્ન થયે દસ વર્ષ થઇ ગયા હતા. ઝંખનાના નાનપણના ફોટા જોઈને તેની માતા જાનકી ઝંખનાના બાળપણમાં ખોવાઇ ગઇ. પ્રેમ અને લાગણીથી જીવંત ઝંખના સૌ કોઈની લાડકી હતી. સૌની મદદ કરવા તત્પર રહેતી. તેના જીવનમાં આટલું મોટુ તોફાન આવશે એ કોને ખબર હતી..

ઝંખના લગ્ન કરીને સાસરે ગઇ તેના જીવનમાં ખુશીઓના ટકોરા રોજ દરવાજો ખખડાવતા. તેને તૈયાર થવું ગમતું. તૈયાર થઈને ફર્યા કરતી. બધાનું જીવન ખુશહાલ કરતી. તેના સસરા આદિત્ય અને સાસુ મંજુલા બંને વહુથી ખુશ હતા. ઝંખના અને રાહુલને એક દિકરી જન્મી સુહાસી. બધુ સારુ ચાલતું હતું. એક દિવસની વાત છે. મંજુલા બહેનના ભાઇ સુરેશ ગુજરી ગયા. તેમના ભાભી આ દુનિયામાં સાવ એકલા પડ્યા. આદિત્ય અને મંજુલા બહેન તેમના ભાભીને ઘરે લઈ આવ્યા. જીવન આમ જ ચાલી રહ્યું હતું. પરંતુ એક દિવસ આદિત્ય ભાઈના મગજમાં લાલચનો કીડો સળવળ્યો. મંજુલા બહેન સાથે મળીને આદિત્ય અને રાહુલે કાવાદાવા કરી સુરેશની પ્રોપર્ટી તેની ભાભી લીલા પાસેથી પડાવી લીધી. લીલા અને સુરેશનું કોઈ સંતાન તો હતું જ નહીંમંજુલાએ લીલાને કહ્યું કે અમે જ તમને સાચવીશું. તમાંરે જ અમને બધું આપી દેવું પડશે. દિકરી સુહાસીના નામે બધુ કરી દો.આવું રોજ કહીને તેમના મનમાં ઠસાવી દીધું..

સામ,દામ,દંડ અને ભેદ વાપરી તેમનું બધુ જ પડાવી લીધુ.તેમને ત્રણ ચાર વર્ષ સારી રીતે સાચવ્યા પણ ખરા. ધીમે ધીમે તે બધાને ખટકવા લાગ્યા. તેમની સાથે વાતોમાં તોછડાઈ કરવાની શરુ કરી. તેમની પાસે ઘરના કામ કરાવવા લાગ્યા. મહેમાનની સામે તેમને નોકર કહેવા લાગ્યા. તેમને ગણી ગણીને ખાવા આપતા. વધુ ભુખ લાગે તો ન આપતા. એક ઝંખના તેમને સાચવતી. તેમની એકલતાનો ઉપાય એટલે ઝંખના અને સુહાસી.

જીવન આમ જ ચાલવા લાગ્યું. ઝંખનાને પ્રોપર્ટી વિશે કંઇ જાણ નહોતી. તે લીલાની સારવાર કરતી. લીલાએ હવે મંદિર જવાનું શરુ કર્યું.મંદિરે જઈને તેના મનને શાંતિ મળતી.તેના મનમાં ઉચાટ રહેતો કે હવે જીવન કેમ કરીને જશે. તેના હાથપગ સારા હતા ત્યાં સુધી તે કામ કરતી રહેતી. એક દિવસ તેમને તાવ આવ્યો. તેમને દવાખાને લઇ ગયા ત્યારે ડેન્ગ્યુ હોવાનું ડોક્ટરે કહ્યું. દવા લઈને ઘરે આવી ગયા. બરાબર ટ્રીટમેન્ટ ન થવાથી તેમને ડેન્ગ્યુ મોડો મટ્યો. હવેથી તો તેમને બહાર ગેલેરીમાં સુવા માટેની પથારી કરવા લાગ્યા.

હવેથી લીલા પર તકલીફોનો મારો શરુ થયો. રોજ ઉઠીને મ્હેણા ટોણા સાંભળવા મળતા. મરી જા મરી જા કહીને તિરસ્કાર થતો. ઝંખના બધાને કહેતી સમજાવતી કે આપણે તેમને લઈ આવ્યા છે તો તેમને સાચવવાની જવાબદારી આપણી જ છે. કોઈ સમજવા તૈયાર જ નહોતું. ભેંસ આગળ જાણે ભાગવત. તેણે રાહુલને સમજાવવાની કોશિશ કરી. રાહુલ પણ ટસનો મસના થયો. ઝંખનાના બહુ કહેવાથી રાહુલનું મન બદલાયું છતાં તેમના માતા પિતાના મન તો ખાટા જ રહ્યા.

લીલા મનથી હારી ગઇ અને ખાટલે પડી. રોજ એ નિસાસા નાખતી.રોજ તકલીફ માટે ઈશ્વરને પ્રાર્થના કરતી. રોજ મરી જવાની ઈચ્છા કરતી. અંતે એક દિવસ લીલાની આંખો મીંચાઇ ગઇ. તેના નિસાસા ઘરને લાગી ગયા હતા...તેની પ્રોપર્ટી સુહાસીના નામે થઇ ગઇ. ઝંખના સિવાય બધા હરખાતા હતા. ઝંખના ઉંડા આઘાતમાંથી બહાર નહોતી આવતી. થોડા સમય પછીની વાત છે.સુહાસી આઠ વર્ષની થઇ. તેના બર્થ ડેની તૈયારીઓ ચાલતી હતી. રાહુલ તેની જોર શોરથી તૈયારી કરતો હતો. વસ્તુ લેવા તે નવી દુકાને જતો હતો.પણ અચાનક જ એક કાર આવી અને રાહુલની બાઈકને ટક્કર મારીને ચાલી ગઇ.આ એક્સીડન્ટમાં તેના બંને પગ નકામા થઈ ગયા. રાહુલ તેના પોતાના પગ પર ઉભો ન થઈ શક્યો. લીલા બહેનની બદદુઆ લાગી ગઇ પરિવારમાં. એકનોએક કમાતો છોકરો ફરી ક્યારેય ચાલી નહીં શકે એ વિચાર સાથે જ તેના માતા પિતા હિંમત ખોઇ બેઠા.

પેટ ભરીને પસ્તાયા, પણ કુદરતની લાઠી વાગી કે આખા પરિવાર પર તકલીફોનો પહાડ તૂટી પડ્યો. ઝંખના તકલીફમાંથી બહાર આવવા કોશિશ કરતી પણ ન આવી શકતી. રાહુલને એક જ વાત હેરાન કરતી કે ઝંખના તો લીલા મામીનું ધ્યાન રાખતા. અમને બધાને તેમની સાથે દૂરવ્યવહાર કરતા રોકતી. છતાં તેને કેમ તકલીફ ભગવાને આપી? તેને હવે મને આખી જિંદગી વેઠવો પડશે. તેને લાગ્યું કદાચ મારા પાપોની સજા તેને ભોગવવી પડી રહી છે.કાશ સમયસર હું ચેતી જાત તો આજે લીલા મામી સાથે બધા ખુશીથી રહેતા હોત....

ઝંખનાની મમ્મી ઝંખનાના ફોટા જોતા જોતા આંસુ સારી રહી. મનોમન વિચારતી કેમ કરીને હું મારી દિકરીનું દુખ હળવું કરું.પણ ઝંખના હિંમતવાળી હતી. તેણે તકલીફો દૂર કરવા એક સામાજીક સંસ્થા સાથે કામ શરુ કરી દીધું. લોકોની તકલીફ દુર કરવા તે હંમેશા તત્પર રહેતી અને પોતાનો સૌથી વધુ સમય અનાથ આશ્રમ,વૃધ્ધાશ્રમમાં વિતાવતી. તેમની વાતો સાંભળતી અને તેમની સાથે સમય વિતાવતી. ઘરમાં પણ બધાનું ધ્યાન રાખતી...

અનુસંધાન પેજ 4 પરથી...

### દો બીઘા જમીન...

માંગતી નથી. શંભુ તેને સમજાવે છે કે તે ફક્ત 3 મહિનાની જ તો વાત છે. અને તેનાથી તેના પરિવાર અને ટૂંક સમયમાં જન્મેલા બાળકને ફાયદો થશે. પુત્ર કન્હૈયા પણ તેના પિતા સાથે જોડાવા માંગે છે, પરંતુ શંભુ ના પાડે છે અને તેને ઠપકો આપે છે. કલકત્તા જતી ટ્રેનમાં, શંભુ કન્હૈયાને તેમાં છુપાયેલો જુએ છે અને છેવટે પોતની સાથે લઇ જાય છે. કલકત્તામાં શંભુ અને કન્હૈયાની. સાથે કોઈ વાત કરવા તૈયાર નથી,

કન્હૈયા લાલુ ઉસ્તાદ નામના સ્ટ્રીટ સાઇડ શૂ-શાઈનર-બુટપોલીશ કરનાર) સાથે મિત્રતા કરે છે. તેઓ ફૂટપાથ પર સૂતા હોય ત્યારે તેમની છેલ્લી સંપત્તિ પણ ગુમાવે છે. કન્હૈયા બીમાર પડે છે અને શંભુ ચાની કીટલી વાલા અને મકાનમાલિકની દત્તક લીધેલી પૌત્રી રાનીની મદદથી ઝૂંપડપટ્ટીમાં એક નાનકડો ઓરડો ભાડે લે છે. ભાડું ચૂકવવા માટે શંભુ કૂલી તરીકે કામ કરે છે. શંભુ એક જૂના રિક્ષાચાલક સાથે મિત્રતા કરે છે, જે તેને રિક્ષાચાલક તરીકે લાઇસન્સ મેળવવામાં મદદ કરે છે. કન્હૈયા જૂના રિક્ષાચાલક અને લાલુની મદદથી જૂતા-ચમકાવવાનું કામ લઈને તેના પરિવારને મદદ કરવાનો પ્રયાસ કરે છે. ગામમાં પાર્વતી શંભુને પત્રો લખવા અને સંપર્કમાં રહેવા માટે ઠકુરાઇન મીનાકુમારીની મદદ લે છે.

ત્રીજા મહિનાના અંતની નજીક, શંભુ પૈસા કમાવવા અને બચાવવા માટે ઉતાવળો બની જાય છે. એક દિવસ, એક વ્યક્તિ શંભુને તેની ગર્લફ્રેન્ડને લઈ જતી બીજી હાથરિક્ષાનો પીછો કરવા કહે છે. શંભુને વધુ પૈસા માટે ખૂબ જ ઝડપથી રિક્ષા ખેંચવાનું કહેવામાં આવે છે. રિક્ષાનું વ્હીલ તૂટી જાય છે અને શંભુનો અકસ્માત થાય છે. પોતાના પિતાની હાલત જોઈને કન્હૈયા ઝડપી પૈસા કમાવવા માટે પાકીટમાર ગેંગમાં જોડાય છે. આ જાણીને શંભુ ગુસ્સે થઈ જાય છે અને કન્હૈયાને માર મારે છે. દરમિયાન, પાર્વતી ચિંતિત થઈ જાય છે કારણ કે તેણીને શંભુ તરફથી કોઈ પત્ર અથવા પૈસા મળ્યા નથી. તે સ્થાનિક બાંધકામ સાઈટ પર કામ કરવાનું છોડી દે છે અને જ્યારે તેને શંભુના અકસ્માતના સમાચાર મળે છે ત્યારે તે નાસીપાસ થઈ જાય છે. ગંગુ પથારીવશ છે અને તેને ખૂબ તાવ છે તેમ છતાં પાર્વતી શહેરમાં શંભુની મુલાકાત લેવાનું નક્કી કરે છે.

પાર્વતી કલકત્તા પહોંચે છે અને એક અજાણી વ્યક્તિ તેને બીજાની પાસે લઈ જાય છે, જે દાવો કરે છે કે તે શંભુને ઓળખે છે અને તેને પોતાની પાસે લઈ જશે. તે તેને તેના શેડમાં લઈ જાય છે અને તેણીનો સામાન ચોરી કરવાનો પ્રયાસ કરે છે અને તેના પર બળાત્કાર કરે છે. પાર્વતી ત્યાંથી ભાગી જાય છે પરંતુ કારની નીચે આવે છે. તેની આસપાસ ભીડ ભેગી થાય છે અને તેઓ તેને હોસ્પિટલ લઈ જવા માટે રિક્ષા બોલાવે છે. શંભુ, જે ત્યાંથી પસાર થઈ રહ્યો છે, તે સવારી લઇ જવા તૈયાર છે અને તે જોઈને ચોંકી જાય છે કે સવારી બીજુ કોઇ નહીં પણ તેની પોતાની પત્ની જ છે.. અને ઘાયલ છે. દરમિયાન, કન્હૈયા, તેના પિતાની ગરીબ સ્થિતિનો સામનો કરી શકતો નથી, તે એક મહિલા પાસેથી પૈસા ચોરીને ઝૂંપડપટ્ટીમાં પાછો ભાગી જાય છે. તેને તેની માતાની હાલતની ખબર પડી અને હોસ્પિટલ દોડી ગયો. તે તેની ઘાયલ માતાને જોઈને રડે છે અને પોતાની જાતને કોસે છે કે ભગવાને તેમને સજા કરી છે કારણ કે તેણે પૈસા ચોર્યા હતા. તે પૈસાના ટુકડા કરી નાખે છે. ડૉક્ટરો શંભુને કહે છે કે તેણે તેની પત્નીને બચાવવા માટે દવા અને લોહીના પૈસા ખર્ચવા પડશે. જેમતેમ કરીને તેને બચાવે છે.

આ તરફ ગામમાં,દેવુ નહીં ચુકવી શકતા સંભુની જમીનની હરાજી થાય છે અને શંભુનો પિતા ગંગુ પાગલ બની જાય છે. જમીન, જે હવે જમીનદારની માલિકીની છે, શંભુની દો બીઘા જમીન પર મિલનું બાંધકામ શરૂ થાય છે. શંભુ અને તેનો પરિવાર ગામ પરત ફરે છે, માત્ર તેમની જમીન અને તેના પર બાંધવામાં આવી રહેલી મિલને જોવા માટે... શંભુ પોતાની દો બીઘા જમીનમાંથી મુઠ્ઠીભર માટી મેળવવાનો પ્રયાસ કરે છે પરંતુ સુરક્ષા ગાર્ડ દ્વારા તેને અટકાવવામાં આવે છે. શંભુ અને તેનો પરિવાર તેમની પોતાની માલીકીની જમીનથી પાછા ફરીને જોતાં જોતાં દૂર જઈ રહ્યાં છે... દૂર જઈ રહ્યાં છે... અને ફિલ્મનો અંત થાય છે....

શરૂઆતમાં બિમલ રોયે પૌડી જયરાજ , ત્રિલોક કપૂર અને નઝીર હુસૈનને મુખ્ય ભૂમિકામાં કાસ્ટ કરવાની યોજના બનાવી હતી, પછી તેણે હમ લોગ (1951) માં બલરાજ સાહનીની ભૂમિકા જોઈ અને તેને કાસ્ટ કરવાનું નક્કી કર્યું. રોયના આ નિર્ણયની તેમની ટીમ દ્વારા ટીકા કરવામાં આવી હતી કારણ કે સાહનીએ મોટાભાગે સમૃદ્ધ ભૂમિકાઓ કરી હતી. પોતાની ભૂમિકા માટે વધુ સારી રીતે તૈયારી કરવા માટે, બલરાજ સાહનીએ ખરેખર કલકત્તાની શેરીઓમાં રિક્ષા ખેંચવાની પ્રેક્ટીસ કરી હતી. તેણે ઘણા રિક્ષાચાલકો સાથે વાર્તાલાપ કર્યો અને તેમાંથી કેટલાક મૂવીમાં દર્શાવવામાં આવેલી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હતા. અભિનેત્રી નિરુપા રોય તે સમય સુધી તેણે ઘણી પૌરાણિક ફિલ્મોમાં હિંદુ દેવીની ભૂમિકા ભજવી હતી. તે પાર્વતીના રોલમાં હતી. આ ફિલ્મમાં ભાવુક અને લાગણીશીલ દ્રશ્યો માટે સાચે જ રડી પડી હતી, અને કહ્યું હતું કે, "આ પહેલી ફિલ્મ છે જેમાં મેં આંસુ માટે ગ્લિસરીનનો ઉપયોગ કર્યો નથી..."

આ ફિલમમાં હૃષીકેશ મુખર્જી, કે જેઓ ત્યારબાદ એક સફળ નિર્માતા અને ડીરેક્ટર બન્યા હતા તેઓ આ ફિલ્મના સંપાદક અને દશ્ય લેખક હતા. તેણે મીના કુમારીને પૂછ્યું કે શું તે આ ફિલ્મમાં કેમિયો કરશે, મીનાકુમારીએ ફિલ્મના ફોટા અને કેટલાક દ્રશ્યો જોયા પછી સંમતિ આપી હતી.

### ...પુરપાટ ઝડપે

કિચનનો વેલ ફર્નિશ્ડ બંગલો. સ્વીફ્ટ કાર અને દર મહિને છ આંકડાનો પગાર. બંને ખૂબ ફરે , દર રવિવારે બહાર હોટલમાં જમવા જાય, દર અઠવાડિયે એક પિક્ચર જોવા જાય. કવિતાનાં અધૂરા સપના પૂરા થવા લાગ્યા. સુખનાં દિવસો, મહિના અને વર્ષો વીતવા લાગ્યા. બે માંથી ચાર મેમ્બર થઈ ગયા.

કવિતાને પાકી ખાતરી હતી કે જે કંઈ થયું તે પેલા નોવેલના ચમત્કારના લીધે જ છે. એને હવે તે નોવેલથી ડર લાગવા લાગ્યો હતો. પણ હવે આ નોવેલનું કરવું શું એ તેને રોજ ચિંતા રહેતી. ઘણી વખત તેને નોવેલ વાંચવાનું મન થતું. પરંતુ તે પોતાના મનને રોકી રાખતી. પોતે આ નોવેલને ક્યાંક જઈ ફેંકી દેશે તો પોતાને મળેલું બધું જતું રહેવાની પણ બીક હતી.

એક દિવસ કવિતા ઘરે એકલી હતી. રાજન કંપનીનાં કામે સુરત ગયેલો હતો. બપોરે જમીને કવિતા પથારીમાં આડી પડી. પરંતુ તેને ઊંઘ આવતી ન હતી. આજે તેને પેલું નોવેલ જાણે ખેંચી રહ્યું હતું. તેણે ઘણા વર્ષે આજે કબાટમાંથી એ નોવેલ કાઢ્યું. બોક્સ ખોલ્યું, નોવેલ બહાર કાઢ્યું. પોતાના મનને ઘણું રોકવા છતાં જાણે પોતાના પર પોતાનો જ કાબુ ના હોય એમ લાગતું હતું. નોવેલ ખોલ્યું પેજ નંબર સો કાઢ્યું. તે વાંચવા લાગી. નોવેલનો નાયક પુરપાટ ઝડપે કાર લઈ જતો હોય તેવું વર્ણન હતું. કવિતાએ નોવેલ બંધ કરવા કોશિશ કરી. પરંતુ આજે તેને કોઈ શક્તિ બળજબરીથી નોવેલ આગળ વંચાવી રહી હતી. પુરપાટ ઝડપે જતી નાયકની કાર નદી પરના પુલની લોખંડની રેલિંગ તોડી નદીમાં ખાબકી. કવિતા ધ્રુજી ગઈ. તેણે નોવેલ નો ઘા કરી દીધો. પુરાણું થઈ ગયેલ નોવેલનું બાયડિંગ નબળું પડી ગયું હોવાથી પાના જુદા પડી ગયા. આખા રૂમમાં પંખાના પવનથી પાના ઉડવા લાગ્યા.

કવિતાને ખૂબ ચિંતા થવા લાગી. તેણે સુવાની કોશિષ કરી પણ ઊંઘ ના આવી. તેને ખૂબ બેચેની લાગવા લાગી. તે ડરી ગઈ. પરસેવે રેબઝેબ થઈ ગઈ. તે પોતાના મનને સમજાવવા લાગી કે, હું વિચારું તેવું ના પણ હોય. નોવેલમાં લખ્યું હોય તે બધુ સાચુ થાય છે એવો મને ફક્ત વહેમ હશે. જે અત્યાર સુધી થયું એતો ફક્ત સંજોગ હોય તેમ પણ બને.

કવિતાના મનમાં આજે ફડકો બેસી ગયો હતો. તેણે રાજનને ફોન લગાડ્યો. રાજનનો મોબાઈલ સ્વીચ ઓફ બોલતો હતો. રાજન ક્યારેય મોબાઈલ ફોન સ્વીચ ઓફ ના કરે. કવિતા ફફડી ઊઠી.

બેઠક રૂમમાં આવી. વૈભવી સોફામાં ફસડાઈ પડી. મોટી સ્ક્રીનવાળું ટીવી ઓન કર્યું. ટીવીમાં તેની માનીતી ન્યૂઝ ચેનલ ચાલુ થઈ. નીચે બ્રેકિંગ ન્યુઝની લાઇન આવતી હતી. "સુરત તરફ પૂરપાટ ઝડપે જતી એક સ્વીફ્ટ કારનું ટાયર ફાટતા નદીના બ્રિજની રેલિંગતોડીકારનદીમાંખાબકી."

નોવેલનાં પાના પંખાના પવનથી આખા રૂમમાં ઉડી રહ્યા હતાં....

અનુસંધાન પેજ 1 પરથી...

### જો જો ગુજરાત...

બીજા દેશો સામે હાથ લાંબો કરવો પડ્યો તેમ ગુજરાતે પણ પછી કેન્દ્ર સરકાર સામે હાથ લાંબો કરવો પડી શકે...!

રાજકીય પક્ષો દ્વારા અપાતી આવી લ્હાણીઓનો અભ્યાસ કરનારાઓ માને છે કે ગુજરાતમાં મફત લ્હાણીઓની પરંપરા નથી. આપ પાર્ટીએ સત્તા માટેનો આ રાજકીય ખેલ શરૂ કર્યો છે અને તે જોઈને યુપીમાં ભાજપે પણ લ્હાણીઓ કરી છે. ગુજરાતમાં જો આવુ વલણ અપનાવવામાં આવશે તો સત્તા તો મળશે ત્યારબાદ સરકાર ચલાવવા કેન્દ્ર સામે નજર રાખવી પડે અથવા જાહેર દેવુ કરવુ પડે અથવા એક વાર જીત્યા બાદ એવા વચનો પૂરા ન પણ કરે. કેમ કે એક વાર જિત્યા બાદ પાંચ વર્ષ સુધી સરકારને દૂર કરવાની ભારતમાં કોઈ કાયદાકીય જોગવાઈ નથી. વિદેશમાં છે. તેથી મોટા વચનો આપીને સત્તા મેળવનાર આવા વચનો પૂરા નહીં કરીને મતદારો સાથે દગો કરે છે.

શ્રીલંકાની આર્થિક બેહાલી પાછળના કારણોમાં ચૂંટણીઓ વખતે કરવેરામાં રાહતો આપતાં ટેક્સની આવક ઘટી અને માથે વિદેશી દેવામાં વધારો વગેરેને કારણે પ્રજાને જીવનજરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો વાજબી ભાવે પૂરો પાડવામાં નિષ્ફળ જતાં બજાર વ્યવસ્થા પડી ભાંગી અને લોકોને એક કપ ચા 100 રૂપિયામાં પીવાનો વારો આવ્યો તો ચોખા-તેલ પેટ્રોલના ભાવો એટલા વધ્યા કે જીવન જીવવુ મુશ્કેલ બનતા હજારો શ્રીલંકન તમિલો ભારતમાં હિજરત કરીને આવી રહ્યાં છે.

ગુજરાતમાં ચૂંટણીઓ નજીકમાં છે. જો રાજકીય પક્ષો મફત મફત.. ની લ્હાણીઓ કરીને સત્તા મેળવશે તો લ્હાણીવાળા વચનો પૂરા કરવા વધારે દેવુ લેવુ પડશે અથવા સત્તા મળી ગઈ એટલે વચનો પૂરા ન પણ કરીએ તો શું એવી માનસિકતાવાળી સરકાર આવશે તો મતદારો સાથે દ્રોહ કહેવાશે. એવુ પણ બને કે પંજાબના સીએમ ભગવંત માનની જે ગુજરાતના ભાવિ સીએમને પણ ભારત સરકાર સામે હાથ લાંબો કરવો પડે. શ્રીલંકાના બિહામણાં દ્રશ્યો અને તસ્વીરોનું જો જો ગુજરાતમાં પુનરાવર્તન ના થાય..!

### ભાજપનો વિકાસમંત્ર...

વૈશ્વિક પરિસ્થિતિઓ, બદલતા ગ્લોબલ ઓર્ડર. તેમાં ભીરત માટે સતત નવી સંભાવનાઓ બની રહી છે. ત્રીજુ કારણ પણ એટલું જ મહત્વનું છે. થોડા સમય પહેલા ચાર રાજ્યોમાં ભારતની ડબલ એન્જિનની સરકાર પાછી ફરી છે. ત્રણ દાયકા બાદ રાજ્યસભામાં કોઈ પાર્ટીના સભ્યોની સંખ્યા 100 સુધી પહોંચી છે.

દેશમાં અત્યારે બે પ્રકારનું રાજકારણ ચાલી રહ્યું છે. એક છે કુટુંબ ભક્તિ. બીજું દેશભક્તિ છે. દેશમાં કેટલાક રાજકીય પક્ષો એવા છે જે પોતાના પરિવાર માટે કામ કરી રહ્યા છે. ભાજપે જ પરિવારવાદ વિરુદ્ધ બોલવાનું શરૂ કર્યું અને તેને ચૂંટણીનો મુદ્દો બનાવ્યો. લોકો સમજી ગયા છે કે પારિવારિક સરકારો લોકશાહીની દુશ્મન છે અને તેઓ બંધારણને સમજતા નથી. દાયકાઓ સુધી કેટલાક પક્ષોએ વોટબેંકનું રાજકારણ કર્યું. માત્ર થોડા લોકોને વચન આપો. મોટાભાગના લોકોને તૃષ્ણા રાખો. ભેદભાવ, ભ્રષ્ટાચાર એ તમામ મતબેંકની રાજનીતિની આડ અસરો હતી. ભાજપે આ રાજકારણને સ્પર્ધા આપી છે. તે પોતાનું નુકસાન દેશવાસીઓને જણાવવામાં સફળ રહ્યું છે.વડાપ્રધાને કહ્યું, ડર, દબાવ વગર ભારત વિશ્વમાં અડગ. રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને સરકાર કામ કરે છે. આજે દેશમાં નીતિ, નિયત અને નિર્ણય શક્તિ. ભારત દ્ઢતાથી માનવતાની વાત કરે છે. 80 કરોડ ગરીબોને રાશનનું વિતરણ. PM મોદીનું ભાજપ કાર્યકરોને સંબોધન.

### શ્રીલંકામાં કથળી...

પોતાનું પદ છોડ્યું છે. કહેવાય છે કે હવે શ્રીલંકામાં એક સર્વપક્ષીય સરકાર બની શકે છે જ્યાં વિપક્ષના નેતાઓની પણ સક્રિય ભાગીદારી હશે. શ્રીલંકામાં લાંબા સમય સુધી વીજ કાપે દેશમાં સંચાર નેટવર્કને પ્રભાવિત કર્યું છે. ભારે દેવા અને ઘટતા વિદેશી ભંડારના કારણે શ્રીલંકા આયાત માટે ચૂકવણી કરવામાં અસમર્થ છે. આ જ કારણ છે કે તેનાથી દેશમાં ઇંધણ સહિત અનેક સામાનની ભારે અછત સર્જાઈ છે.

### યુક્રેનની યુનિ.એ...

આપણા હજારો વિદ્યાર્થીઓની જે ચિંતા હતી તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ વિદ્યાર્થીઓ સલામત રહે તે રીતે ઓપરેશન કરવા આપેલી સૂચના બાદ ફકત 24 કલાકમાં જ કાર્યવાહી શરુ કરી દેવામાં આવી હતી.

જયશંકરે કહ્યું કે, યુક્રેનની યુનિ.એ આપણા વિદ્યાર્થીઓને દ્વીધામાં રાખી દીધા હતા અને વાસ્તવિકતાની જાણ ન કરતા સમયસર બહાર નીકળી શકય ન હતા. વિદ્યાર્થીમાં ભય હતો કે તેઓ જો અભ્યાસ છોડીને પરત જશે તો તેમનું શૈક્ષણિક વર્ષ બગડશે. યુનિ.એ ઓનલાઈન અભ્યાસની છૂટ નથી તેવું જણાવ્યું હતું. દરેક યુનિ. અલગ અલગ સ્ટેન્ડ લેતા હતા.મોટાભાગની યુનિ.એ કહ્યું કે, યુદ્ધ થશે નહી તેથી વિદ્યાર્થીઓ રોકાઈ ગયા હતા. યુક્રેન પર ભારતે શાંતિનો મત લીધો હોવાનો દાવો વિદેશમંત્રીએ કર્યો હતો. ભારતે સ્પષ્ટ કહ્યું હતું કે લોહી વહાવીને કોઈ સમાધાન થઈ શકે નહી. અમો યુક્રેનની દરેક સંભવ મદદ કરી રહ્યા છીએ.

### સતત આતંકી...

આ મુલાકાત મહત્વપૂર્ણ મનાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રની મોદી સરકારે કાશ્મીરમાં આતંકીઓ સામે પણ કડક હાથે કામ લેવાનુ વલણ અપનાવ્યુ છે અને 2019માં કલમ 370 દૂર કર્યા બાદ સુરક્ષાદળોને સરકારે આતંકીઓ સામે વધારે આકરૂ વલણ અપનાવવાના આદેશ આપેલા છે.

હાલમાં રાજ્યમાં સીમાંકનની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે. સરકારના પ્રસ્તાવ પ્રમાણે જમ્મુ કાશ્મીર વિધાનસભામાં બેઠકોની સંખ્યા 90 કરવાનો પ્રસ્તાવ છે. જેમાં 47 બેઠકો કાશ્મીર અને 43 બેઠકો જમ્મુ ક્ષેત્રમાં હશે. આમ કુલ સાત બેઠકોનો વધારો થશે.

હાલમાં પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીર સહિત રાજ્યમાં 107 બેઠકો છે. જે વધારીને 114 કરવાનો પ્રસ્તાવ છે. જોકે જમ્મુ કાશ્મીરના સીમાંકનના પ્રસ્તાવ સામે સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવામાં આવેલી છે.

ભાજપના જમ્મુ કાશ્મીરના મહાસચિવ અશોક કૌલનુ કહેવુ છે કે, પીએમ મોદી અને કાશ્મીરી પંડિતોના પ્રતિનિધિઓ વચ્ચે એક બેઠક યોજાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

### મહારાષ્ટ્રના પૂર્વ...

તેમની કસ્ટડીની સીબીઆઈની અરજીને મંજૂરી આપી હતી. બોમ્બે હાઈકોર્ટે સીબીઆઈ કેસમાં બે આરોપીઓની આગોતરા જામીન અરજી પણ ફગાવી દીધી છે. આ બે લોકોના ફોન IPS અધિકારી રશ્મિ શુક્લા દ્વારા ટેપ કરવામાં આવ્યા હતા, જેઓ તેમની ખુદની ફરિયાદ અનુસાર ગેરકાયદેસર ટ્રાન્સફોર્મર પોસ્ટિંગ કેસનો ભાગ હતા. આ અગાઉ મુંબઈની સેશન્સ કોર્ટે પણ આગોતરા જામીન અરજીઓ ફગાવી દીધી હતી. મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે આરોપ લગાવ્યો હતો કે તત્કાલીન ગૃહમંત્રી દેશમુખે પોલીસ અધિકારીઓને શહેરમાં રેસ્ટોરાં અને બારમાંથી દર મહિને 100 કરોડ રૂપિયા વસૂલવાનો ટાર્ગેટ આપ્યો હતો. દેશમુખે આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ ગત વર્ષે એપ્રિલમાં બોમ્બે હાઈકોર્ટે સીબીઆઈને તેમની સામે કેસ નોંધવાનો નિર્દેશ આપ્યા બાદ કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું.

અનુસંધાન પેજ 12 પરથી...

### ગુજરાત ચૂંટણીઓ...

10 અને 11 એપ્રિલે અમિત શાહના પ્રવાસનું આયોજન કર્યુ છે. 9 એપ્રિલે મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચશે. ગાંધીનગર ખાતે નવનિર્મિત ગુજકોમાસોલ ભવનનું લોકાર્પણ કરશે. ત્યાર બાદ ગુજકોમસોલ સાથે અમિત શાહ બેઠક યોજશે. આ વખતે બે દિવસ ગુજરાત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ 10 અને 11 તારીખે ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રીના બે દિવસના ગુજરાત પ્રવાસના આયોજનને લઈને તંત્ર સજ્જ થઈ ગયું છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું ફરી સૌરાષ્ટ્રમાં આગમન થશે. 10 એપ્રિલના દ્વારકાધીશ મંદિરે રાષ્ટ્રપતિ શિશ ઝુકાવશે તેમજ 13 એપ્રિલના રૂક્ષ્મણી વિવાહમાં અને માધવપુરના મેળામાં પણ ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિના આ પ્રવાસને લઈ દ્વારકા અને માધવપુરમાં તંત્ર ખાસ તૈયારી કરવામાં જોતરાઈ ગયું છે.

નોંધનીય છે કે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપે ચાર રાજ્યોમાં ચૂંટણી જીતતા ગુજરાત ભાજપના નેતાઓનો ઉત્સાહ પણ વધી ગયો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપના નેતાઓનો ગુજરાત પ્રવાસ વધી ગયા છે. હાલ ભાજપ હાઈકમાન્ડનું સંપૂર્ણ ફોકસ ગુજરાત પર છે ત્યારે કેન્દ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસમાં વધારો થઈ રહ્યો છે.

### જ્યારે એક...

શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધતાં તે રસ્તે જનાર અસામાજિક તત્વોને શોધવા કામ કરી રહી હતી. આ દરમિયાન કૈલાશનગરના ગેટ પાસે કેટલાક લોકો ટોળે વળીને ઉભા હતાં. પોલીસને જોઈને કેટલાક ત્યાંથી ભાગી ગયા હતાં. જ્યારે એક વ્યક્તિ ત્યાં હાજર મળી આવતાં પોલીસે તેને અહીં શું કરો છો? કોણ કોણ બેઠા હતાં તેવો સવાલ કર્યો હતો. પોલીસના સવાલથી ઉશ્કેરાયેલા જીતેન્દ્ર નામના વ્યક્તિએ કહ્યું હતુ કે, તમને કાલે પણ અહીં નહીં આવવાનું કહ્યું હતું. તે છતાંય અહીં આવીને લોકોને કેમ હેરાન કરો છો કહીને પોલીસ સાથે બબાલ શરૂ કરી હતી. આ જીતેન્દ્ર અન્ય કોઈ નહીં પણ પોતે આર્મ પોલીસ કોન્સ્ટેબલ હોવાનું સામે આવ્યું હતું. પોલીસ કંઈ વધુ બોલે તે પહેલાં જ શર્ટનો કોલર પકડી બબાલ શરૂ કરી હતી. જીતેન્દ્ર અગાઉ મારામારી, પ્રોહિબિશન, રાયોટિંગ જેવા ગુના આચરી ચૂક્યો છે. જેથી હવે શહેરકોટડા પોલીસે જીતેન્દ્રની ધરપકડ કરી અન્ય છ લોકો સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### 'પોલીસ પર કાર...

ઘટનામાં સખત કાર્યવાહી કરી જ છે. વીડિયો રેકોર્ડીંગ એફએસલમાં મોકલવામા આવશે. પોલીસ કાર્યવાહી બાદ યુવરાજસિંહને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. યુવરાજસિંહને છોડવા સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ ચાલે છે પણ જ્યારે વીડિયો લોકો જોશે તો સત્ય જાણશે.

વધુમાં કહ્યું હતુ કે, સચિવાલય ગેટ પર વિધ્યાસહાયક ઉમેદવારો વિરોધ કરતા હતા. તેમને સમજાવી ડિટેઈન કરી એસપી કચેરી લવાયા. યુવરાજસિંહ અને દિપક ઝાલા બંને તેમની સાથે સચિવાલયથી એસપી કચેરી આવ્યા હતા. પોલીસ સાથે ઘર્ષણ કરી ધક્કા મારી નિકળવાનો પ્રયત્ન કર્યો હતો. યુવરાજ ભાગવા જાય છે અને તે ગાડી લઈને નિકળવાનો પ્રયાસ કરે છે. પોલીસને ઘસેડીને તે ગાડી લઇ જાય છે. જે અંગે ફરીયાદ કરાઈ છે.

### અમરાઈવાડીમાં...

રખડતી ગાયો અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્થાનિક સેનેટરી ઈન્સ્પેક્ટર મનસુખભાઇ પરમારનો સંપર્ક કરીને જાણ કરી છે. તેમણે ગુજરાત વંદનના પ્રતિનિધિને ખાતરી આપી છે કે, આ સમસ્યા કે જે સ્કૂલના બાળકોને અસર કરે તેમ છે. તેમાં કાયમી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# કરશનભાઈ પટેલની સફળ ગાથા : દૂધ કી સફેદી- સમૃદ્ધિ કી લહેર નિરમાસે આઈ...!

## એક સમયે સાઈકલ પર વોશિંગ પાઉડર વેચનાર આજે અબજોમાં રમે છે, 14000ને રોજગારી મળે છે

ગુજરાત | વંદન

આજે ગુજરાત અને દેશના ખૂણેખૂણે તથા ઘરે ઘરે વોશિંગ પાઉડર ક્ષેત્રે નિરમાનું નામ સૌથી મોખરે છે. નિરમા કંપનીના માલિક કરશનભાઈ પટેલ એક સમયે પોતાની પ્રોડક્ટ સાઈકલ પર લાદીને વેચવા નિકળતા હતા. આજે લાખો લોકો તેની પ્રોડક્ટ વેચીને બે પાંદડે થયા છે. એ સમયે ભારતમાં કપડાં ધોવાના પાલડર તરીકે સર્ફનું નામ મોખરે હતું. નિરમા પ્રોડક્ટ ભાવની દ્રષ્ટિએ ખૂબ જ સસ્તુ હોવાથી કરશનભાઈ પટેલે સર્ફનું બજાર સર કર્યું હતું. આજે તેઓ વોશિંગ પાઉડર ઉપરાંત શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં અગ્રેસર છે.





કરશન ભાઈ પટેલ અને તેમની કંપનીની સફળતા પાછળની તેમના સંઘર્ષ વિશે માહિતી મેળવીએ. લોકોમાં તેમની બ્રાંડની લોકપ્રિયતા એટલી બધી છે કે લોકો નીરમાં નામને અને ડીટર્જેન્ટ શબ્દને પર્યાય માનવા લાગ્યા છે. જો કે આ સફળતા કરશન ભાઈને આસાનીથી મળી નથી આ માટે તેમણે ઘણી મહેનત કરી છે. સૌ પ્રથમ જો વાત કરશનભાઈ અંગે કરીએ તેઓ એક સામાન્ય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. કરશનભાઈ પટેલે પોતાનો ડીટર્જેન્ટ પાવડર વેચવાની શરૂઆત વર્ષ ૧૯૬૯ માં કરી હતી અને તેમનો જન્મ મહેસાણામાં થયો હતો.

આ સમયે ડીટર્જેન્ટ બનાવવાનું અને તેને વેચવાનું તમામ કામ કરશનભાઈ જ કરતા હતા તેઓ પોતાના ઘરમાં પાઉડર બનાવતા અને પોતાની સાઈકલ લઈને ઘરે ઘરે વેચવા માટે જતા હતા. ધીરે ધીરે લોકોને તેમનો પાઉડર પસંદ આવવા લાગ્યો તેઓ પોતાના ગ્રાહકને એવી પણ ખાતરી આપતા કે જો કપડા માંથી ડાઘ ના જાય તો વેચેલ માલ પાછો લઈ લેશે. આ ગેરેંટીને કારણે લોકોમાં તેમના પાઉડરને લઈને ચાહના વધી અને તેમનો માલ વેચાવવા લાગ્યો જેમાં બીજું અગત્યનું પરિબળ આ ડીટર્જેન્ટની કીમત પણ હતી જે સમયે વિદેશી કંપનીઓ સસ્તામાં





સસ્તો ડીટર્જેન્ટ પાઉડર ૧૩ રૂપિયે પ્રતિ કિલો વહેચતા તેવામાં કરશનભાઈ પોતાનું ડીટર્જેન્ટ ૩ રૂપિયા પ્રતિ કિલો વેચતા હતા આમ લોકોને ઓછા પૈસા વધુ સારી વસ્તુઓ મળવા લાગી અને તેમનો માલ વેચાવા લાગ્યો. જો કે કરશન ભાઈએ પોતાના ડીટર્જેન્ટ પાઉડરનો વેપાર શરુ કર્યો ત્યારે અનેક વિદેશી કંપનીઓ હરીફાઈમાં હતી જેમની પાસે ઘણા પૈસા હતા તેવામાં સાવ ઓછા પૈસે શરુ કરેલ ધંધો એટલો મોટો થશે અને એક બ્રાંડ બની જશે તેવો વિચાર કરશન ભાઈ પટેલને પણ નહતો. આજે નિરમા કંપનીમાં ૧૪૦૦૦ લોકો કરતા પણ વધુ લોકોને રોજગારી આપે છે.

# HDFC મહા વિલીનીકરણ પછી TCSને પછાડી બીજા નંબરની સૌથી મૂલ્યવાન કંપની

ગુજરાત | વંદન

દેશની સૌથી મોટી હોમ ફાઈનાન્સ કંપની એચડીએફસીનું દેશના ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્ક એચડીએફસી સાથે વિલીનીકરણ થયું છે. દેશના કોર્પોરેટ ઈતિહાસનું આ સૌથી મેગા મર્જર છે. એચડીએફસી ફાઈનાન્સ અને બેંકના વિલીનીકરણની જાહેરાત પછી તેના શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. જેના પગલે એચડીએફસી ટ્વીનસના માર્કેટ કેપ મામલે દેશની સૌથી મોટી આઈટી કંપની ટાટા કંસલ્ટેન્સી સર્વિસ(TCS)ને પાછળ છોડીને છલાંગ લગાવી છે. નોંધનીય છે કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેશી સૌથી મોટી કંપની છે.

આ મર્જર હેઠળ એચડીએફસીના પ્રત્યેક 25 ઈક્વિટી શેર દીઠ એચડીએફસી બેન્કના 42 ઈક્વિટી શેર મળશે. એચડીએફસી લિમિટેડ મુખ્ય કંપની છે અને તેની સબસિડિયરી કંપની એચડીએફસી બેન્ક છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી લિમિટેડ કરતા બેન્ક મોટી બની ગઈ છે. અત્યારે બંને અલગ હોવાના કારણે કોસ્ટ ઓફ કેપિટલ વધુ છે પરંતુ મર્જર થતાંની સાથે જ કોસ્ટ ઓફ કેપિટલમાં ઘટાડો થશે અને તેના કારણે ગ્રાહકોને ઓછા ધિરાણની ઓફર આપી શકશે.

એચડીએફસી બેન્કનું તેની પેરેન્ટ કંપની એચડીએફસીમાં મર્જરની જાહેરાતના પગલે બંને કંપનીના શેર્સમાં ઉછાળો નોંધાયો હતો. છેલ્લા બંધ મુજબ મર્જર બાદ એચડીએફસી લિ.ની માર્કેટકેપ રૂ. 14.05 લાખ કરોડ સાથે ટોચની બીજા ક્રમની લિસ્ટેડ કંપની બનશે. કંપનીએ જણાવ્યા મુજબ, એચડીએફસીના શેરહોલ્ડર્સને 25 શેર દીઠ એચડીએફસી બેન્કના 42 શેર્સ મળશે.

એચડીએફસી લિ. બેન્કનો 41 ટકા હિસ્સો હસ્તગત કરશે. મર્જરની જાહેરાતના પગલે બીએસઈ ખાતે એચડીએફસી બેન્ક ઈન્ટ્રા ડે 14.30 ટકા વધી 1,721.85 અને એચડીએફસી લિ. 16.50 ટકા સુધરી 2,855.35ની ટોચે પહોંચ્યો હતો. અંતે એચડીએફસી બેન્ક 9.97 ટકા ઉછળી 1,656.45 અને એચડીએફસી લિ. 9.30 ટકા વધી 2,678.90 પર બંધ રહ્યા હતા. બંનેના શેરહોલ્ડર્સની મૂડી 1.26 લાખ કરોડ વધી હતી.

ગુજરાતની ગૃહ ફાઈનાન્સ ખરીદનાર


## બંધન બેન્ક ગ્રુપ દ્વારા IDFC મ્યુ. ફંડ હસ્તગત કરવાની યોજના...

ગુજરાત | વંદન

અગાઉ આઈડીએફસીની સબસીડીયરી ગૃહ ફાઈનાન્સને સફળતાપૂર્વક હસ્તગત કરી કર્યા પછી બંધન ગ્રુપ તેની પ્રવૃત્તિને વધુ સઘન બનાવવા હવે આઈડીએફસીની મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસને હસ્તગત કરવા વધુ સક્રિય બની છે. નાણાંકીય ક્ષેત્રમાં હરણફાળ પ્રગતિ સાધવા માટે બંધન બેન્ક ગ્રુપ સઘનપણે પ્રયાસ હાથ ધરી રહી છે.

મળતી માહિતી પ્રમાણે મુજબ રૂ. 4500 કરોડના રોકાણથી આ મ્યુચ્યુઅલ ફંડ ખરીદવાનું બીડ રજૂ કર્યું હોવાનું કહેવાય છે. ગુજરાતમાં બંધન બેન્ક ગ્રુપ તેની પ્રવૃતિના વિસ્તરણ માટે ખૂબ પ્રયત્નશીલ છે. હાઉસિંગ ફાઈનાન્સ ક્ષેત્રે ગૃહ ફાઈનાન્સ હસ્તગત કર્યા પછી બંધન કોન્સોર્ટીયમ કે જે સીંગાપોર સેવરેજીન વેલ્થ ફંડ જી.આઈ.સી. અને સીંગાપુરની પી.ઈ. ફર્મ કાર્લસન કેપીટલ ધરાવે છે. તાજેતરમાં બુધવારે આઈડીએફસીની પેરન્ટ કંપની બીડની સ્વીકૃતિ અંગેનો નિર્ણય કરનાર છે. બંધનગ્રુપના ફાઉન્ડર ચંદ્રશેખર ઘોષ છે. તેઓએ જો કે આ સોદા અંગે ટીકા ટીપ્પણી કરવાનું ટાળ્યું છે, પણ સુમાહિતગાર વર્તુળોમાંથી મળેલા નિર્દેશ મુજબ આઈડીએફસી મ્યુચ્યુઅલ ફંડને હસ્તગત કરવા માટે બંધન ગ્રુપ અને ઈન્વેસ્ટરોની આગેવાનીમાં કોન્સોર્ટીયમ વચ્ચે ભારે હરિફાઈ જામી છે. જો બંધન ગ્રુપને આઈ.ડી.એફ.સી મ્યુચ્યુઅલ ફંડ પ્રાપ્ત થાય તો ફાયનાન્સીયલ સર્વિસ સેક્ટરમાં તેની હાજરી નોંધપાત્ર પૂરવાર થશે. આમ આ બીજુ હસ્તગત સાહસ પૂરવાર થશે. તેણે ગૃહ ફાઈનાન્સ હસ્તગત કર્યું હતું.

સેન્સેક્સ 59610 નિફ્ટી 17807





## એનટીપીસી, ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ કોર્પ, ભારતી એરટેલ, નેસ્લેના શેર વધ્યા

## એચડીએફસી બેન્ક, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસના શેર ઘટ્યા

સેન્સેક્સ પર એચડીએફસી બેન્ક, એચડીએફસી, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. એચડીએફસી બેન્ક 3.51 ટકા ઘટી 1550.80 પર બંધ રહ્યો હતો. HCL ટેક 2.07 ટકા ઘટી 1170.80 પર બંધ રહ્યો હતો. જોકે એનટીપીસી, ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ કોર્પ, ભારતી એરટેલ, નેસ્લે સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. એનટીપીસી 2.61 ટકા વધી 153.05 પર બંધ રહ્યો હતો. ટાટા સ્ટીલ 1.94 ટકા વધી 1371.00 પર બંધ રહ્યો હતો.

# શેરબજારમાં સતત બીજા દિવસે પણ ગાબડું, સેન્સેક્સ 566 પોઈન્ટ ગગડ્યો

ગુજરાત | વંદન



| યુટીલીટી | ટેલિકોમ | મેટલ | ઓઈલ ગેસ |
|---|---|---|---|
| 3857.38 | 1941.18 | 23386.12 | 19942.17 |
| પાવર | સીપીએસઇ | BSE પીએસયુ | એનર્જી |
| 4523.30 | 1706 | 9182.91 | 8507.15 |

### Paytm સ્ટોકમાં ઉછાળો

Paytmના શેરમાં સારો ઉછાળો જોવા મળી રહ્યો છે. શેર આજે ઈન્ટ્રાડેમાં 6 ટકા વધીને રૂ. 645 પર પહોંચ્યો હતો. જ્યારે મંગળવારે તે રૂ. 609 પર બંધ રહ્યો હતો. કંપનીના અપડેટ મુજબ, વાર્ષિક ધોરણે ચોથા ત્રિમાસિક ગાળામાં કુલ લોન મૂલ્યમાં 417 ટકાનો વધારો થયો છે. Q4 માં લોનનું કુલ મૂલ્ય 417 ટકા વધીને 3553 થયું છે. Q4 માં 65 લાખ લોન વિતરણ કરવામાં આવી છે. વાર્ષિક ધોરણે સરેરાશ માસિક વ્યવહાર કરનારા વપરાશકર્તાઓમાં પણ વધારો થયો છે. સુપર એપ એવરેજ MTU 41 ટકા વધીને 7.09 કરોડ થયો છે.

મુંબઈ શેરબજારમાં નવા નાણાંકીય વર્ષની શરૂઆત શુભ રહી હોય તેમ પ્રથમ દિવસે તેજીનો પવન ફુંકાયો હતો. સેન્સેક્સ 60000 તથા નિફ્ટી 18000ને પાર પહોંચ્યું હતું. જ્યારે સપ્તાહના બીજા દિવસે મંગળવારે ઘટાડા સાથે બજાર બંધ થયું હતું. સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે પણ ભારતીય શેરબજારની નબળી શરૂઆત થઈ હતી.

સવારે 9.21 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 461.44 પોઈન્ટ (0.77 ટકા) ના ઘટાડા સાથે 59,715.06ના સ્તર પર જોવા મળ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 128.60 પોઈન્ટ (0.72 ટકા) તૂટીને 17,828.80ના સ્તર પર જોવા મળી રહ્યો હતો.

બાદમાં અંતમાં બીએસઈના 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ 566.09 અંક એટલે કે 0.94 ટકાના ઘટાડાની સાથે 59,610.41ના સ્તર પર બંધ થયું. જ્યારે એનએસઈના 50 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી 149.75 અંક એટલે કે 0.83 ટકા ઘટીને 17,807.65ના સ્તર પર બંધ રહ્યું હતું.

જો કે મિડકેપ અને સ્મૉલકેપ શેરો મજબૂતી જોવાને મળ્યા છે. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 0.41 ટકા વધીને બંધ થયા છે, જ્યારે નિફ્ટીના મિડકેપ 100 ઈન્ડેક્સમાં 0.59 ટકાનો વધારો દર્જ કરવામાં આવ્યો છે. બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.38 ટકા વધારાની સાથે બંધ થયા છે.

બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસ, ઑટો, એફએમસીજી, પ્રાઈવેટ બેન્ક, રિયલ્ટી, કંઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી, ફાર્મા અને હેલ્થકેર 0.18-1.63 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 1.14 ટકાના ઘટાડાની સાથે 37,632.80 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે મેટલ, પીએસયુ બેન્ક અને ઑયલ એન્ડ ગેસ શેરોમાં વધારો દેખાયો. સૌથી વધુ ઉંચકાયેલા અને ગગડેલા શેર્સ પર નજર કરીએ તો દિવસભર કોલ ઈન્ડિયા 3.09 ટકા, આઈઓસી 2.81 ટકા, એનટીપીસી 2.62 ટકા, ટાટા સ્ટિલ 1.83 ટકા, પાવરગ્રિડ કોર્પ 1.67 ટકા ઉંચકાયા છે. જ્યારે એચડીએફસી બેન્ક 3.63 ટકા, એચડીએફસી - 3.32 ટકા, એચડીએફસી લાઈફ -2.47 ટકા, એચસીએલ ટેક -2.01 ટકા, ટેક મહિન્દ્રા -1.96 ટકા ગગડ્યા છે.

ઘઉં થયા મોંઘા રે મોંઘા

## યુદ્ધ રશિયા-યુક્રેન વચ્ચે અને ભાવની અસર ગુજરાતમાં થઇ



ગુજરાત | વંદન

ગુજરાતની ઓળખ સમા ઘઉંની કિંમત પણ રશિયા-યુક્રેન યુદ્ધને કારણે અસરગ્રસ્ત થઈ છે. ગુજરાતથી રશિયા અને યુક્રેનમાં ઘઉંની નિકાસ કરવામાં આવે છે. પરંતુ યુદ્ધને કારણે તે ન થઈ શકતા ઘઉંના ભાવમાં આ વર્ષે પ્રતિ 100 કિલોગ્રામે રૂ.400 થી રૂ.500 નો વધારો થયો છે.

હોળી-ધૂળેટીના તહેવાર બાદ ગુજરાતમાં ઘઉંની સીઝન શરૂ થાય છે. આ સીઝનમાં ગૃહિણીઓ આખા વર્ષનું અનાજ ભરતી હોય છે. દરમિયાન છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધને લીધે મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ વધી ગયા છે.

તેમાં ઘઉંના ભાવ પણ 25થી 30 ટકા જેટલા વધ્યા છે. ગુજરાતમાં ત્રણ પ્રકારના ઘઉં થાય છે. રજવાડી, શરબતી અને ભાલીયા. ગુજરાથી રશિયા અને યુક્રેનમાં મોટાપ્રમાણમાં ઘઉં એક્સપોર્ટ થાય છે. પણ હાલમાં યુદ્ધને લીધે ખરીદી મોંઘી બનતા તેની ભાવ પર અસર પડી છે.

જીએસટીની આવકથી સરકારની તિજોરી છલકાઈ!

# વર્ષના અંતિમ માસમાં GSTનું રેકોર્ડ બ્રેક 1.42 લાખ કરોડનું કલેક્શન

ગુજરાત | વંદન




દેશમાં જીએસટી કાયદો લાગૂ થયા બાદ અત્યાર સુધીમાં રેકોર્ડ જીએસટી કલેક્શન માર્ચ 2022માં આવ્યું છે. નાણાકીય વર્ષ 2021-22ના અંતિમ મહિનો એટલે કે, માર્ચ 2022માં જીએસટી કલેક્શન 1.42 લાખ કરોડ રૂપિયા એટલે કે, 1,42,095 કરોડ રૂપિયા આવ્યું છે. આ અત્યાર સુધીના કોઈ એક મહિનાનું સૌથી વધારે જીએસટી કલેક્શન છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ માહિતી સામે આવી છે.

આ મામલે નાણા મંત્રાલયે કહ્યું છે કે માર્ચ 2022 માટે GST કલેક્શનનો ડેટા ગયા વર્ષના માર્ચ મહિનાની સરખામણીમાં 15 ટકાનો વધારો દર્શાવે છે. જ્યારે માર્ચ 2020 ની સરખામણીમાં GST કલેક્શનમાં 46 ટકાનો ઉછાળો છે. નાણા મંત્રાલયના જણાવ્યાનુસાર માર્ચ 2022માં કુલ GST કલેક્શન નવી ટોચે પહોંચ્યું હતું અને જાન્યુઆરી 2022માં થયેલા રેકોર્ડ બ્રેક કલેક્શન 1,40,986 ને પણ પાર થયું છે.

માર્ચ 2022માં ગ્રોસ GST કલેક્શન રૂ. 1,42,095 કરોડ હતું. જેમાં સરકારને CGST દ્વારા રૂ. 25,830 કરોડ, SGST દ્વારા રૂ. 32,378 કરોડ, IGST દ્વારા રૂ. 74,470 કરોડ અને રૂ. 9,417 કરોડ સેસ દ્વારા 981 કરોડની આવકનો સમાવેશ થાય છે.

માર્ચ 2022માં ગ્રોસ જીએસટી કલેક્શન રેવન્યૂ 1,42,905 કરોડ રૂપિયા રહ્યું, જેમાં સીજીએસટીનો ભાગ 25,830 કરોડ રૂપિયા છે અને એસજીએસટી 32,378 કરોડ રૂપિયા રહ્યું છે. આઈજીએસટીનું કલેક્શન 39,131 કરોડ રૂપિયા રહ્યું છે અને સેસનું યોગદાન 9417 કરોડ રૂપિયા રહ્યું છે. તેમાં 981 કરોડ રૂપિયાનું કલેક્શન સામે ઈન્કમ પર મેળવ્યું છે. ગ્રોસ જીએસટી કલેક્શન અત્યાર સુધીમાં સૌથી વધારે રહ્યું છે. અને તેણે જાન્યુઆરીના 1,40,986 કરોડ રૂપિયાના ઓલટાઈમ હાઈ કલેક્શનના આંકડાના પછાડી દીધા છે.

# વડોદરાની સ્ટર્લિંગ બાયોટેકને US કંપનીએ 650 કરોડમાં ખરીદી

ગુજરાત | વંદન




વડોદરા સ્ટર્લિંગ બાયોટેક કંપનીને સોમવારે ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલી અને બેલ્જિયમ ફર્મ ગણાતી અમેરિકાની પરફેક્ટ ડે કંપનીએ રૂપિયા 650 કરોડમાં ખરીદી હતી. હરાજીમાં કુલ પાંચ કંપનીઓએ ભાગ લીધો હતો.

મહત્વનું છે કે 4 એપ્રિલના રોજ ઈ-ઑક્શન કરવામાં આવ્યું હતું. જેમાં 5 કંપનીઓએ ભાગ લીધો હતો. અરવિંદો ફાર્મા કેડિલા હેલ્થ કેર, યુપીએલ સહિત કેટલીય ભારતીય કંપનીઓએ પણ તેમા રસ દાખવ્યો હતો. તબક્કાવારની બોલી બાદ રુપિયા 548.43 કરોડની બેઝ પ્રાઈઝ રાખવામાં આવી હતી.

નીતિન સાંડેસરા અને ચેતન સાંડેસરાની કંપની સ્ટર્લિંગ બાયોટેક દ્વારા દેશની આંધ્ર બેંક,પંજાબ નેશનલ બેંક સહિત વિવિધ બેંકો પાસેથી રૂપિયા 16 હજાર કરોડની લોન લીધા બાદ ભરપાઈ કરવામાં આવી નહોતી. તેમની સામે આ અંગે 2017માં ગુનો નોંધાતા સાંડેસરા પરિવારના ચાર સભ્યો દેશ છોડી ભાગી ગયા હતા. આ મામલે ઈડી દ્વારા અત્યાર સુધી કુલ 14,543 કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી હતી. નેશનલાઈઝ બેંકો અને ફાયનાન્સ કંપનીઓને કરોડોનો ચૂનો ચોપડી વિદેશમાં ફરાર થઈ જનાર કૌભાંડી સાંડેસરા બંધુઓનું બોલિવુડ કનેક્શન સામે આવ્યું હતું.. 16 હજાર કરોડના બેંક કૌભાંડમાં બોલિવુડ અભિનેતા ડીનો મોરિયા અને પ્રોડ્યુસર સંજય ખાનની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી હતી.સાંડસરાના બંગલાનું ઈન્ટરિયર ડિઝાઈન શારુખની પત્ની ગૌરી ખાન અને સુઝાને કર્યું હતું.. સુઝાનની મુલાકાતને પગલે સાંડેસરા સંજય ખાનના સંપર્કમાં આવ્યો હતો. મહત્વનું છે કે ઈડીએ હમણા થોડા સમય પહેલા સાંડેસરા ગ્રૂપ કેસમાં મની લોન્ડરીંગ એક્ટ હેઠળ રૂ. 8.79 કરોડની આઠ જંગમ અને સ્થાવર મિલકતો ટાંચમાં લીધી હતી. જેમાં અભિનેતા ડીનો મારિયા તથા સંજયખાનની મિલકતોનો પણ સમાવેશ થતો હતો.

# બાબા રામદેવની કંપની રૂચિ સોયા કંપનીનો શેર 19 ટકા જેટલો ગબડ્યો

ગુજરાત | વંદન



તાજતેરના ભૂતકાળમાં 24થી 28 માર્ચ દરમ્યાન રૂચિ સોયાનાં એફ.પી.ઓ.નું ભરણું ખુલ્યું હતું. કંપનીએ રૂ. 615થી 650 ઓફર પ્રાઈસ રેન્જ વચ્ચે શેરો ઓફર કર્યા હતા. તાજેતરમાં તેના શેરોનું એલોટમેન્ટ થયા પછી કંપનીની પેઈડઅપ કેપીટલ 59.16 કરોડથી વધીને રૂ.72.4 કરોડ થવા પામી હતી. કંપનીએ આ ઈસ્યુના ભરણા દ્વારા 1290 કરોડની માતબર રકમ પ્રાપ્ત કરી હતી. જેના એન્કર ઈન્વેસ્ટર પાસેથી રૂ. 650(શેરદીઠ) ભાવથી રૂ.1.98 કરોડ પ્રાપ્ત કર્યા હતા, પરંતુ એફ.પી.ઓ. ઈન્વેસ્ટો દ્વારા 97 લાખ બીડ પાછા ખેંચાતા 'સેબી'એ ઈન્વેસ્ટરોને તેમના બીડ પાછા ખેંચવાનો વિકલ્પ ફોલો કર્યા હતા. હકિકતમાં એફ.પી.ઓ.ના શેરોનું લીસ્ટીંગ 8 એપ્રિલ થવાનું હતું. તે પૂર્વે એફ.પી.ઓ. દ્વારા શેરોની એલોટમેન્ટની ફાળવણીની અરજીઓ પાછી ખેંચી લેવાઈ છે. મળતી માહિતી મુજબ 9.7 મીલીયન શેરોની અરજીઓ પાછી ખેંચાઈ છે.

# જેફ બેઝોસ અને ઈલોન મસ્કથી આગળ નીકળ્યા અદાણી, ત્રણ મહિનામાં 1500 અબજની કમાણી



ગુજરાત | વંદન

તાજેતરમાં બ્લૂમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સના બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ 2022ના પ્રથમ ત્રણ મહિનામાં જો કોઈએ ઉદ્યોગપતિએ વધુ કમાણી કરી હોય તો તે અમેરિકા કે યુરોપના ઉદ્યોગપતિ નહીં પરંતુ ભારતીય અને ગુજરાતના ઉદ્યોગપતિનું નામ છે, અદાણી ગ્રુપના ચેરમેન અને ફાઉન્ડર ગૌતમ અદાણીનું. તેમણે ટેસ્લાના ઈલોન મસ્ક, એમેઝોનના જેફ બેઝોસ અને બિલ ગેટ્સ તેમજ વરન બફેટ કરતાં વધારે ચાલુ નાણાંકીય વર્ષના અંતિમ ક્વાર્ટરમાં કમાણી કરી છે. યર ટુ ડેટ આધારે અદાણી 21.1 બિલિયન ડોલરનો પોતાની સંપત્તિમાં વધારો કર્યો છે. જેના બાદ બીજા નંબરે મુકેશ અંબાણી છે જેમણે 8.24 બિલિયન ડોલરની કમાણી આ જ સમયગાળામાં કરી છે. અંબાણી અને અદાણી એશિયાના ટોચના ધનવાન છે.

બ્લુમબર્ગના ધનકુબેરોના ઈન્ડેક્સમાં રહેલા ટોપ 10 પૈકી 8 ધનકુબેરો અમેરિકના છે જ્યારે બે નોન અમેરિકનમાં એક ફ્રેન્ચમેન બેર્નાર્ડ એર્નોલ્ટ ત્રીજા નંબરે અને મુકેશ અંબાણી 98.2 બિલિયન ડોલરની નેટવર્થ સાથે દસમા નંબરે છે. જેના બાદ 11માં નંબરે અદાણી 97.6 બિલિયન ડોલરની નેટવર્થ સાથે અદાણી છે. જોકે તેમણે વર્ષ 2022ના ત્રણ મહિનામાં પોતાની સંપત્તિમાં 27 ટકાનો વધારો કર્યો છે.

ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયોનર્સ લિસ્ટ મુજબ ભારતના સૌથી ધનવાન બે વ્યક્તિઓ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની સંપત્તિ 100 બિલિયન ડોલરના માર્કને ક્રોસ કરી ચૂકી છે. સંપત્તિ વચ્ચનો તફાવત પણ ઓછો થયો છે અને તે 300 મિલિયન ડોલર જેટલો જ રહ્યો છે. ફોર્બ્સના લિસ્ટ મુજબ 1 એપ્રિલS અદાણીની સંપત્તિ 101.8 બિલિયન ડોલર છે જ્યારે અંબાણીની સંપત્તિ 100.5 બિલિયન ડોલર છે.

ઉછાળો | બોડકદેવમાં 250 કરોડમાં પાર પડ્યો સોદો, બનશે 32 માળની ઈમારત


# પ્રતિ ચોરસ વાર અઢી લાખના ભાવે વેચાયો બોડકદેવનો પ્લોટ, તેજી

ગુજરાત | વંદન

અમદાવાદમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ફરીથી તેજી આવી રહી હોય તેમ જમીનના ભાવ ઉંચકાય રહ્યા છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં બોડકદેવ ખાતે 10 હજાર ચોરસ વારનો એક પ્લોટ અધધ..250 કરોડમાં વહેંચાયો છે. એમ કહેવાય કે, પ્રતિ ચોરસવાર અઢી લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે આ સૌથી મોટો સોદો હોવાનું મનાય છે. આ પ્લોટ પર ખરીદનાર બિલ્ડર દ્વારા 32 માળની બિલ્ડીંગો બનાવવાનું આયોજન છે.

કોરોના કાળ પછી રિયલ એસ્ટેટ સેક્ટરમાં ફરી બૂમ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ ક્રેડાઈ અને ગિહેડના અહેવાલ મુજબ અમદાવાદમાં નવા ઘરની ઈન્કવાયરી અને ખરીદીમાં જબરજસ્ત ઉછાળ આવ્યો હતો. જોકે તેની પાછળનું એક કારણ એ પણ છે કે બિલ્ડર્સ અને ડેવલોપર્સની સંસ્થા ક્રેડાઈ દ્વારા 2 એપ્રિલથી પ્રોપર્ટીના ભાવમાં દર ચોરસ ફૂટે 300થી 500 રુપિયાનો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ દરમિયાન અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં એક પ્લોટ રુ. 250 કરોડમાં વેચાયાના અહેવાલ સાંપડી રહ્યા છે. મળતી માહિતી મુજબ આ વર્ષમાં જમીનનો આ સૌથી મોંઘો સોદો છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રના સુત્રો મુજબ બોડકદેવમાં એક 10,000 સ્ક્વેર યાર્ડના પ્લોટનું તાજેતરમાં વેચાણ થયું છે. જેને સોદો રૂ. 250 કરોડ અથવા રૂ. 2.5 લાખ પ્રતિ ચોરસ યાર્ડમાં કરવામાં આવ્યો હતો. આ પ્લોટ માધવ ગ્રુપ દ્વારા ખરીદવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે આ વર્ષે અમદાવાદમાં જમીનનો આ સૌથી મોટો સોદો છે.



બીજી તરફ માધવ ગ્રૂપના મુખ્ય પ્રમોટર અમિત પટેલે આ પ્લોટ ખરીદ્યાનું સ્વિકારતા જણાવ્યું હતું કે, "અમે તાજેતરમાં આ પ્લોટ ખરીદ્યો છે અને તેના પર રહેણાંક પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના બનાવી છે. અમે લગભગ 260 એપાર્ટમેન્ટ્સ સાથે 30-32 માળની રહેણાંક ઈમારત બનાવીશું. જો કે પટેલે આ પ્લોટનો સોદો કેટલા રુપિયામાં થયો હોવાનું જાહેર કર્યું ન હતું. હા તેમણે એટલું જરુર જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ખર્ચ અંદાજે 350 કરોડ રૂપિયા જેટલો થશે.

રિયલ એસ્ટેટ ઉદ્યોગના સૂત્રોનું કહેવું છે કે શહેરમાં લાંબા સમય બાદ આટલો મોટો જમીનનો સોદો નોંધાયો છે અને તેના કારણે માર્કેટમાં ફરી તેજીની બૂમ જોવા મળશે તેવું કેટલાક જાણકારો માની રહ્યા છે. બજારના સૂત્રો કહે છે કે જે પ્લોટની આ ડીલ થઈ છે તે બોડકદેવામાં 36-મીટર રોડની બાજુમાં આવેલો છે અને તેમાં 4ની માન્ય FSI છે.

અમદાવાદ સ્થિત રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે, "પ્લોટિંગ સ્કીમ્સની માંગ વધુ હોવા છતાં, દિવાળી પછી અમદાવાદમાં જમીનના કોઈ મોટા સોદા થયા નથી. પરંતુ આવો એક મોટો સોદો ડેવલોપર્સમાં મુખ્ય રોડની નજીક નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે વધી રહેલી રુચિને પ્રતિબિંબિત કરે છે, જ્યાં સામાન્ય રીતે ઉચ્ચ FSI મળે છે."

આ ઉપરાંત તેમણે આગળ ઉમેર્યું કે "વધુમાં, અમદાવાદમાં હાઈ-એન્ડ રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ પ્રોપર્ટીની માંગ વધી છે, ખાસ કરીને મહામારી પછી, લોકો પોતાના ઘરને અપગ્રેડ કરીને મોટા કરવા માગે છે જેના કારણે આગામી દિવસોમાં, આપણે ઘણા રિડેવલોપમેન્ટ્સ પ્રોજેક્ટ્સ પણ અમલમાં મૂકાતા જોઈ શકીએ છીએ. અમદાવાદમાં ઉપલબ્ધ જમીનની અછતને કારણે ડેવલપર્સ જૂની રેસિડેન્શિયલ સોસાયટીઓ સાથે બાય-આઉટ સોદા સીલ કરી શકે છે." તેમ કન્સલ્ટન્ટે ઉમેર્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ઉનાળામાં વધી જાય છે એસિડિટીની સમસ્યા ? આ સરળ ઉપાયોથી મેળવો રાહત



ઉનાળામાં તાપમાન વધવાને કારણે શરીરમાં પાણીનું પ્રમાણ ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં આપણું શરીર મસાલેદાર અને ચીકણો ખોરાક યોગ્ય રીતે પચાવી શકતું નથી. શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ ગડબડ થવા લાગે છે અને બેક્ટેરિયા અને વાયરસનો હુમલો તીવ્ર બને છે.

આ કારણોને લીધે લોકોને ઉનાળાના દિવસોમાં પેટમાં ઈન્ફેક્શન, પેટમાં દુખાવો, ગેસ, એસિડિટી, લૂઝ મોશન અને ઉલ્ટી જેવી પાચન સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે. મોટાભાગના લોકો એસિડિટીની સમસ્યાથી પીડાય છે.

આવી સ્થિતિમાં આપણે પુષ્કળ પાણી પીવું જોઈએ કારણ કે પાણી આપણા શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢે છે. આ સિવાય એવી વસ્તુઓને પણ આહારમાં સામેલ કરવી જોઈએ જે પાણીની ઉણપને પૂરી કરવાની સાથે શરીરને ઠંડક આપે છે. તેની મદદથી આ સમસ્યાઓને ઘણી હદ સુધી નિયંત્રિત કરી શકાય છે.

## આ વસ્તુઓથી કંટ્રોલમાં રહેશે પાચનતંત્રની સમસ્યાઓ

### છાશ



ઉનાળામાં છાશ એક વરદાન સમાન છે. તે પેટને ઠંડુ કરે છે. તેમાં રહેલા પ્રાકૃતિક બેક્ટેરિયા પેટમાં વધારાનું એસિડ બનવાથી રોકે છે. એસિડિટી સિવાય પેટની અન્ય સમસ્યાઓને દૂર કરવામાં પણ તે મદદરૂપ છે. ઉનાળામાં ખોરાક ખાધા પછી દરરોજ છાશ પીવી જોઈએ.

### નાળિયેર પાણી




નાળિયેર પાણી પોષક તત્વોથી ભરપૂર હોય છે. શરીરમાં પાણીની ઉણપને દૂર કરે છે અને ઠંડક આપે છે. તેમાં શરીરને ડિટોક્સિફાય કરવાના ગુણ છે. તે એસિડિટી દૂર કરે છે. તેમજ ફાઈબરથી ભરપૂર હોવાથી પાચનતંત્રમાં સુધારો કરે છે.

### કેળા



ઉનાળામાં પાકેલા કેળાનું સેવન શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ અને ફાઈબર જેવા ગુણો છે. પોટેશિયમના કારણે તે એસિડિટીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. જ્યારે ફાઈબરથી ભરપૂર હોવાને કારણે તે પાચન સંબંધિત અન્ય સમસ્યાઓને દૂર કરે છે.

### ઠંડુ દૂધ



જો તમને વારંવાર એસિડિટીની સમસ્યા રહેતી હોય તો તમારે ઠંડા દૂધનું સેવન કરવું જોઈએ. ઉનાળામાં ઠંડુ દૂધ પીવાથી પેટને ઠંડક મળે છે અને બળતરા, એસિડિટી જેવી સમસ્યા થતી નથી. પરંતુ ફ્રીજમાં મુકેલું દૂધ પીવાને બદલે સાદું ઠંડુ દૂધ પીવું જોઈએ.

# ગરમીમાં ઓઈલી વાળ અને ત્વચાની પરેશાનમાં અજમાવો આ ટિપ્સ



ઉનાળાની ઋતુમાં ત્વચા અને વાળ બંને પર ઘણી અસર થાય છે. તડકાથી ત્વચા લાલ થઈ જાય છે તો ગરમીમાં વાળ ઓઈલી થઈ જાય છે. આવી સ્થિતિમાં બંનેની વિશેષ કાળજી રાખવાની જરૂર હોય છે. હાલમાં અમે કેટલીક ટિપ્સ જણાવી રહ્યા છીએ જે તમને તમારા વાળને સ્વસ્થ રાખવામાં મદદ કરશે.

**પ્રવાહી વસ્તુનું સેવન વધુ કરો :** તમે ગમે એટલી તમારા વાળની સંભાળ રાખો, પરંતુ જો તમે પૂરતું પાણી નથી પીતા તો તમને કોઈ ફાયદો નથી થવાનો. ઠંડા પીણાં પસંદ કરો જે તમને તમારા વાળને સ્વસ્થ અને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરશે. તમારા આહારમાં બને ત્યાં સુધી તાજા ફળો, શાકભાજીનો સમાવેશ કરો.

**બ્લો ડ્રાયિંગનો ઉપયોગ ટાળો :** તમારા વાળને બને એટલું ઓછું બ્લો-ડ્રાય કરવાનો પ્રયાસ કરો. વાળને ડ્રાયરથી સુકવવાના બદલે ખૂલી હવામાં સૂકવો. વધુ સમય સુધી ટોવેલ બાંધીને ન રાખશો. કારણ કે તે પહેલાથી જ સુકા વાળને વધુ નુકસાન પહોંચાડશે.

**વાળને વધારે ટાઈટ ન બાંધો :** ઘણીવાર છોકરીઓ ગરમીથી પરેશાન થઈને પોતાના વાળને કસીને બાંધી લે છે પરંતુ તમારે આવું ન કરવું જોઈએ, તેનાથી વાળને નુકસાન થઈ શકે છે. સૂર્યના તેજ કિરણો, વધુ પરસેવો, વારંવાર વાળ ધોવા અને ટાઈટ હેર આ તમામને પગલે તમારા વાળ નબળા પડી જતા હોય છે.


ઉનાળામાં વાળ ગંદા થઈ જાય છે અને દરરોજ સફાઈ કરવી ખૂબ જ જરૂરી છે. પરંતુ શેમ્પૂ કરવું એ એકમાત્ર વિકલ્પ નથી. તમારા વાળને કો-વોશ કરો એટલે કે કન્ડિશનર વડે ધોઈ લો. તમારા વાળને ભીના કરો, 2 મિનિટ માટે કન્ડિશનરનો ઉપયોગ કરો અને ધોઈ લો. દરરોજ કો-વોશિંગ તમારા વાળને ઘણી હદ સુધી સાફ કરી શકે છે અને તમને 3-4 દિવસ સુધી શેમ્પૂ કરવાથી બચાવી શકે છે.

**ડ્રાય શેમ્પૂનો ઉપયોગ કરો :** જો તમારા વાળ તૈલી હોય અને દરરોજ કો-વોશ કરવાથી તમારા વાળ સ્ટીકી બની રહ્યા હોય તો ડ્રાય શેમ્પૂનો ઉપયોગ કરો. તમે તમારા ખોપરી ઉપરની ચામડી અને વાળ પર થોડું બેબી ટેલ્ક પણ છાંટી શકો છો અને તેને કાંસકો કરી શકો છો.

**નાઈટ ટ્રીટમેન્ટ ફોલો કરો :** સૂકા અને ઝાંખા વાળમાં લીવ-ઈન કન્ડિશનર લગાવો, તેની આસપાસ પ્લાસ્ટિકનું કવર અથવા ટુવાલ લપેટીને સૂઈ જાઓ.

**ટુવાલ ન ઘસવું :** જ્યારે તમે તમારા વાળને ટુવાલથી સૂકવો છો, ત્યારે વધુ પડતા ઘસવાથી વાળ તૂટી શકે છે. તમારા વાળને જોરશોરથી ઘસવાને બદલે, તેને સૂકવવાનો પ્રયાસ કરો.

# તમારો સ્માર્ટફોન ખૂબ જ ધીમે ધીમે ચાર્જ થઈ રહ્યો છે? આ ટિપ્સથી થશે સુપરફાસ્ટ ચાર્જિંગ



સ્માર્ટફોન માર્કેટમાં ટ્રેન્ડ ઝડપથી બદલાતો રહે છે. તાજેતરમાં ઝડપી ચાર્જિંગ સપોર્ટ ધરાવતા ડિવાઈસની સંખ્યામાં વધારો થયો છે. પ્રીમિયમ સેગમેન્ટની બ્રાન્ડ્સ ઝડપી ચાર્જિંગ સપોર્ટ દ્વારા ગ્રાહકોને આકર્ષવાનો પ્રયાસ કરે છે. જોકે ચાર્જિંગ ક્ષમતા અલગ-અલગ સેગમેન્ટમાં અલગ-અલગ છે, પરંતુ 'ફાસ્ટ ચાર્જિંગ' ચોક્કસપણે સામાન્ય છે. આવી સ્થિતિમાં એક વર્ષ પહેલા ખરીદેલો તમારો ફોન તમને ધીમો લાગવા લાગે છે. જો તમને લાગતું હોય કે તમારો ફોન ધીમો ચાર્જ થઈ રહ્યો છે, તો અમે તમને તેને ઝડપી ચાર્જ કરવાની કેટલીક ટિપ્સ આપી રહ્યા છીએ. કેટલીક બાબતોનું ધ્યાન રાખીને તમે તમારા સામાન્ય ચાર્જરથી પણ ફોનને ઝડપથી ચાર્જ કરી શકો છો.

**વોલ ચાર્જિંગ સોકેટનો ઉપયોગ કરો :** ઘણા લોકો કામ કરતી વખતે તેમના ફોનને લેપટોપ સાથે કનેક્ટ કરીને ચાર્જ કરે છે. યુએસબી પોર્ટનો પાવર ઓછો હોવાથી તમારો ફોન ધીરે ધીરે ચાર્જ થશે. બીજી તરફ, જો તમે આ હેન્ડસેટને વોલ સોકેટ અથવા પાવર સોકેટની મદદથી ચાર્જ કરો છો, તો તમને લેપટોપ કરતાં વધુ ઝડપી ચાર્જિંગ સ્પીડ મળશે.

**ફોન બંધ કરો :** ચાર્જિંગ પર હોવા છતાં ફોનનો ઉપયોગ ચાલુ રહે છે, જે તેની ચાર્જિંગ ગતિને અસર કરે છે. જો તમે તમારા ફોનને ઝડપથી ચાર્જ કરવા માંગો છો, તો તેને બંધ કરો અને તેને ચાર્જિંગ પર મૂકો. આ તમારા સ્માર્ટફોનને ઝડપથી ચાર્જ કરશે.

**ચાર્જ કરતી વખતે ફોનનો ઉપયોગ કરશો નહીં :** ઘણા લોકોને એવી આદત હોય છે કે ફોનને ચાર્જ પર મૂકીને તેઓ ઉપયોગ કરતા રહે છે. જેના કારણે ફોનના ચાર્જિંગ પર અસર થાય છે.

**એરોપ્લેન મોડ ચાલુ કરો :** જો તમે તમારો ફોન બંધ કરવા માંગતા નથી તો ચાર્જ કરતી વખતે એરોપ્લેન મોડ ચાલુ કરો. આના કારણે સ્માર્ટફોનના આવા ઘણા ફીચર્સ બંધ થઈ જશે જે મોટી માત્રામાં બેટરીનો ઉપયોગ કરે છે. આ રીતે તમે તમારા સ્માર્ટફોનને ઝડપથી ચાર્જ કરી શકો છો.

**વધુ સારા કેબલનો ઉપયોગ કરો :** જો કે ફોન સાથેના બોક્સમાં કેબલ અને ચાર્જર મળી રહે છે, પરંતુ ક્યારેક ફોનનું ચાર્જર બગડી જાય છે ત્યારે આપણે બજારમાંથી સસ્તા ચાર્જિંગ કેબલ ખરીદીએ છીએ. આ પ્રકારના ચાર્જિંગ કેબલથી સ્માર્ટફોનની ચાર્જિંગ સ્પીડ ધીમી હોય છે. યુઝર્સે હંમેશા સારી બ્રાન્ડના કેબલનો ઉપયોગ કરવો જોઈએ. આ સિવાય તમે ફાસ્ટ ચાર્જિંગ માટે હેવી ગેજ કેબલનો પણ ઉપયોગ કરી શકો છો

# ખરતા વાળને અટકાવવા અને ઝડપી ગ્રોથ કરવા માટે રોજ કરો આ કસરત



શું તમે વાળ સંબંધિત સમસ્યાઓમાંથી રાહત મેળવવા માંગો છો? જો હા, તો કેટલીક કસરતો તમને આમાં મદદ કરી શકે છે. ચાલો જાણીએ એવી કસરતો વિશે જે વાળને વધારવા અને તેને ખરતા અટકાવવામાં અસરકારક સાબિત થઈ શકે છે. કસરત પણ તેમાની જ એક બાબત છે, જે વાળને હેલ્દી રાખવામાં ખૂબ મદદ કરે છે. ઘણી કસરતોને તો વાળ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ કસરત રોજ કરવાથી માથાના વાળના મૂળમાં લોહીનું પરિભ્રમણ થવા લાગે છે. જે મૂળ સુધી પોષક તત્વો અને ઓક્સિજન પહોંચાડવામાં પણ ખૂબ મદદ કરે છે, તેની સાથે સાથે જ વાળના વિકાસમાં પણ મહત્વપૂર્ણ રોલ ભજવે છે. માત્ર એટલું જ નહીં, કસરત દરમિયાન થતો પરસેવો તમારા માથાના તાળવામાં કુદરતી તેલ બનાવે છે. જેને કારણે ભીનાશ યથાવત્ રહે છે.

**કાર્ડિયો એક્સરસાઇઝ :** ઘણીવાર એંગ્ઝાઈટી તમારા શરીરમાં હોર્મોન કોર્ટિસોલનું સ્તર વધારે છે. જેને કારણે ટાલિયાપણાની સમસ્યા શરૂ થવાની સંભાવના રહે છે. એવામાં કાર્ડિયો એક્સરસાઈઝ ન માત્ર હોર્મોન કોર્ટિસોલના સ્તરને નિયંત્રિત કરે છે, તેની સાથે સાથે વાળને હેલ્દી રાખવામાં પણ મદદ કરે છે. કાર્ડિયોમાં અલગ અલગ પ્રકારની ઘણી એક્સરસાઈઝ છે. જેને રોજ થોડી મિનિટ કરવાથી તમને ફાયદો થઈ શકે છે. જો કે તેના માટે જિમ જવાની પણ જરૂર રહેતી નથી.

**સ્ટ્રેસ દૂર કરે છે આ એક્સરસાઇઝ :** એક્સપર્ટ મુજબ, વાળ ખરવા પાછળ ઘણાં મુખ્ય કારણ હોય છે. જેમાં તણાવ મુખ્ય કારણ છે. સ્ટ્રેસને કારણે 25ની ઉંમર બાદથી હેરફોલ કે, પછી અન્ય સમસ્યાઓની શરૂઆત થઈ જાય છે. સ્ટ્રેસ દૂર કરવા માટે હેડ મસાજ અને સ્કલ્પ મસાજ શ્રેષ્ઠ વિકલ્પ છે. ઉલ્લેખનીય છે કે, વાળને હેલ્દી રાખવા માટે સ્કલ્પનું સ્વસ્થ હોવું ખૂબ જરૂરી છે. રોજ માત્ર થોડી મિનિટ સ્કલ્પ મસાજ કરો તો તેનાથી માત્ર સારી ઉંઘ જ નહીં, પણ વાળની સમસ્યા પણ દૂર થશે. તમે તેલ વિના પણ મસાજ કરી શકો છો. માથાનો મસાજ પણ ખૂબ જ ફાયદાકારક છે.

**નેક એક્સરસાઇઝ :** વાળ વધારવા અને તેને હેલ્દી રાખવા માટે તમારી ડોકની માંશપેશિઓની કસરત પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ કસરત વાળને હેલ્દી રાખવા માટેની એક શાનદાર રીત છે. તેના માટે તમારે વધુ મહેનત કરવાની પણ કોઈ જરૂર નથી, પરંતુ તમારી ડોક આગળ-પાછળ અને ઉપર-નીચે ફેરવતી રહેવી જોઈએ. આ ટ્રિક રોજ અજમાવવાથી રાહતનો અહેસાસ થશે.

**સ્ટેન્ડિંગ ફોલ્ડ પોઝ :** હેર સ્કલ્પને હેર ગ્રોથ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ કસરત બોલિવૂડ એક્ટ્રેસ સંગીતા બિજલાની પણ કરે છે. તમને જણાવી દોઈએ કે, આ પોઝ એંગ્ઝાઈટી અને સ્ટ્રેસ દૂર કરવામાં પણ મદદ કરે છે. આ સ્કલ્પના બ્લડ સર્ક્યુલેશન સુધારવામાં પણ મદદરૂપ છે. રોજ અમુક મિનિટ સુધી આ કસરત કરવાથી ઘણો ફાયદો થશે.

**આ બાબતોનું રાખો ખાસ ધ્યાન :** વાળ ખરવા, ટાલીયાપણું કે અટકી પડેલા ગ્રોથની પાછળ કોઈને કોઈ કારણ હોય છે. જેમાં પુરતા પ્રમાણમાં પોષક તત્વોની ઉણપ, ઉંઘ પુરી ન થવી, શારીરિક પરેશાનીઓ અને તણાવ મુખ્ય છે.આ તમામ બાબતોને ઠીક કરવા અથવા તો તેનાથી છૂટકારો મેળવવામાં કસરત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે કસરત અમુક મિનિટ સુધી કરવી યોગ્ય છે.

# કાકડી અને ટામેટાંનો રસ ત્વચા પર લગાવવીને સુંદર અને ચમકદાર બનાવો




સુંદર ચમકતી ત્વચા માત્ર ચહેરાની સુંદરતા જ નથી વધારતી પણ સારા સ્વાસ્થ્યની નિશાની પણ છે. પરંતુ કેટલીકવાર ખરાબ જીવનશૈલી અને ખોરાક પર ધ્યાન ન આપવાના કારણે ચહેરા પર તૈલી, ખીલ જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેના કારણે વ્યક્તિ પોતાની જાતને તણાવમાં અનુભવે છે. આવી સ્થિતિમાં કાકડી અને ટામેટાંનો રસ આ સમસ્યાઓથી રાહત અપાવવામાં મદદ કરી શકે છે. કાકડી અને ટામેટામાં એન્ટિઓક્સિડન્ટ્સ, વિટામિન સી, કેફીક એસિડ, વિટામિન કે, સિલિકા અને વિટામિન એ મળી આવે છે. આ બંનેના મિશ્રણનો ઉપયોગ કરવાથી ત્વચા સુંદર અને ચમકદાર બને છે. ચાલો જાણીએ કે કાકડી અને ટામેટાંનો કયો રસ ચહેરાની સમસ્યાઓને દૂર રાખવામાં મદદ કરે છે.

**તૈલી ત્વચા |** જો તમે તૈલી ત્વચાના કારણે ખીલથી પરેશાન છો તો કાકડી અને ટામેટાંનું પેક વાપરો. તેમાં હાઈડ્રેટિંગ ગુણધર્મો છે, જે ત્વચાની તેલયુક્તતાને ઘટાડવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ કરવા માટે, કાકડીનો રસ, ટામેટાંનો રસ અને આદુનો રસ એકસાથે સારી રીતે મિક્સ કરીને ઘટ્ટ પેક તૈયાર કરો. ત્યાર બાદ આ મિશ્રણને તમારા ચહેરા પર હળવા હાથે લગાવો અને થોડી વાર સુકાવા દો.

**ખીલથી છુટકારો મેળવો |** ખીલની સમસ્યાથી રાહત મેળવવા માટે ટામેટા અને કાકડીનો ઉપયોગ કરો. તેમાં માત્ર વિટામીન A, C અને K જ નથી પણ એસિડિક ગુણો પણ છે, જે ત્વચાના pH સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે. તેનો ઉપયો ગ કરવા માટે કાકડીનો રસ, ટામેટાંનો રસ, મધ અને એક ચમચી દૂધ લો અને તેને થોડીવાર સારી રીતે મિક્સ કરીને ઘટ્ટ પેક બનાવો. હવે આ પેકને ત્વચા અને ગરદનના ભાગ પર લગાવો, તેને સારી રીતે સુકાવા દો અને પછી ચહેરો

**છિદ્રો |** ત્વચામાં હાજર મોટા અને ખુલ્લા છિદ્રો ત્વચા પર ગંદકી, ધૂળ અને પ્રદૂષણ જેવી વસ્તુઓ જમા કરવાનું કામ કરે છે. જેના કારણે ત્વચા પર ખીલ અને પિમ્પલ્સની સમસ્યા થવા લાગે છે. આવી સ્થિતિમાં ટામેટા અને કાકડીનો રસ ત્વચાના છિદ્રોને ઘટાડીને કુદરતી રીતે ત્વચાને સાફ કરવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ કરવા માટે, કાકડીનો રસ, ટામેટાંનો રસ, લીંબુ અને ફુદીનાનો સ લો અને બધી વસ્તુઓને સારી રીતે મિક્સ કરો.

# સવારે ઉઠતા જ ખાલી પેટે પાણી પીવાના જબરદસ્ત ફાયદાઓ....



આપણા શરીરમાં પાણીનું પ્રમાણ લગભગ 70 ટકા હોય છે. પાણી પીવાથી જ શરીર હાઈડ્રેટ અને ત્વચા હેલ્ધી રહે છે. પાણી પીવાના અનેક સ્વાસ્થ્યવર્ધક ફાયદા હોય છે. પરંતુ શું તમે જાણો છો કે સવારે ઉઠીને ખાલી પેટે પાણી પીવાથી અઢળક ફાયદા થાય છે? તમને જણાવીએ કે સવારે ખાલી પેટે પાણી પીવાથી પાચનમાં સુધાર, ઉર્જામાં વધારો થાય છે.

**લોહીનું શુદ્ધિકરણ કરે છે :** ખાલી પેટે પાણી પીવાથી કોલનની સફાઈ થાય છે. તેનાથી પોષક તત્વો અવશોષિત થાય છે. શરીરમાં હાજર ઝેરી પદાર્થો બહાર નીકળે છે. લોહી શુદ્ધ થાય છે.

**ઈમ્યુનિટી સિસ્ટમ બુસ્ટ થાય છે :** આખા શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે પાણી ખુબ જરૂરી છે. પાણી શરીરમાં ફ્લુઈડ બેલેન્સને જાળવી રાખવામાં મદદ કરે છે. ખાલી પેટે પાણી પીવાથી ઈમ્યુનિટી સિસ્ટમ મજબુત થાય છે. ઈમ્યુન સિસ્ટમ મજબુત થવાથી અનેક રોગોથી બચી શકાય છે. ઈન્ફેક્શન સામે પણ લડવામાં મદદ મળે છે.

**મેટાબોલિઝમ રેટ સુધરે છે :** નિયમિત ખાલી પેટે પાણી પીવાથી મેટાબોલિઝમ એક્ટિવ રહે છે. જે લોકો ડાઈટિંગ કરે છે તેઓ જો ખાલી પેટે પાણી પીવે તો તેનાથી ડાયેટને પ્રોત્સાહન મળે છે. આવું એટલા માટે કારણ કે તે મેટાબોલિઝમ રેટને લગભગ 25 ટકા સુધી વધારવામાં મદદ કરે છે.

**ભૂખ વધારે છે :** પાણીથી આંતરડાની સફાઈ થાય છે. જ્યારે તમે ખાલી પેટે પાણી પીવો છો ત્યારે તેનાથી સવારે ભૂખ ઉઘડે છે. તમને નાશ્તો કરવાનું મન થાય છે. આ સાથે જ ગળા, માસિક ધર્મ, આંખો, પેશાબ અને કિડની સંબંધી અનેક સમસ્યાઓથી દૂર રહેવાય છે.

**નવી કોશિકાઓનું નિર્માણ :** ખાલી પેટ પાણી પીવાથી સક્રિય રહેવાય છે. નવી કોશિકાઓનું નિર્માણ થાય છે. માંસપેશીઓ મજબુત થાય છે. રેડ બ્લડ સેલ્સને વધારે છે જેનાથી વધુ ઓક્સિજનની પૂર્તિ થાય છે. આવામાં શરીરને ઉર્જા મેળવવામાં મદદ મળશે.

# હાઈ કોલેસ્ટ્રોલના દર્દીઓ માટે વરદાન છે આ સુપરફૂડ



શરીરમાં કોલેસ્ટ્રોલની માત્રા વધી જવાથી હાર્ટ એટેક, ધમનીના રોગ તેમજ સ્ટ્રોકની શક્યતા વધી જાય છે. કોલેસ્ટ્રોલ બે પ્રકારના હોય છે HDL અને LDL, એટલે કે ગુડ કોલેસ્ટ્રોલ અને બેડ કોલેસ્ટ્રોલ. ખરાબ કોલેસ્ટ્રોલ ચીકણું અને જાડું હોય છે જે શરીરમાં વધે તો અનેક સમસ્યાઓ થાય છે. કોલેસ્ટ્રોલનું વધતું સ્તર જીવનને જોખમમાં મૂકી શકે છે કારણ કે કોલેસ્ટ્રોલ વધવાને કારણે તેની સીધી અસર હ્રદય પર થાય છે, જેનાથી વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે. આવી સ્થિતિમાં, વ્યક્તિએ કોલેસ્ટ્રોલને યોગ્ય રાખવાનો પ્રયાસ કરતા રહેવું જોઈએ અથવા તેને વધુ પડતું વધવા ન દેવું જોઈએ. હાઈ પ્રોટીન ડાયટ લેવાથી શરીરમાં તેની માત્રા વધે છે. કોલેસ્ટ્રોલ વધવાનું કારણ વધારે પ્રમાણમાં સેચ્યુરેટેડ ફેટ અને ટ્રાંસ ફેટનું સેવન, શારીરિક શ્રમનો અભાવ, વધારે પડતું વજન અને આનુવાંશિક કારણો તેમજ વ્યસન છે.પરંતુ કેટલાક ખાસ પ્રકારના ફૂડ લેવાથી આ કોલેસ્ટ્રોલને ઘટાડી શકાય છે.

**લસણ ખાઓ :** સવારે અથવા રાત્રે સૂતા પહેલા લસણને કાચું ખાઓ. વાસ્તવમાં, લસણમાં એલિસન નામના તત્વો હોય છે, જે કોલેસ્ટ્રોલ ઘટાડવામાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે, તેથી લસણનું સેવન કરવું જ જોઈએ.

**ગ્રીન ટી પીવો :** ગ્રીન ટીમાં ઘણા એવા તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. જેમ કે ગ્રીન ટીનું સેવન કરવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. લોકો તંદુરસ્ત આહાર, ચયાપચય સુધારવા અને કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે ગ્રીન ટીનું સેવન કરે છે. તમને જણાવી દઈએ કે ગ્રીન ટીમાં એવા તત્વો હોય છે જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે.

**હળદરવાળું દૂધ પીવો :** હળદર દરેક વ્યક્તિ માટે ખૂબ જ ફાયદાકારક છે પરંતુ જેઓનું કોલેસ્ટ્રોલ લેવલ વધારે છે તેમના માટે હળદર ઓષદ સમાન છે. કારણ કે હળદરમાં કેટલાક તત્વો હોય છે જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે અને સ્વાસ્થ્યને સ્વસ્થ રાખે છે. તેથી હળદરવાળું દૂધ ચોક્કસ પીવો.

**અળસીના બીજ ખાઓ :** અળસીના બીજમાં સૌથી શક્તિશાળી તત્વો જોવા મળે છે જેમ કે ઓમેગા 3 ફેટી એસિડ અને લિનોલેનિક એસિડ જે ખરાબ કોલેસ્ટ્રોલ પર સીધો હુમલો કરે છે અને તે ખૂબ જ અસરકારક પણ છે. તેથી, કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે, તમારે ચોક્કસપણે ફ્લેક્સસીડનું સેવન કરવું જોઈએ.

**આમળા ખાઓ :** બેડ કોલેસ્ટ્રોલને ઘટાડવા માટે આમળા પાવડરને હુંફાળા પાણીમાં મિક્સ કરીને પણ પી શકો છો. હકીકતમાં, આમળામાં એનિમો એસિડ અને એન્ટી-ઓક્સીડેન્ટ હોય છે, જે શરીરને ખરાબ કોલેસ્ટ્રોલને દૂર કરવામાં અને કોલેસ્ટ્રોલના સ્તરને ઘટાડવામાં મદદ કરે છે.

### ઈંગ્લેન્ડને હરાવીને 7મી વખત ICC મહિલા વન-ડે વર્લ્ડ કપ જીત્યો

# ઓસ્ટ્રેલિયાની મેન્સ અને વુમેન્સ ટીમનો વર્લ્ડકપમાં અનોખો દબદબો



ગુજરાત | વંદન

આઈસીસી મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાએ રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને હરાવીને 7મી વાર વર્લ્ડકપ જીતીને મહિલા ક્રિકેટમાં દબોદબો રહ્યો છે. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ 50 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 356 રન બનાવ્યા હતા. ઓપનર એલિસા હીલીએ 138 બોલમાં કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 170 રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 285 રન જ બનાવી શકી હતી. હીલીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ક્રિકેટ જગતમાં ઓસ્ટ્રેલિયાની મેન્સ અને વુમેન્સ ટીમનો દબદબો રહ્યો છે કેમ કે ઓસ્ટ્રેલિયાની મેન્ય ટીમ અત્યાર સુધીમાં 5 વખત વર્લ્ડ કપ જીત્યો છે જ્યારે વુમેન્સ ટીમ 7મી વાર વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચી દીધો છે.

ઈંગ્લેન્ડ તરફથી અન્યા શ્રબસોલે 46 રનમાં 3 વિકેટ લીધી હતી. તેણે 48મી ઓવરમાં બીજા બોલ પર મેગ લેનિંગ અને ત્રીજા બોલ પર બેથ મૂનીને આઉટ કરીને ટીમને કમબેક કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું અને ઓસ્ટ્રેલિયાનો સ્કોર 300ને પાર પહોંચી ગયો હતો.

ઓસ્ટ્રેલિયાએ મહિલા વર્લ્ડ કપનો હાઈએસ્ટ સ્કોર આ મેચમાં નોંધાવ્યો હતો. ટીમે 5 વિકેટના નુકસાને 356 રન રહ્યો હતો. તમને જણાવી દઈએ કે આ મહિલા WC ઈતિહાસનો સૌથી હાઈએસ્ટ સ્કોર છે. અગાઉ આ રેકોર્ડ 259/7નો હતો. જે સ્કોર ઓસ્ટ્રેલિયાએ 2013માં વેસ્ટ ઈન્ડિઝ સામે કર્યો હતો.

# આજે દિલ્હીની પલ્ટન પ્રથમ વાર લખનઉના નવાબ સામે ટકરાશે

ગુજરાત | વંદન


ઈન્ડીયન પ્રીમિયર લીગની 15મી મેચ મુંબઈના ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં લખનઉ સુપર જાયન્ટસ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાશે. અત્યાર સુધીમાં લખનઉનો 3 મેચમાંથી 2 મેચમાં વિજય થયો છે જ્યારે દિલ્હીનો 2 મેચમાંથી 1 મેચમાં વિજય થયો છે.

ઋષભ પંતના આંગેવાની હેઠળ રમતી દિલ્હી કેપિટલ્સે મેચ જીતવા ટોપ ઓર્ડર બેટ્સમેનોએ આક્રમક પ્રદર્શન કરવું પડશે કેમ કે, અત્યાર સુધીની બે મેચમાં બેટરો કાંઈ ખાસ કરી શક્યા નથી. પ્રથમ મેચમાં તો અક્ષર પટેલે એકલા હાથ મેચ જીતાડી હતી જ્યારે બીજી મેચમાં દિલ્હી કેપિટલ્સ બોલર્સ અને બેટરોનો ખરાબ પ્રદર્શનના કારણે પરાજય થયો હતો.

બીજી બીજુ આઈપીએલમાં પ્રથમવાર કે.એલ રાહુલની કેપ્ટનસીમાં રમતી લખનઉ સુપર જાયન્ટસે બોલરોની દિલ્હી કેપિટલ્સ સામે આકરી કસોટી થશે. નોંધનીય છે કે, લખનઉ સુપર જાયન્ટસે અત્યાર સુધીમાં 3 મેચ રમી છે જેમાં 2 મેચમાં વિજય થયો છે જ્યારે એક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે જેના પગલે આઈપીએલના પોઈન્ટ ટેબલમાં 4 પોઈન્ટ સાથે પાંચમાં ક્રમે છે જ્યારે દિલ્હી કેપિટલ્સે 2 મેચમાંથી 1 મેચમાં વિજય થતા 2 પોઈન્ટ સાથે 7માં ક્રમે છે.

## કાર્તિક-શાહબાઝે રાજસ્થાનનો વિજય રથ અટકાવ્યો

ગુજરાત | વંદન



IPLની 15મી સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં બેંગ્લોરે શાનદાર પ્રદર્શન કરતા મેચ 4 વિકેટે જીત મેળવી હતી. આ પહેલા જોસ બટલરના અણનમ 70 રનની મદદથી રાજસ્થાન ટીમે 20 ઓવરમાં 3 વિકેટે 169 રન બનાવ્યા હતા. જવાબમાં બેંગ્લોરે 19.1 ઓવરમાં 6 વિકેટના ભોગે જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. દિનેશ કાર્તિકે 23 બોલમાં 44 રનની તોફાની ઈનિંગ રમીને ટીમને જીત અપાવી હતી. તો શાહબાઝે પણ આક્રમક ઈનિંગ રમતા 26 બોલમાં 45 રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી મળેલા 170 રનના લક્ષ્યાંકનો પીછો કરતા સુકાની ફાફ ડુ પ્લેસિસ અને અનુજ રાવતની જોડી બેંગ્લોર માટે મેદાનમાં ઉતરી હતી.

સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલને કેપ્ટન સંજુ સેમસને 7મી ઓવર નાખવા માટે ટીમમાંથી બોલાવ્યો હતો. પ્રથમ જ ઓવરમાં બેંગ્લરોના સુકાની ડુ પ્લેસિસને છેલ્લા બોલે (29 રન) આઉટ કરીને ટીમને સફળતા અપાવી હતી. અનુજ રાવત પણ મોટી ઈનિંગ રમી શક્યો ન હતો અને 26 રન બનાવી આઉટ થયો હતો.

આ પછી વિરાટ કોહલી માત્ર 5 રન બનાવીને રનઆઉટ થયો હતો. બીજા જ બોલ પર, ચહલે એક શાનદાર બોલ પર ડેવિડ વિલીને શૂન્ય પર ક્લીન બોલ્ડ કર્યો. આરસીબી આ મેચમાંથી બહાર થઈ જશે તેવું લાગતું હતું પરંતુ કાર્તિકે તેને મેચમાં રાખ્યો હતો.

# IPLમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો ડવેઈન બ્રાવો



ગુજરાત | વંદન

ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપરકિંગ્સના સ્ટાર ઑલરાઉન્ડર ડવેઈન બ્રાવોએ આઈપીએલમાં ઈતિહાસ રચી દીધો છે. 38 વર્ષીય બ્રાવો આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે. બ્રાવોએ મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ ફાસ્ટ બોલર લસિથ મલિંગાના રેકોર્ડને તોડ્યો છે. બ્રાવોએ આ ઉપલબ્ધી લખનૌ સામેની મેચમાં મેળવી હતી.

આ ઉપરાંત ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ટી-20 ક્રિકેટમાં પોતાના 7000 રન પણ પૂરા કરી લીધા છે. ધોની ક્રિકેટના સૌથી નાના ફોર્મેટમાં આ ઉપલબ્ધી હાંસલ કરનારો પહેલો ભારતીય વિકેટકિપર છે. જ્યારે સાત હજાર રન બનાવનારો તે ભારતનો છઠ્ઠો બેટર બન્યો છે. આ પહેલાં ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી, રોહિત શર્મા, સુરેશ રૈના, શિખર ધવન અને રોબિન ઉથપ્પા આવું કરી ચૂક્યા છે.

ટી-20 ક્રિકેટમાં કોહલીના નામે 10326, રોહિત શર્માના નામે 9936, રૈનાના નામે 8654, શિખર ધવનના નામે 8818 અને ઉથપ્પાના નામે 7120 રન બન્યા છે. ઓવરઓલ ટી-20 ક્રિકેટમાં સૌથી વધુ 14562 રન બનાવવાનો રેકોર્ડ વિન્ડિઝના ક્રિસ ગેલના નામે છે. જ્યારે પાકિસ્તાનના શોયેબ મલિકે 11698 રન તો વિન્ડિઝના કાયરન પોલાર્ડે 11430 રન બનાવ્યા છે. ધોનીએ 7000 રનમાં ચેન્નાઈ વતી 4687 અને રાઈઝિંગ પૂના સુપરજાયન્ટસ વતી 574 રન બનાવ્યા છે. ટીમ ઈન્ડિયા વતી તેણે 1617 રન તો ઝારખંડ વતી રમતા ટી-20માં તેણે 123 રન બનાવ્યા છે.

બીજી બાજુ બ્રાવો આઈપીએલમાં સૌથી વધુ 171 વિકેટ મેળવી લીધી છે. જ્યારે લસિથ મલિંગાના નામે 170 વિકેટ છે. આઈપીએલમાં સૌથી વધુ વિકેટ ખેડવનારા ટોચના પાંચ બોલરોમાં ત્રણ ભારતીય સામેલ છે. આ યાદીમાં બ્રાવો પહેલાં, મલિંગા બીજા ક્રમે છે. અમિત મિશ્રા 166 વિકેટ સાથે ત્રીજા, પીયુષ ચાવલા 157 વિકેટ સાથે ચોથા અને દિગ્ગજ હરભજનસિંઘ 150 આઈપીએલ વિકેટ સાથે પાંચમા ક્રમે છે.

| IPLમાં સૌથી સફળ બોલર | ડવેઈન બ્રાવો | લસિથ મલિંગા | અમિત મિશ્રા | પીયુષ ચાવલા | હરભજનસિંઘ |
|---|---|---|---|---|---|
| | 171 વિકેટ | 170 વિકેટ | 166 વિકેટ | 157 વિકેટ | 150 વિકેટ |

# ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં દિગ્ગજ રોનાલ્ડો રચશે નવો ઈતિહાસ



ગુજરાત | વંદન

ચાલુ વર્ષે દોહાના કતારમાં યોજાનારા ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં સળંગ પાંચમી વખત મહાન ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો મેદાનમાં રમતો જોવા મળશે. રોનાલ્ડો પાંચમાં વર્લ્ડ કપમાં રમીને વિશ્વ રેકોર્ડની બરોબરી કરી લેશે. મેન્સ આંતરાષ્ટ્રીય ફૂટબોલમાં રોનાલ્ડોના નામે અત્યાર સુધીમાં સર્વાધિક ગોલનો રેકોર્ડ છે પરંતુ તેના દેશ પોર્ટુગલે એકપણ વખત ફિફા વર્લ્ડ કપ જીત્યો નથી. રોનાલ્ડો સંભવિત તેના અંતિમ વર્લ્ડ કપમાં પોર્ટુગલને વર્લ્ડ કપમાં જીત અપાવવા પ્રયાસ કરશે.

અત્યાર સુધીમાં ચાર વખત વર્લ્ડ કપમાં રમી ચુકેલા ખેલાડીઓમાં ઈટાલીના ગોલકીપર જિયાનલુગી બુફોન (1998થી 2014), મેક્સિકોના ડિફેન્ડર રફેલ માર્કેઝ (2002થી 2018), જર્મનીના મિડફિલ્ડર લોથાર મેથ્યુસ (1982થી 1998) અને મેક્સિકન ગોલકીપર એન્ટોનિયો કારબાજલ (1950થી 1966)નો સમાવેશ થાય છે. આર્જેન્ટિનાના લિયોનેલ મેસી, મેક્સિકોના ગોલકીપર ગુઈલેરમો ઓકોઆ અને મિડફિલ્ડર આંદ્રેસ ગાર્ડડો પણ ચાર વખત ફિફા વર્લ્ડ કપમાં રમી ચુક્યા છે. રોનાલ્ડો હાલમાં 37 વર્ષનો છે અને 2026ના વર્લ્ડ કપ સુધીમાં તે 41નો થશે.

### વર્લ્ડ કપની હાર બાદ અને રમેશ પવારનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થતા

# બોર્ડ લક્ષ્મણને બનાવી શકે છે મહિલા ટીમના કોચ



ગુજરાત | વંદન

પૂર્વ ભારતીય ક્રિકેટર વીવીએસ લક્ષ્મણને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)માં નવી જવાબદારી મળી શકે છે. તેને મહિલા ક્રિકેટ ટીમનો મુખ્ય કોચ બનાવવામાં આવી શકે છે. જ્યારે વર્તમાન મુખ્ય કોચ રમેશ પોવારનો કોન્ટ્રાક્ટ ICC મહિલા વર્લ્ડ કપથી સમાપ્ત થઈ ગયો છે. નિયમો અનુસાર, હવે તેઓએ આ પોસ્ટ માટે ફરીથી અરજી કરવી પડશે.

વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ટીમ સેમી ફાઈનલમાં પણ પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં BCCI મોટા ફેરફાર કરી શકે છે. આ અંતર્ગત લક્ષ્મણને આ મહત્વપૂર્ણ જવાબદારી આપવામાં આવી શકે છે. હાલમાં, લક્ષ્મણ નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)ના વડા છે અને આગામી પેઢીના ક્રિકેટરોને તૈયાર કરવામાં સક્રિય છે.

રમેશ પોવારે ડબ્લ્યૂવી રમની જગ્યા લીધી હતી, તેને 2020માં ટીમને ટી20 વર્લ્ડકપ ફાઈનલ સુધી પહોંચાડી હતી, બીસીસીઆઇના સુત્રએ કહ્યું કે પોવારનો કૉન્ટ્રાક્ટ વર્લ્ડકપ સુધી હતો, કૉન્ટ્રાક્ટ વધારવાની કોઇ જોગવાઇ નથી, એટલે પુરેપુરી પ્રક્રિયા અરજી ભરવા અને ઈન્ટરવ્યૂથી શરૂ થશે. પોવાર ચોક્કસ રીતે અરજી કરી શકે છે, અને સીએસી (ક્રિકેટ સલાહકાર સમિતી) બંધારણ અનુસાર, આના પર ફેંસલો કરેશે. બીસીસીઆઇના નિયમ અનુસાર તે કોચ બનવા માટે ફરી અરજી આપી શકે છે. જોકે બીસીસીઆઇ તેના સ્થાને એનસીએના વડા અને ભૂતપૂર્વ બેટસમેન વી.વી.એસ. લક્ષ્મણને મહિલા ટીમના કોચ તરીકેની જવાબદારી સોંપે તેવી શક્યતા છે. ખાસ વાત છે કે, એનસીએના પ્રમુખ લક્ષ્મણે ભારતીય મહિલા ટીમની વર્લ્ડ કપની તૈયારીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ટીમની બેટ્ટર્સનો ઉત્સાહ વધાર્યો હતો અને તેમને માર્ગદર્શન પણ આપ્યું હતુ. આમ છતાં ભારતીય ટીમ સેમિ ફાઈનલ સુધી પહોંચી શકી નહતી.

### 41 વર્ષની વયે આઈપીએલમાં કર્યું હતું ડેબ્યુ

# 'કૌન પ્રવીણ તાંબે' ફિલ્મ જોઈને તાંબે ખૂબ જ ભાવુક થયા



ગુજરાત | વંદન

સામાન્ય રીતે 35 વર્ષની વય વટાવ્યા બાદ તમામ ખેલાડીઓ પોતાની નિવૃત્તિ વિશે વિચારવાનું શરૂ કરી દે છે. જોકે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ને એક એવો ખેલાડી પણ મળ્યો છે જેણે 41 વર્ષની ઉંમરે IPLમાં ડેબ્યુ કર્યું. લેગ સ્પિનર પ્રવીણ તાંબેની જીવનકથા કંઈક આવી છે. જે ઉંમરે સચિન તેંડુલકરે પોતાની ક્રિકેટ કારકિર્દીનો અંત આણ્યો હતો તે ઉંમરે પ્રવીણ તાંબેની વાસ્તવિક સફર શરૂ થઈ હતી.

પ્રવીણ તાંબે કોણ છે તે બતાવવા માટે તેણે તેના લેગ સ્પિનનો સહારો લીધો હતો. પ્રવીણ તાંબેને રાહુલ દ્રવિડની કેપ્ટનશિપવાળી રાજસ્થાન રોયલ્સ દ્વારા તક આપવામાં આવી હતી. પ્રવિણ તાંબેનો જન્મ 8 ઓક્ટોબર 1971ના રોજ થયો હતો અને 2013માં તેમણે પ્રોફેશનલ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું. તે સમયે તેમની ઉંમર 41 વર્ષથી વધારે હતી. પ્રવીણ તાંબેએ પોતાની પ્રથમ લીગ સિઝનમાં પોતાના બોલિંગ વડે સૌને પ્રભાવિત કર્યા હતા.

પ્રવીણ તાંબે પર બનેલી આ ફિલ્મ (કૌન પ્રવીણ તાંબે)માં શ્રેયસ તલપડેએ તેમની ભૂમિકા ભજવી છે. તાંબેએ લાંબા સંઘર્ષ બાદ IPLમાં પોતાની જગ્યા બનાવી છે. તેમણે પોતાના પર બનેલી આ ફિલ્મને કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડીઓ સાથે જોઈ હતી. આ ફિલ્મ જોયા બાદ તેઓ ખૂબ જ ભાવુક થઈ ગયા હતા.

પ્રવીણ તાંબેએ IPLની 33 મેચમાં 28 વિકેટ લીધી હતી. જ્યારે T20 ક્રિકેટમાં પ્રવીણે 64 મેચમાં 70 વિકેટ લીધી છે. લેગ સ્પિનર પ્રવીણ તાંબે પર બનેલી આ ફિલ્મ Disney Plus Hotstar એપ ઉપર પહેલી એપ્રિલે જ રિલીઝ કરવામાં આવી છે.

## ન્યુઝીલેન્ડના દિગ્ગજ ક્રિકેટર રૉસ ટેલરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહ્યું - અલવિદા



ન્યુઝીલેન્ડના દિગ્ગજ ક્રિકેટર રૉસ ટેલરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને હંમેશા-હંમેશા માટે અલવિદા કરી દીધુ છે. જેનાથી તેમના ફેન્સ ઘણા નિરાશ છે. પોતાના કરિયરની આખિરી મેચ દરમિયાન રૉસ ટેલર ખૂબ રડ્યા હતો. ટેલરએ નેધરલેન્ડ સામે સોમવારે ત્રીજી વન ડે ઈન્ટરનેશનલ મેચમાં સોમવારે હેમિલ્ટનમાં ન્યુઝીલેન્ડ તરફથી પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી હતી, જેમાં તેમણે 14 રન બનાવ્યા હતા. દર્શકોએ તેમજ વિરોધી ટીમના ખેલાડીઓ રોસ ટેલરનું અભિવાદન કર્યું હતું.

**પ્રારંભ** ફીફા વર્લ્ડકપમાં સ્પેન અને જર્મની એક જ ગ્રુપમાં

# મેસ્સી-રોબર્ટ લેવાનડૉસ્કી વચ્ચે થશે કાંટાની ટક્કર

ગુજરાત | વંદન

ફીફા વર્લ્ડકપ-2022નું આયોજન નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન કતરમાં થવાનું છે. આ ટૂર્નામેન્ટ માટેનો ડ્રો જાહેર કરી દેવામાં આવ્યો છે. ટૂર્નામેન્ટની શરૂઆત 21 નવેમ્બરે થશે અને 18 ડિસેમ્બરે ફાઈનલ મુકાબલો રમાશે. પહેલી વખત ખાડી દેશને ટૂર્નામેન્ટની યજમાની મળી છે. ટૂર્નામેન્ટમાં કુલ 32 ટીમો ભાગ લેશે જેને 8 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. યુક્રેન ઉપર હુમલો કરવાને કારણે રશિયા આ વર્લ્ડકપમાં ભાગ લઈ શકશે નહીં.

2010 વર્લ્ડકપની ચેમ્પિયન સ્પેન અને 2014ની ચેમ્પિયન જર્મનીની ટીમ એક જ ગ્રુપમાં છે. બન્ને ટીમ ગ્રુપ 'ઈ'માં છે. આ ગ્રુપમાં એશિયાની ટોચની ટીમોમાં સામેલ જાપાન પણ છે. ઈક્વાડોર, સેનેગર અને નેધરલેન્ડસની સાથે મેજબાન કતર ગ્રુપ 'એ'માં છે. કતરે આ પહેલાં વર્લ્ડકપમાં ભાગ લીધો નથી પરંતુ યજમાન હોવાને કારણે તેને સીધી એન્ટ્રી મળી છે. ગ્રુપ 'બી'માં ઈંગ્લેન્ડ સાથે અમેરિકા અને ઈરાન છે.



ગ્રુપની ચોથી ટીમ વેલ્સ, સ્કોટલેન્ડ અથવા યુક્રેન હશે. ડિફેન્ડીંગ ચેમ્પિયન ફ્રાન્સ ગ્રુપ 'ડી' અને પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝીલ ગ્રુપ 'જી'માં છે. આ વર્લ્ડકપના ગ્રુપ મુકાબલામાં લાયોનેલ મેસ્સી અને રોબર્ટ લેવાનડોસ્કીની પણ ટક્કર થશે. મેસ્સીની આર્જેન્ટીના અને લેવાનડોસ્કીની પોલેન્ડ ગ્રુપ 'સી'માં છે. મેસ્સીએ લેવાનડોસ્કીને હરાવીને બૈલન ડી ઑરનો ખીતાબ જીત્યો હતો. જ્યારે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ટીમ પોર્ટુગલ ગ્રુપ 'એ'માં છે.

### ફીફા વર્લ્ડકપના ગ્રુપ

- ગ્રુપ એઃ કતર, ઈક્વાડોર, સેનેગલ, નેધરલેન્ડસ
- ગ્રુપ બીઃ ઈંગ્લેન્ડ, ઈરાન, અમેરિકા, વેલ્સ/સ્કોટલેન્ડ/યુક્રેન
- ગ્રુપ સીઃ આર્જેન્ટીના, સાઉદી અરબ, મેક્સિકો, પોલેન્ડ
- ગ્રુપ ડીઃ ફ્રાન્સ, ડેન્માર્ક, ટયુનીશિયા, ઑસ્ટ્રેલિયા/પેરુ/યુએઈ
- ગ્રુપ ઈઃ સ્પેન, જાપાન, જર્મની, ન્યુઝીલેન્ડ
- ગ્રુપ એફઃ બેલ્જિયમ, કેનેડા, મોરોક્કો, ક્રોએશિયા
- ગ્રુપ જીઃ બ્રાઝીલ, સર્બિયા, સ્વિત્ઝરલેન્ડ, કૈમરુન
- ગ્રુપ એચઃ પોર્ટુગલ, ઘાના, ઉરુગ્વે, દક્ષિણ કોરિયા

# આઈપીએલના ઈતિહાસમાં પ્રથમવાર ચેન્નઈનો સતત ત્રણ મેચમાં પરાજય

### ■ મેચ જીતવા ટોપ ઓર્ડર બેટરોએ આક્રમક પ્રદર્શન કરવુ પડશે

ગુજરાત | વંદન


ઈન્ડિયન પ્રીમિયર લીગ2022માં ચેન્નઈ સુપર કિંગ્સનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. રવિવારે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નઈ સુપર કિંગ્સને 54 રનોથી હરાવ્યું હતુ. આ સાથે જ ચેન્નઈ આઈપીએલના ઈતિહાસમાં પ્રથમવાર શરૂઆતની મેચમાં 'હારની હેટ્રિક' નોંધાવી હતી. ટીમ હજુ પોઈન્ટ ટેબલમાં ખાતુ ખોલાવી શકી નથી.

ચેન્નઈએ ટોસ જીતીને પંજાબને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. પંજાબે 20 ઓવરમાં 8 વિકેટે 180 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ચેન્નઈની ટીમ 18 ઓવરમાં 126 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. શિવમ દૂબેએ સૌથી વધુ 57 રન બનાવ્યા હતા. જ્યારે ધોનીએ 23 રન કર્યા હતા. બાકીના બધા બેટ્સમેન ફ્લોપ સાબિત થયા હતા.

મોઈન અલી તો પોતાનું ખાતું પણ ના ખોલાવી શક્યો અને વૈભવ અરોડાની બોલ પર બોલ્ડ થયો હતો. સાથે જ ચેન્નાઈના કેપ્ટન રવિન્દ્ર જાડેજા પણ પોતાનું ખાતું ના ખોલાવી શક્યો અને અર્શદીપ સિંહે બોલ્ડ કર્યો હતો. અંબાતી રાયડુ ફક્ત 13 રન બનાવીને પવેલીયન ભેગો થયો હતો. ઋતુરાજ ગાયકવાડ એક વાર ફરી ફ્લોપ રહ્યો અને માત્ર 1 રન બનાવીને આઉટ થઈ ગયો હતો

ચેન્નાઈના બેટ્સમેન અને બોલર કંઈ ખાસ ઉકાળી નથી શક્યા જેનું નુકસાન ટીમે ભોગવવું પડ્યું છે. 3 મેચ હાર્યા બાદ ચેન્નાઈની મુશ્કેલીઓ વધતી જઈ રહી છે.

# યુદ્ધના પગલે આં.રાષ્ટ્રીય સ્તરે ભારત કેન્દ્ર બિંદુની ભૂમિકામાં - પ્રતિષ્ઠામાં વધારો



ગુજરાત | વંદન

છેલ્લા પોણા બે મહિનાથી યુક્રેન રશિયા વચ્ચે મહાવિનાશકારી યુદ્ધ ચાલી રહ્યું છે ભારતે ચતુરાઈ પૂર્વક કોઈપણ દેશનો પક્ષ લીધા વગર તટસ્થ રહેવાની નીતિ અપનાવી છે. જોકે, રશિયા કે જેણે યુક્રેન પર આક્રમણ કર્યું છે તે ભારતનો જૂનો મિત્ર છે ભારતની મુશ્કેલીમાં રશિયાએ ભૂતકાળમાં મદદ કરી છે તેથી પણ ભારતે આક્રમણ બદલ રશિયાની કોઈ ટીકા ટિપ્પણી કરી નથી તેને ધ્યાનમાં રાખીને યુક્રેનને પણ ભારત તરફ નજર દોડાવીને રશિયાની સમજાવવા વિનંતી કરી તેની સાથે સાથે સંખ્યાબંધ દેશોએ આ યુદ્ધનો અંત લાવવામાં ભારત જ મધ્યસ્થની ભૂમિકા નિભાવે તેવી એક આંતરરાષ્ટ્રીય ધરી બની રહી છે. આ દરમિયાન સંખ્યાબંધ દેશોના પ્રતિનિધિઓ ભારતીની મુલાકાત લઈને યુદ્ધનો શું માર્ગ કાઢવો તેની ચર્ચા ભારત સાથે કરીને ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે એમ સમજાય છે કે આ યુદ્ધનો અંત લાવવામાં ભારત મહત્વની ભૂમિકા નિભાવી શકે તમે છે.

રશિયા અને યુક્રેનમાં યુદ્ધના કારણે દુનિયા આખી બે ભાગમાં વહેંચાઈ ગઈ છે અને એમાં પણ ખાસ કરીને અમેરિકા બીજા દેશોને પ્રતિબંધોની ધમકી આપીને પોતાના પક્ષમાં ખેંચી લેવા માટે ખૂબ પ્રયાસ કરી રહ્યું છે ત્યારે ભારત દુનિયામાં એકમાત્ર એવું દેશ બન્યું છે જે અમેરિકા અને રશિયા વચ્ચે સંબંધોમાં તાલમેલ રાખવામાં સફળ રહ્યું છે. અમેરિકાની ધમકીઓને નજરઅંદાજ કરીને શુક્રવારે પ્રધાનમંત્રી મોદીએ રશિયાના વિદેશમંત્રી સાથે 40 મિનિટની બેઠક કરી હતી.

નોંધનીય છે કે છેલ્લા 15મી માર્ચથી લઈને 31મી માર્ચ સુધીમાં વિશ્વ આખાનું ધ્યાન ભારત પર કેન્દ્રિત રહ્યું છે. 12 અલગ અલગ દેશોના મંત્રીઓ અથવા સલાહકાર ભારતના પ્રવાસે આવ્યા હતા જેમાં માત્ર રશિયાના વિદેશમંત્રીને જ પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરવાનો સમય મળ્યો. જે દર્શાવે છે ભારત આજે પણ રશિયાને સૌથી વધારે મહત્વ આપવામાં ખચકાઈ રહ્યું નથી. ચીનના વિદેશમંત્રીએ તો પ્રધાનમંત્રી સાથે મીટિંગ કરવાનો સમય પણ માંગ્યો હોવાના અહેવાલ હતા, જોકે ભારતે ચોખ્ખી ના પાડી હતી.

દિલ્હી આવેલા રશિયાના વિદેશ મંત્રી સર્ગેઇ લાવરોવે કહ્યું હતું કે ભારત એક મહત્વપૂર્ણ દેશ અને અને આંતરરાષ્ટ્રીય મુદ્દાને ઉકેલવામાં ભારતની ભૂમિકા અમને મંજૂર છે.

### રાજકીય પક્ષો દ્વારા કરાતી મફત યોજનાઓની લ્હાણી અટકાવવા કેન્દ્ર સરકારને કરી વિનંતી

## સિનિયર અધિકારીઓની કેન્દ્રને ચેતવણી- તો ભારતની હાલત શ્રીલંકા જેવી થઈ જશે

ગુજરાત | વંદન

ભારતમાં અંદાજે છેલ્લા એક દશકથી સત્તા હાંસલ કરવા અને સામાન્ય જનતાને આકર્ષવા માટે મફત યોજનાઓની જાહેરાતો કરવામાં આવે છે અને તેને લાગુ કરવા માટે જાહેર સંપત્તિમાંથી કરોડો-અબજો રૂપિયાનો વેડફાટ કરવામાં આવે છે. દેશના ટોચના બ્યુરોક્રેટ્સે આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચેતવ્યા છે. વડાપ્રધાન મોદી સાથે વરિષ્ઠ અમલદારોની મેરેથોન બેઠકમાં ઘણા રાજ્યો દ્વારા જાહેર કરાયેલી લોકલુભાવન યોજનાઓ પર ચિંતા વ્યક્ત કરાઈ હતી



અને દાવો કર્યો હતો કે તેઓ નાણાંકીય રીતે અસ્થિર હોવા છતાં આ પ્રકારની યોજનાઓ લાગુ કરીને ભારણ વધારી રહ્યાં છે.

શનિવારે પીએમ મોદીએ પોતાની ઓફિસમાં તમામ વિભાગોના સચિવો સાથે ચાર કલાક લાંબી બેઠક યોજી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, વડા પ્રધાનના મુખ્ય સચિવ પીકે મિશ્રા અને કેબિનેટ સચિવ રાજીવ ગૌબા સહિત કેન્દ્ર સરકારના અન્ય ટોચના બ્યુરોક્રેટ્સોએ પણ હાજરી આપી હતી.

અધિકારીઓએ આ બેઠકમાં કહ્યું કે આ પ્રકારની લોકપ્રિય અને અવ્યવહારુ યોજનાઓ અર્થતંત્રને શ્રીલંકા જેવા જ માર્ગ પર લઈ જઈ શકે છે. પીએમ મોદીએ અધિકારીઓને સંસાધનોની અછતનું સંચાલન કરવાની માનસિકતામાંથી બહાર આવીને સરપ્લસના સંચાલનના નવા પડકારોનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

### એક કાર્યક્રમમાં સાધ્વીએ આપ્યુ નિવેદન

## કાશ્મીર ફાઇલ્સની જેમ રામમંદિર આંદોલન પર પણ બનશે ફિલ્મ!



ગુજરાત | વંદન

તાજેતરમાં વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સ દેશભરમાં ખુબ જ ચર્ચામાં છે. આ ફિલ્મને પીએમ મોદીથી લઈને અનેક નેતાઓ પ્રશંસા કરી ચૂક્યા છે. હવ આ મુદ્દાને લઈને સાધ્વી ઋતંભરાએ એક મોટું નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો છે. તેમણે જણાવ્યું છે કે, જે રીતે ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મમાં કાશ્મીરની સ્થિતિને બતાવી છે, એવી જ રીતે રામ મંદિરના 500 વર્ષના સંઘર્ષ પર ફિલ્મ બનવી જોઈએ. જેના કારણે લોકોને ખબર પડે કે, આપણા પૂર્વજોએ હજારો વર્ષો સુધી રામ મંદિર માટે અભિયાન ચલાવ્યું.

ઉદયપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં સાધ્વી ઋતંભરાએ લોકોને સંબોધન કર્યા હતા. બાદમાં મીડિયા સાથેની વાતચીતમાં સાધ્વી ઋતંભરાએ જણાવ્યું કે, રામ મંદિર માટે સંઘર્ષ કઈ ઓછો નહોતો. આ મુદ્દા ઉપર પણ એક ફિલ્મ બનશે તો લોકોને ખબર પડશે કે મંદિર માટે કેવી રીતે સંઘર્ષ કરવામાં આવ્યો.

સાધ્વી ઋતંભરાએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે ભાગ્યશાળી છીએ કે રામ મંદિરનું નિર્માણ થતા જોઈ રહ્યા છીએ. 500 વર્ષ સુધી ચાલેલા આંદોલનનો સુખદ અંત આવ્યો.

### અગાઉ અટલ-અડવાણી, હવે મોદી-શાહની જોડી

## બીજેપી-દો સે દોબારા.., 2024 અને 2029 મેં ચૌબારા

ગુજરાત | વંદન

42 વર્ષ થયાં. 6 એપ્રિલ, 1980ના રોજ ભારતમાં સંઘ પરિવારના રાજકિય મંચ જનસંઘે નવો અવતાર ધારણ કર્યો અને ભારતીય જનતા પાર્ટીની સ્થાપના રામ-લક્ષ્મણની જોડી ગણાંતા અટલ બિહારી વાજપેયી અને લાલ ક્રિષણા અડવાણીના હાથે થઈ હતી. એક સમયે અન્ય રાજકીય પક્ષો રાજકારણમાં ભાજપના દેખાવ પર કટાક્ષ કરતાં હતા. 1984માં ભાજપને 543માંથી માત્ર 2 બેઠકો મળી શકી હતી. ઇન્દિરા સિમ્પથી વેવમાં વાજપેયી અને અડવાણી પણ તણાઈ ગયા હતા. આખા ભારતમાં ભાજપને માત્ર જે બે બેઠકો મળી તેમાંની એક ગુજરાતની હતી, જે ડો. એ.કે. પટેલ જીત્યા હતા. પુલવામાં હુમલા બાદ 2019ની લોકસભા ચૂંટણીમાં ભાજપે 302 સાથે પ્રચંડ બહુમતિ મેળવી ત્યારે નવી દિલ્હીમાં ભાજપના મુખ્યમથક ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષો પહેલાના એ કટાક્ષનો જવાબ આપતાં કહ્યું હતું- હમ દો સે દોબારા આયે...!

ભારતના રાજકારણમાં જે પ્રકારે ભાજપે કાઠુ કાઢ્યુ છે તેવુ કાઠુ કાઢતા કોંગ્રેસને કદાજ 100 વર્ષ લાગ્યા હશે. કોંગ્રેસ 135 વર્ષ જુની પાર્ટી છે અને બે બળદની જોડીના પ્રતિક બાદ હવે પંજો ચૂંટણી પ્રતિક છે. 6 એપ્રિલના રોજ ભાજપ 42મો સ્થાપના દિન ઉજવશે ત્યારે વડાપ્રધાન મોદી જુના જનસંઘના દિવસોની યાદ પાર્ટીના નવા કાર્યકરોને યાદ કરાવશે. કેમ કે તે વખતે સ્થિતિ એવી કે જનસંઘનો ઉમેદવાર બનવા કોઇ તૈયાર થતા નહોતા.. જેટલા ઉભા રહે બધાની ડિપોઝીટ જપ્ત થઈ જાય.

આજે...? ભાજપની ટિકીટ મેળવવા માટે પાર્ટીમાં લાઇનો લાગે છે. અને જેને ટિક્ટ મળે પછી તે નગરપાલિકાની હોય કે મહાનગરપાલિકાની તો એ ઉમેદવાર પોતાને નશીબવાળો માને છે અને વિધાનસભા-લોકસભાની ટ્રિકટ મળે તો...તો અહો ભાગ્ય... ભાગ્યશાળી....ગણાય. અલબત પાર્ટી કાંઇ વગર વિચારે ટિકિટોની લ્હાણી કરતી નથી. યોગ્ય પ્રોસેસ બાદ નામ નક્કી કરે, જાહેર કરે અને જે તે મતવિસ્તારના



### કેરળ-તામિલનાડુમાં હજુ મહેનત કરવી પડશે, શિવસેનાની દોસ્તી તોડી અને પંજો ફાવી ગયો

નાના-મોટા કાર્યકરો તેને જીતાડવા મચી પડે. અલબત, બધા જ કાંઇ જીતે એવુ તો ના બને. કોઇ હારી પણ જાય. જેમ કે ગુજરાતમાં 2017માં 182માંથી 99 જિત્યા અને 83 ઉમેદવારો હારી ગયા. હમણાં યુપીમાં યોગી સરકારના 8 મંત્રીઓ સત્તામાં હોવા છતાં હારી ગયા. તેમાંથી એક કેશવપ્રસાદ મૌર્યને ફરી મંત્રીમંડળમાં સ્થાન મળ્યુ એટલે તેઓ વધુ ભાગ્યશાળી કહી શકાય...

ગુજરાત ભાજપની લેબ છે.2001થી લઇને અત્યારસુધી નવા નવા રાજકીય પ્રયોગો અને અખતરાઓ થયા છે. જેને ગુજરાત મોડેલ જાહેર કરીને 2014થી બીજા રાજ્યોમાં અને આખા દેશમાં અમલ કરવાના પ્રયાસો થઇ રહ્યાં છે. જો કે મહારાષ્ટ્રના રાજકારણમાં ભાજપે વર્ષો જુના ભાઇબંધ શિવસેના સાથે દોસ્તી તોડીને એકલા લડવાનો પ્રયોગ સફળ થયો નથી અને ભાજપ જેને સત્તાથી દૂર રાખવા એડી-ચોટીનું જોર લગાવે છે એ કોંગ્રેસને મહારાષ્ટ્રમાં બગાસુ ખાતા પતાસુ પડે એવો રાજકીય લાભ મળ્યો અને જો લોકસભાની આગામી ચૂંટણી સુધી ત્રિપક્ષિય ઠાકરે સરકાર ટકી ગઇ તો 48માંથી મહત્તમ બેઠકો ત્રિપક્ષિય લઇ જાય તો નવાઇ નહીં.

દેશમાં અનેક નાના-મોટા રાજકીય પક્ષો છે પણ મુખ્ય તો બે જ. એક કોંગ્રેસ અને બીજો ભાજપ. ભાજપ પણ આપ પાર્ટી કે મમતાદીદીની ટીએમસીને મુખ્ય પાર્ટી માનતી નથી પણ કોંગ્રેસને જ માને છે અને કોંગ્રેસમુક્ત ભારત માટે અન્ના શિષ્ય પણ સાથ આપી રહ્યો છે... આપ પાર્ટીની રચનાને એક બે વર્ષ થયા અને સમગ્ર દેશમાં મોદી તેરા જાદુ ચલ ગયા.. જેવુ સરસ મજાનું વાતાવરણ હોય હોય ત્યારે દિલ્હીમાં અન્નાશિષ્યને એક વાર નહીં બબ્બે વાર સત્તા અને એ પણ 70માંથી 67, 70માંથી 63 આપ પાર્ટીને મળે, ભાજપને માત્ર 3 અને 7 મળે એવો સંયોગ પણ દિલ્હીએ જોયો છે... પંજાબમાં આપ પાર્ટીને 117માંથી 92 બેઠકો અને ભાજપને માત્ર 2 બેઠકો મળે ત્યારે અમિતાભના શબ્દેમાં કહીએ તો- ફર્ક સાફ દિખતા હૈ...સંદેશા યે હૈ- હે અન્ના માનસપુત્ર, તુઝે હમ જિતાયેંગે લેકીન રાજ નહીં કરને દેંગે...

42 વર્ષમાં ભાજપે કેરળ, તામિલનાડુ જીતવા ખૂબ પ્રયાસો કર્યા પણ ત્યાંના લોકોને લુંગી ડાન્સ પસંદ છે કેસરી ગરબો ગમતો નથી...કેરળમાં તો બંગાળની જેમ ભાજપના ઘણાં કાર્યકરોની હત્યાઓ થઇ છે. છતાં ત્યાના મતદારોને સામ્યવાદીઓની વિચારશરણી હિન્દુ વિચારશરણી કરતાં વધારે ગમતી હોય તેમ જણાય છે. ગોવાથી કર્ણાટક સુધી કેસરિયા ગાડી પહોંચી છે તેનાથી આગળ રેડ(સામ્યવાદીઓનો પ્રિય રંગ) સિગ્નલ છે. ભાજપે એ રેડ સિગ્નલને કેસરીમાં ફેરવવા સંઘના હજુ વધારે પ્રચારકોને ગોઠવવા પડશે. એક સમયે ભાજપમાં અટલજી-અડવાણી રામ લક્ષ્મણ ગણાંતા. આજે મોદી અને શાહ રામ લક્ષ્મણ ગણાય છે. આ બન્ને મહાનુભાવોએ ભાજપનો સિતારો ટોચે પહોંચાડ્યો છે અને 2024 બાદ 2029માં પણ જય શ્રીરામ.. ભાજપા કા કમલ કા ફુલ ખિલતા રહેંગા ઔર પીછુ પીછુ ખોં..ખોં.. ખોં.. ખાસંતે ખાંસતે હાથ મેં ઝાડુવાલા ચલ રહા હોંગા....! ઔર પંજા....? જા મુઝે ન અબ યાદ આ...ઓ મુઝે ભૂલ જાને દે... ભૂલ જાને દે...ભૂલ જાને દે જા..

### 2021માં પણ મહિલા વર્કર્સનું શોષણ કરવાના કેસમાં સાઉદી અરબ અવ્વલ

## વિદેશમાં ભારતીય મહિલાઓ પર અત્યાચારનો સિલસિલો યથાવત, UAE -અરબ સૌથી ટોચ પર

ગુજરાત | વંદન

પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવા વિદેશોમાં કામ કરવા જતી મહિલા વર્કર્સને વિદેશમાં ઘણા પ્રકારના અત્યાચારોનો સામનો કરવો પડે છે. ECR અને ખાડી દેશોમાં ભારતીય દૂતાવાસ પર મહિલા વર્કર્સના શોષણની ફરિયાદ કરવામાં આવે છે. વિદેશ મંત્રાલયના આંકડા અનુસાર ભારતીય મહિલા કર્મચારીઓ પર અત્યાચાર કરવાના મામલે સાઉદી અરબ અને યુએઈ અવ્વલ છે.

એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ECR તેમને વિદેશોમાં મહિલા કર્મચારીઓ પરના અત્યાચારની ઘણી ફરિયાદો મળે છે. ECR એવા દેશ છે જેમાં કામ કરવા માટે જતી ભારતીય નર્સો અને ECR PASSPORT માટે થયેલા ભારતીયોને EMIGRATION ક્લિયરેન્સ લેવું જરૂરી હોય છે. વિદેશ મંત્રાલયે સાઉદી અરબ અને UAE સહિત 18 દેશોને ECR દેશ જાહેર કર્યા છે.વિદેશ મંત્રાલયના આંકડા અનુસાર ECR કેટગરીના 18 દેશોમાંથી સાઉદી અરબ અને UAE બે દેશ એવા છે જ્યાં ભારતીય મહિલા વર્કર્સ પર સૌથી વધારે અત્યાચાર થાય છે. 2019 માં સાઉદી અરબમાં 78 મહિલા કર્મચારીઓએ, યુએઈમાં 55 મહિલાઓએ, મલેશિયામાં 21 મહિલાઓએ તો કુવેતમાં 20 મહિલાઓએ તેમની સાથે થતા અત્યાચારોની ફરિયાદ વિદેશ મંત્રાલયને કરી હતી.

### હિજાબ પહેરવો તે મુસલમાનનો હક

## 'હિજાબ વિવાદ' પર અલ-કાયદાના વડાએ ઝેર ઓક્યું

ગુજરાત | વંદન

ઓસામા બિન લાદેન પછી ખતરનાક આતંકવાદી સંગઠન અલ-કાયદાનો વડા અયમાન અલ-ઝવાહિરીએ 9 મિનિટનો વીડિયો બહાર પાડી ભારતના હિજાબ વિવાદ પર ઝેર ઓક્યું છે. ભારતના કર્ણાટક રાજ્યની શાળાઓમાં હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે ઝવાહિરીએ આ નિર્ણયને સમર્થન આપનારાઓને "ઈસ્લામના દુશ્મનો" કહ્યા અને તેમની નિંદા કરી.



વિશ્વના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં સામેલ અલ-ઝવાહિરીના મોતના સમાચાર વર્ષ 2020માં આવ્યા હતા. પરંતુ હવે તે ફરી એક નવા વીડિયોમાં જોવા મળી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વીડિયો તાજેતરના અઠવાડિયામાં બનાવવામાં આવ્યો છે. આતંકી ઝવાહિરીનો આ વીડિયો વિશ્વ સમક્ષ આવ્યા બાદ અમેરિકાની ઈન્ટેલિજન્સ એજન્સી પણ હરકતમાં આવી છે. ઝવાહિરી અમેરિકાના 9/11ના હુમલાનો આરોપી છે.ઝવાહિરીએ અમેરિકાના હુમલામાં ઓસામા બિન લાદેનના મૃત્યુ પછીથી સંગઠનનું કમાન પોતાના હાથમાં લીધું હતું. ઈજિપ્તના રહેવાસી ઝવાહિરી 2011માં અલ કાયદાનો લીડર બન્યો હતો.

### વડાપ્રધાન અને એનસીપીના પ્રમુખ વચ્ચે 20 મિનિટ સુધી મુલાકાત

## મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ, મોદીને મળ્યા પવાર

ગુજરાત | વંદન

એનસીપીના અધ્યક્ષ શરદ પવારે દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. બંને નેતાઓ વચ્ચે આ મુલાકાત પ્રધાનમંત્રી ઓફિસમાં બપોરે 12.20થી 12.40 વચ્ચે એટલે કે લગભગ 20 મિનિટ સુધી ચાલી. હાલ બંને નેતાઓ વચ્ચે શું વાતચીત થઈ તે હજુ સ્પષ્ટ નથી થયું પરંતુ મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસમાં જે ઘટનાક્રમ જોવા મળી રહ્યો છે તે વચ્ચે આ મુલાકાતને ખુબ મહત્વની ગણવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શરદ પવારની મુલાકાત પર બધાની નજર ટકેલી હોય છે. વાત જાણે એમ છે કે



ઈડીએ મહારાષ્ટ્રના નેતાઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. જેની અસર રાજકીય વર્તુળમાં પણ જોવા મળી રહી છે.

મહારાષ્ટ્ર વિશે ભાજપ સતત સક્રિય છે. તેમના જૂના સાથી શિવસેના દ્વારા બે વર્ષ પહેલાં સાથ છોડવા અને વિરોધી પક્ષ કોંગ્રેસ અને એનસીપીએ સાથે મળીને મહાવિકાસ અઘાડી સરકાર બનાવ્યા પછીથી તેમની ગઠબંધન સરકાર સામે સતત વિરોધ ચાલ્યા કરે છે.


### હિટલરની રૂપાળી મહિલા જાસૂસ, જેના ડાન્સે આખા યૂરોપને ઘેલું લગાવ્યું હતું, આખરે કરૂણ અંજામ આવ્યો

## હિટલરની જાસૂસી કરનાર મહિલા એક નિષ્ણાંત નૃત્યકાર પણ હતી



ગુજરાત | વંદન

આજના 21મી સદીમાં દેશ-દુનિયા સમાજ અને સમાંતા આગળ વધ્યું છે મહિલીઓ લડાકુ વિમોન ઉડાવી રહી છે પોલીસ અને સૈન્ય દળમાં મહિલાઓ મોટા પ્રમાણમાં જોડાઈ રહી છે જોકે, જેને જોખમી અને વિકટ કહી શકાય એવું આઈબી-જાસૂસીના કામમાં ભાગ્યે જ કોઈ મહિલા જોડાવાની પંસદ કરતી હશે. બબ્બે વિશ્વ યુદ્ધમાંથી પસાર થનાર જેતે વખતે એક એવી મહિલા જાસૂસનો અનુભવ કર્યો જે કે દેખાવમાં ખૂબસુરત ચતુર અને બિદ્ધજીવી હોવાની સાથે તે સમયના ખૂંખાર ગણાતા હિટલરની જાસૂસીનું કામ તેને સોંપવામાં આવ્યું હતું.




માતા હારી દુનિયાની એક પ્રખ્યાત જાસૂસ હતી. તેણે પોતાની જાસૂસીનો પરચો દુનિયાભરને આપ્યો હતો... હિટલરના જાસૂસ તરીકે કામ કરતી માતા હારીએ આખા યૂરોપને નચાવી દીધુ હતુ. માતા હારીને હિટલરની જાસૂસી કરવાના આરોપસર મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. માતા હારી એક જાસૂસ હોવાની સાથે સાથે ઉત્કર્ષ ડાન્સર પણ હતી.

નેધરલેન્ડમાં વર્ષ 1876માં ગેરત્રુદ માર્ગરેટ જેલેનો જન્મ થયો હતો. જે માતા હારીના નામથી આખી દુનિયામાં મશહૂર થઈ. તેનુ કામ જાસૂસી કરવાનું હતું. ઘણા દેશના સૈન્ય અધિકારીઓ, મંત્રીઓ અને રાજાશાહી લોકો સાથે માતા હારીના નજીકના સંબંધ હતા. પોતાની અદાઓના કારણે મશહૂર થયેલી માતા હારી વર્ષ 1905માં ફ્રાંસની રાજધાની પેરિસ પહોંચી. પોતાના ખાસ અંદાજના કારણે તેણે ટૂંક સમયમાં લોકપ્રિયતા મેળવી લીધી. માતા હારીનો ડાન્સ લોકોને દીવાના કરે તેવો હતો. યૂરોપમાં તેના ડાન્સનો જાદુ છવાવવા લાગ્યો.

પહેલુ વિશ્વ યુદ્ધ શરૂ થયા પહેલા તે એક ડાન્સર અને સ્ટ્રિપર તરીકે મશહૂર થઈ ગઈ હતી. માતા હારીનો ડાન્સ જોવા માટે ઘણાં દેશના રાજાશાહી લોકો અને મોટા સૈન્ય અધિકારીઓ આવતા હતા. તેણે આ જ વાતનો ફાયદો ઉઠાવ્યો અને ગોપનીય જાણકારીઓ એક પક્ષ પાસેથી લઈને બીજા પક્ષ સુધી પહોંચાડતી હતી. જણાવવામાં આવે છે કે, હિટલર અને ફ્રાંસ માટે માતા હારી જાસૂસી કરતી હતી.

માતા હારીની મોત બાદ 17માં દાયકામાં જર્મનીના ગોપનીય હસ્તાવેજ સામે આવ્યા. આ દસ્તાવેજોમાં ખુલાસો થયો કે, તે જર્મની માટે જાસૂસીનું કામ કરતી હતી. જાસૂસીના આરોપમાં વર્ષ 1917માં માતા હારીની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ તેણે સુનાવણી દરમિયાન ક્યારેય પણ કોર્ટમાં કબૂલ નથી કર્યુ કે, તે એક જાસૂસ છે. એમ જ કહ્યું કે, તે એક ડાન્સર છે. પરંતુ તેના પર જાસૂસીના આરોપ સિદ્ધ થઈ ચૂક્યા હતા. પરંતુ તેની આંખો ઉપર પટ્ટી બાંધીને ગોળી મારીને હત્યા કરવાની સજા સંભળાવી દેવામાં આવી.

ઈતિહાસકારોના મતે, માતા હારી બની નથી શકાતુ, તેના માટે જન્મ લેવો પડે છે. માતા હારી સુંદર ન હોવાના કારણે તેને એક ગ્રુપમાંથી બહાર કાઢી દેવામાં આવી હતી. જ્યાર બાદથી તેને સર્કસમાં કામ કરવાની ફરજ પડી. માતા હારીનો પતિ નેધરલેન્ડની શાહ સેનામાં એક અધિકારી હતો. પરંતુ દારૂડિયો હોવાના અને મારપીટ કરવાના કારણે તેણે પતિનો સાથ છોડ દીધો. તેણે ભારતીય કામશાસ્ત્રની કળાના રહસ્યપૂર્ણ ગૂઢાર્થોને સમજ્યા. જ્યાર બાદથી તેને માતા હારી નામ મળ્યું. તેના નવા અવતારે લોકોને દીવાના બનાવી દીધા. લક્ઝરી લાઈફ જીવવાનો તેને શોખ હતો. જર્મન અધિકારીઓએ તેની આ જ કમજોરીનો ફાયદો ઉઠાવ્યો હતો.



# રણબીર અને આલિયા એપ્રિલ માસમાં જ લગ્નના બંધનમાં બંધાશે

બોલિવૂડના મોસ્ટ અવેઈટેડ વેડિંગ રણબીર કપૂર તથા આલિયા ભટ્ટના છે. બંને 17 એપ્રિલે લગ્ન કરવાનાં છે. આરકે સ્ટુડિયો અથવા આરકે હાઉસમાં આ બેમાંથી એક જગ્યાએ બંને ફેરા ફરે એવી શક્યતા છે. થોડા દિવસોમાં જ વેડિંગ વેન્યુ નક્કી કરવામાં આવશે. લગ્નનાં વિવિધ ફંક્શન 13 એપ્રિલથી શરૂ થશે.આલિયા ભટ્ટ 12 એપ્રિલ સુધી કરન જોહરની ફિલ્મ 'રૉકી ઔર રાની કી પ્રેમ કહાની'ના શૂટિંગમાં વ્યસ્ત રહેશે. 13 એપ્રિલના રોજ મહેંદી સેરેમની, 14મીએ સંગીત તથા 16મીએ હલ્દી સેરેમની યોજાશે. ત્યાર બાદ 17મીએ આલિયા તથા રણબીર લગ્ન કરશે. આલિયા તથા રણબીર પંજાબી વિધિથી લગ્ન કરશે.આલિયા તથા રણબીરે હજી સુધી કોઈને કંકોત્રી આપી નથી. જોકે કપૂર તથા ભટ્ટ પરિવારે મહેમાનોને 14થી 17 એપ્રિલ સુધી ફ્રી રહેવાનું કહ્યું છે. રણબીર કપૂરે કરિયરનાં આટલાં વર્ષોમાં જે પણ ટેક્નિશિયન સાથે કામ કર્યું છે તે તમામને આમંત્રણ આપવાનો છે, જેમાં હેર-મેક અપ આર્ટિસ્ટ, સ્પોટબોય, આસિસ્ટન્ટ્સ વગેરે સામેલ છે. ભટ્ટ તથા કપૂર પરિવાર ઉપરાંત લગ્નમાં અયાન મુખર્જી, ફેશન-ડિઝાઈનર મસાબા ગુપ્તા, કરન જોહર, આદિત્ય રોય કપૂર, વિકી કૌશલ-કેટરીના કૈફને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આલિયા ભટ્ટ ડિરેક્ટર સંજય લીલા ભણસાલી તથા શાહરુખ ખાનને લગ્નમાં ઈન્વાઈટ કરવાની છે. આ ઉપરાંત તે અર્જુન કપૂર, ફેશન-ડિઝાઈનર મનીષ મલ્હોત્રા, અનુષ્કા રંજનને પણ બોલાવશે.

# શું સુમોના ચક્રવર્તીએ 'ધ કપિલ શર્મા શો'ને કહ્યું અલવિદા?



ધ કપિલ શર્મા શો ટીવીનો સૌથી ચર્ચિત છે પરંતુ વિવાદિત શો પણ બની ચુક્યો છે. હાલમાં જ એવા સમાચાર મળી રહ્યા છે કે કપિલ શર્માએ કશ્મીર ફાઈલ્સના ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીને શો પર બોલાવવાની ના પાડી જે પછી સતત વિવાદ થઈ રહ્યો છે. અમુક લોકોએ તો શો બોય કોર્ટ કરવાની પણ માગ કરી છે. ધ કપિલ શર્મા શો બંધ થવાની ખબરો વચ્ચે કોમેડિયન સુમોના ચક્રવર્તીના નવા ટીવી શોનો પ્રોમો રિલીઝ થઈ ગયો છે. આવા સમાચાર છે કે કોમેડિયન સુમોના ચક્રવર્તી ધ કપિલ શર્મા શો છોડી રહી છે. બંગાળ શોના નામથી એક શોનો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં આ એક્ટ્રેસ જોવા મળી રહી છે જેથી આશંકા છે કે તે આ શો છોડી રહી છે પરંતુ હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી. સુમોનાએ સો.મીડિયામાં નવા શોનો પ્રોમો રિલીઝ કર્યો છે. આ શો બંગાળી છે અને તેનું નામ 'શોનાર બંગાલ' છે. આ સિરિયલમાં સુમોના 22-25 વર્ષની યુવતીનો રોલ પ્લે કરતી જોવા મળી છે. આ શો 30 માર્ચથી શરૂ થશે.

નોંધનીય છે કે, સુનીલ ગ્રોવર કોમેડી નાઈટ્સ વિથ કપિલ અને ધ કપિલ શોનો મહત્વનો ભાગ હતા પરંતુ 2017માં તેમનો કપિલ સાથે ઝઘડો થયો. બન્ને ઓસ્ટ્રેલિયાની ટૂર પર ગયા હતા ત્યાંથી પરત ફરતા સમયે કપિલ સુનિલને અપ શબ્દ બોલ્યો અને તેને ચંપલ પણ માર્યું. આ ઘટના પછી સુનીલે કપિલનો શો છોડી દીધો અને પછી ક્યારેય પરત નથી આવ્યો.

# ફિલ્મ 'ગેસલાઇટ'ના શૂટિંગ માટે અભિનેત્રી સારા અલી ખાન વાંકાનેરમાં

ફિલ્મ અભિનેત્રી સારા અલી ખાને યાત્રાધામ દ્વારકાની મુલાકાત લઈ કાળીયા ઠાકોરના દર્શન કર્યા હતા. સારા અલી ખાનની સાથે અભિનેતા વિકાંત મેસ્સી પણ દ્વારકામાં આવી પહોંચ્યા હતા. અભિનેત્રીએ દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. ભગવાનની પાદુકાનું પણ પૂજન કર્યુ હતું. મોરબી જિલ્લાના વાંકાનેર પેલેસમાં ફિલ્મ 'ગેસલાઈટ'નું શૂટિંગ ચાલી રહ્યું છે. જેને લઈ છેલ્લા કેટલાક



દિવસથી સારા અલી ખાન મોરબીમાં રોકાઈ છે. ત્યારે બુધવારે સારા અલી ખાન દેવભૂમિ દ્વારકામાં દ્વારકાધીશના દર્શને પહોંચી હતી.

દ્વારકામાં મંદિર પરિસરમાં દ્વાર પર અભિનેત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંદિરના પૂજારીએ અભિનેત્રીને આશીવાર્દ આપ્યા હતા. તેમણે દ્વારકાધીશના દર્શન કરી દ્વારકાના ભડકેશ્વર મહાદેવ મંદિરે પણ દર્શન કર્યા હતા. જે બાદ બીચની પણ મુલાકાત લીધી હતી. આજે તેઓએ નાગેશ્વર જ્યોતિલિંગના પણ દર્શન કર્યા હતા.

અભિનેત્રી સારા અલી ખાન હાલ ફિલ્મ શૂટિંગને લઈ ગુજરાતમાં છે. ત્યારે બુધવારે અભિનેત્રી સારા અલી ખાન દ્વારકાધીશના દર્શનાર્થે પહોંચી હતી. અભિનેત્રીએ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. અભિનેત્રીએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા બાદ મંદિરના વખાણ પણ કર્યા હતા. તેમણે દેવસ્થાન સમિતિની વિઝીટ બુકમાં નોંધ પણ કરી હતી. તેમજ અભિનેત્રી દ્વારકાથી નાગેશ્વર મંદિરે પણ ગઈ હતી અને ત્યા પણ પૂજા અર્ચના કરી હતી.

# વરુણ-જહાનવી પેરિસમાં 'બવાલ'નું કરશે શૂટિંગ





બોલિવૂડ અભિનેતા વરુણ ધવને ગર્લફ્રેન્ડ નતાશા દલાલ સાથેના લગ્ન પછી કોઈ ફિલ્મમાં હીરો તરીકે જોવા મળ્યો નથી. ધવને બે ફિલ્મો સાઈન કરી છે. જેમાં 'જુગ જુગ જિયો' અને 'ભેદિયા' છે અને હવે તે ટૂંક સમયમાં ત્રીજી ફિલ્મ 'બવાલ' માં પણ જોવા મળવાનો છે. આ ફિલ્મ 'દંગલ'ના ડિરેક્ટર નિતેશ તિવારી દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને સાજિદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. પરંતુ એવા પણ અહેવાલ છે કે આ ફિલ્મમાં વરુણ ધવન સાથે જહાન્વી કપૂર જોવા મળશે. વાસ્તવમાં, વરુણ ધવન અને જાહ્નવી કપૂર પહેલીવાર 'બવાલ' નામની રોમેન્ટિક આઉટિંગ માટે સાથે આવ્યા છે. આ લવ સ્ટોરી સિટી ઑફ લવ-પેરિસ સહિત યુરોપના ચાર દેશોમાં શૂટ થવા જઈ રહી છે. ફિલ્મનું શૂટિંગ પણ ભારતમાં ત્રણ જગ્યાએ થશે. આ ભવ્ય પ્રોજેક્ટ વિશેની અન્ય તમામ વિગતો હજુ સિક્રેટ છે. 'બવાલ' સાજિદ નડિયાદવાલા અને દિગ્દર્શક નિતેશ તિવારીના પુનઃ જોડાણને ચિહ્નિત કરે છે. જેમણે સફળતાપૂર્વક 'છિછોરે' રિલીઝ કરી. જેણે શ્રેષ્ઠ હિન્દી ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો. 'બવાલ' ટૂંક સમયમાં જ ફ્લોર પર જવાની છે અને ફિલ્મ 7 એપ્રિલ, 2023ના રોજ સ્ક્રીન પર આવશે.

આ સિવાય વરુણ ધવન સાઉથના ડિરેક્ટર અટલી સાથે પણ એક ફિલ્મ માટે વાતચીત કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, સૂત્રોએ તેણીને વિશિષ્ટ રીતે કહ્યું હતું કે, વરુણ અટલીને મળ્યો છે અને તેઓ ટૂંક સમયમાં દક્ષિણની ફિલ્મની હિન્દી રિમેકમાં સાથે કામ કરશે. આ ફિલ્મ વિજય અને સામંથા સ્ટારર 'થેરી' હોઈ શકે તેવી સારી તક છે. વરુણ ટૂંક સમયમાં 'ભેદિયા' અને 'જુગ જુગ જિયો' માં મોટા પડદા પર જોવા મળશે.

# 'એનિમલ'માં રણબીર કપૂર સાથે જોવા મળશે 'શ્રીવલ્લી'રશ્મિકા મંદાના



'નેશનલ ક્રશ' રશ્મિકા મંદાના કોઈને કોઈ વાતને લઈને ચર્ચામાં રહે છે. તે પહેલાથી જ ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાં સામેલ થઈ ચુકી છે, હવે તેની લોકપ્રિયતા વધુ વધી ગઈ છે અને રોજ નવા નવા પ્રોજેક્ટ મળી રહ્યા છે. રશ્મિકા મંદાના બૉલીવુડ ફિલ્મોમાં કામ કરી રહી છે, હવે તેની પાસે બીજી નવી હિન્દી ફિલ્મ આવી છે. રશ્મિકા હવે ફિલ્મ એનિમલમાં રણબીર કપૂર સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. તાજેતરના અહેવાલો અનુસાર, રશ્મિકા મંદાના એનિમલ ફિલ્મમાં રણબીર કપૂરની સાથે લીડ રોલમાં જોવા મળશે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, રશ્મિકા મંદાનાને એનિમલમાં લીડ એક્ટ્રેસ તરીકે સાઈન કરવામાં આવી છે. નિર્માતા ભૂષણ કુમાર અને સંદીપ રેડ્ડી વેગનનું માનવું છે કે ફિલ્મના કોન્સેપ્ટ અનુસાર, રશ્મિકા મંદાના રોલ માટે પરફેક્ટ છે. નિર્માતાઓ આ ફિલ્મમાં રણબીર સાથે કોઈ નવી હિરોઈનને કાસ્ટ કરવા માંગતા હતા, તેથી જ રશ્મિકાને સાઈન કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, એનિમલના નિર્માતાઓનું માનવું છે કે રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની કેમેસ્ટ્રી ઘણી સારી રહેશે.

જો જો આ અંગે રિપોર્ટ્સનું માનીએ તો રશ્મિકા મંદાના પહેલા પરિણીતી ચોપરાને એનિમલમાં કાસ્ટ કરવાનું વિચાર્યું હતું. નિર્માતાઓએ અભિનેત્રીનો સંપર્ક પણ કર્યો હતો પરંતુ કેટલાક કારણોસર પરિણીતી ચોપરાએ ફિલ્મ છોડી દીધી હતી. હવે નવા અહેવાલો અનુસાર, પુષ્પામાં શ્રીવલ્લીના પાત્રમાં અદ્ભુત અભિનય કરનાર રશ્મિકા મંદાના રણબીર કપૂર સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે.

એક રિપોર્ટ અનુસાર એનિમલનું શૂટિંગ જૂન મહિનામાં શરૂ થાય તેવી આશા છે. એનિમલ ફિલ્મને તેલુગુ ફિલ્મ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા નિર્દેશિત કરવાના છે. આ ડાયરેક્ટરે કબીર સિંહ,અર્જુન રેડ્ડી જેવી હિટ ફિલ્મોનું નિર્દેશન કર્યું છે.

# હિંમતવાલા 'જમ્પિંગ કિંગ' જિતેન્દ્ર 80 વર્ષના થયા, હજુ પણ સ્વસ્થ્ય અને તરોતાજા




ઢલ ગયા દિન હો ગઈ રાત જાના હૈ જાને દો.........ગીત એ સમયની યુવતીઓના મનમાં વસી ગયું હતું. સફેદ કપડાં અને સફેદ બૂટમાં સોહામણો હીરો આવું ગીત ગાય તો યુવતીઓના સપનામાં આવે એની શી નવાઈ! આ હીરોની પહેલી ફિલ્મ 'ગીત ગાયા પથ્થરોં'ને ખૂબ જ ગંભીર પ્રકારની ફિલ્મ હતી. પરંતુ પછીથી તેણે પોતાની આગવી સ્ટાઈલથી ડાન્સ કરતા રહીને 'જમ્પિંગ જેક'નું બિરૂદ મેળવ્યું હતું અને યુવતીઓના મનમાં વસી ગયો હતો. એ હીરો એટલે રવિ કપૂર જેને સિનેજગત જિતેન્દ્રના નામે ઓળખે છે. આગવો ડાન્સ, નટખટ અદાઓ અને સફેદ શર્ટ-પેન્ટ સાથે સફેદ બૂટ પહેરવાની ડ્રેસિંગ સ્ટાઈલે સિનેજગતમાં અનોખું સ્થાન અપાવનાર જિતેન્દ્રનો જન્મ ૭ એપ્રિલ ૧૯૪૨માં પંજાબના, અમૃતસર શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ અમરનાથ અને માતાનું નામ ક્રિષ્ના કપૂર હતું. તેમનો ઈમિટેશન જ્વેલરીનો ધંધો હતો. મિત્ર રાજેશ ખન્ના સાથે સેન્ટ સેબેસ્ટિયનની ગોઅન હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ સિદ્ધાર્થ કોલેજમાંથી પોતાનો અભ્યાસ પૂરો કર્યો હતો.

૧૯૫૯માં જિતેન્દ્ર જ્યારે નિર્દેશક શાંતારામને જ્વેલરી સપ્લાય કરતા હતા ત્યારે તેઓ નવરંગ ફિલ્મ માટે એક નવો ચહેરો શોધી રહ્યા હતા. તેવામાં તેમની નજરજિતેન્દ્ર ઉપર પડી અને તેમણે જીતેન્દ્રને ફિલ્મમાં હીરોની ભૂમિકા આપી દીધી. જીતેન્દ્રએ સાચા અર્થમાં પોતાના અભિનય કારકિર્દીની શરૂઆત ૧૯૬૦થી ૧૯૯૦ ના દાયકામાં કરી હતી. અભિનેતા જિતેન્દ્રએ પોતાના જીવનની સૌથી મોટી તક ૧૯૬૪માં આવેલી વી. શાંતારામની ફિલ્મ 'ગીત ગાયા પથ્થરો'ને દ્વારા મળી હતી. તેમાં તેની ભૂમિકા શિલ્પકારની હતી. જો કે તેમના જીવનની સફળતાની શરૂઆત ૧૯૬૭માં આવેલી 'ફર્ઝ' ફિલ્મથી થઇ હતી. આ ફિલ્મ તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો. ફિલ્મ 'ફર્ઝ'નું ખ્યાતનામ થઇ ગયેલું ગીત 'મસ્ત બહારો કા મે આશિક.....'માં સફેદ કલરનું ટી-શર્ટ અને પેન્ટ પહેર્યાં હતા તેમજ સફેદ કલરના બૂટ પણ પહેર્યાં હતા. જે તેમનું ટ્રેડમાર્ક બની ગયું. બાદમાં ફિલ્મ જગત અને ચાહકોમાં એક આગવી ઓળખ બનાવી લીધી હતી.

એટલું જ નહીં ફિલ્મ ફર્ઝની જેમ 'કારવાન' અને 'હમજોલી' જેવી સુપરહીટ ફિલ્મોમાં પણ જિતેન્દ્રએ પોતાની આગવી અદાઓથી અભિનય ચાહકોના દિલ જીતી લીધા હતા. તે સમયે જિતેન્દ્રના ડાન્સની સ્ટાઈલ એટલા માટે લોકપ્રિય બની ગઈ કે એમાં નિયમોના બંધન નહોતા ઉત્સાહ અને મસ્તીથી ભરેલી છટા હતી.

80ના દાયકામાં શ્રીદેવી, જયા પ્રદા સાથેની જોડીએ ડઝનબંધ ફિલ્મો આવવા લાગી. સંજોગ, ઓલાદ, મજાલ, જસ્ટીસ ચૌધરી, મવાલી, હિંમતવાલા, જાની દુશ્મન, તોહફા જેવી ફિલ્મો ખૂબ લોકપ્રિય પણ બની. આર.ડી. બર્મનના સંગીત અને કિશોરકુમારના કંઠે ગવાયેલા આ ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે. શ્રીદેવી અને જયા પ્રદા ઉપરાંત જિતેન્દ્રની રીના રોય, નીતુ સિંહ, હેમા માલિની, સુલક્ષણા પંડિત, બિંદીયા ગોસ્વામી, મોસમી ચેટર્જી અને રેખા સાથેની ફિલ્મો પણ હિટ બની છે. લગભગ 200 ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવનાર જિતેન્દ્રએ 121 હિટ ફિલ્મો આપી છે.







આજે જિતેન્દ્ર કપૂર અને શોભા કપૂરનું લગ્ન જીવન સુખી છે. તેમને બે બાળકો છે, તેમની દીકરીનું નામ એકતા કપૂર છે. જે બાલાજી ટેલીફિલ્મ્સ ખૂબ સફળતાથી ચલાવી રહી છે. જિતેન્દ્ર અને શોભાના પુત્ર તુષાર કપૂરે અભિનેતા તરીકે હિન્દી સિનેજગતમાં પર્દાપણ કર્યું હતું. જોકે તે જિતેન્દ્ર જેટલો સફળ અભિનેતા બની શક્યો નથી. તુષાર કપૂરે એક પુત્રને દત્તક લીધો છે જેનું નામ લક્ષ્ય કપૂર છે. આમ એકતા કપૂર અને તુષાર કપૂર બંનેએ લગ્ન કર્યા નથી, પરંતુ પોતાના જીવનમાં ઠરીઠામ છે, જોકે જિતેન્દ્ર બંને સંતાનોના લગ્નની શરણાઈઓ સંભળાવવા માટે બેતાબ છે.

**જિતેન્દ્રએ ૨૦૦૩માં ફિલ્મફેર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ મેળવ્યો હતો. એટલું જ નહીં, પણ ૨૦૦૬માં તેણે સ્ક્રીન લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ મેળવ્યો હતો. જિતેન્દ્ર અને તેલુગુ અભિનેતા ક્રિષ્ના વચ્ચે ગાઢ મિત્રતા હતી. જિતેન્દ્રએ તેની સાથે લગભગ ૮૦ જેટલી દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યું છે.**

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ગાંધીનગર ખાતે નવનિર્મિત ગુજકોમાસોલ ભવનનું અમિત શાહ કરશે લોકાર્પણ

# ગુજરાત ચૂંટણીઓ: એપ્રિલ માસમાં રાષ્ટ્રીય નેતાઓની ભરચક મુલાકાતો



■ મોદી ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે, આદિવાસી સમાજના સંમેલનમાં 5 લાખને સંબોધશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગતિવિધ તેજ બની રહી છે. જેન પગલે વડાપ્રધાન મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આપના સુપ્રિમો કેજરીવાલ સહિતના કેન્દ્રીય નેતાઓના ગુજરાતમાં આંટાફેરા વધી ગયા છે. આ સ્થિતિ વચ્ચે ફરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી 10-11 એપ્રિલ એમ બે દિવસીય ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. અમિત શાહ બાદ વધુ એક કેન્દ્રિય મંત્રી ગુજરાત પ્રવાસે આવશે. મળતી માહિતી મુજબ આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા 15 એપ્રિલે ગુજરાત આવશે. તેમાં કચ્છમાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપશે. આ ઉપરાંત 16 એપ્રિલે કેન્દ્રીય મંત્રી નાગરિક અને ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા ગુજરાત પ્રવાસે છે.

વિધાન સભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદીના ફરી એક વાર ગુજરાત આવશે. અગામી 21 અને 22 એપ્રિલે મધ્ય અને ઉત્તર ગુજરાતના પ્રવાસે વડાપ્રધાન આવશે. જ્યાં તેઓ દાહોદ અને બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સરકારી કામનું લોકાર્પણ કરશે. તેમજ દાહોદ અને બનાસકાંઠામાં પ્રધાનમંત્રી રોડ શો પણ કરશે. નિમીષાબેન સુથારે 50 હજાર લોકો એકત્ર કરવાની જવાબદારી લીધી છે. જેઠા ભરવાડે 40 હજાર લોકો એકત્ર કરવાની જવાબદારી લીધી હોવાનું પાટીલે જણાવ્યું હતું.મહત્વનું છે કે, ઉત્તર પ્રદેશ ચૂંટણીમાં જીત બાદ વડાપ્રધાન મોદી ગુજરાત આવ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ફરી બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવશે.

...અનુસંધાન પાના નં.06

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# ખાખીમાં પણ માનવતા છે.. "પધારો મ્હારે દેશ.." વાળા નેત્રેશને સલામ..!



ગુજરાત બાદ પડોશી રાજ્ય રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. સત્તામાં કોંગ્રેસ છે. ચૈત્રી સુદ એકમ એટલે હિન્દુઓના નવા વર્ષે કરૌલી નામના શહેરમાં રેલી અને રેલી પર હુમલો અને હુમલા બાદ આગજની...પત્થરમારો, અફડાતફડી.. દોડાદોડી, ભાગો રે ભાગો...આગ..આગ..એવા માહૌલમાં નેત્રેશ શર્મા નામના યુવા પોલીસકર્મીએ પોતાના જીવની ચિંતા કર્યા વગર જે સાહસ અને હિંમત બતાવીને એક બાળક અને અન્ય ત્રણ જણાંને લાક્ષાગૃહની જેમ સળગતા ઘરમાં જઈને આગમાંથી બચાવ્યાં તેની તસ્વીરો અને વિડિયો વાઈરલ થયો. સીએમ અશોક ગેહલોતે આ પોલીસકર્મીની હિંમતને બિરદાવીને બઢતી આપી,

ખાખી એટલે ખરાબ. ખાખી એટલે ભ્રષ્ટ. 10 રૂપિયાની લાંચ પણ ન છોડે એવી ખાખીની છાપને ઉજળી કરવાનો પ્રયાસ નેત્રેશ શર્માએ જાનના જોખમે કર્યો. નેત્રેશ ભલે રાજસ્થાન પોલીસનો કોન્સ્ટેબલ હોય પણ ખાખી અત્રતત્ર સર્વત્ર છે..ગુજરાતમાં પણ ખાખી છે અને ઘણાં માનવતાનું કાર્ય કરે છે. નેત્રેશ જેવા એક પોલીસકર્મીનું 4 નાગરિકોને બચાવવાની ઘટના અન્ય ભ્રષ્ટ ખાખીના ખોટા કાર્યોને ઢાંકી દઈને લોકોને વિચારતા કર્યા-ના હોં, બધા પોલીસવાળા કાંઈ એવા હોતા નથી..એમાં પણ એવા હોય છે કે જે નેત્રેશ જેવુ સારૂ કામ કરે છે....અને લોકોમાં આદર સત્કાર માનપાન મેળવે છે. ગુજરાત ખાખીમાં પણ ઘણાં નેત્રેશ હશે જ જેઓ ફરજને વફાદાર છે અને ખોટુ કરતાં નથી.

નેત્રેશના પ્રયાસોને ન બિરદાવીએ તો અખબારી ધર્મ ભૂલ્યા ગણાઈએ..પોલીસવાળો બુટલેગર બનીને દારૂની હેરાફેરી કરે, અમરેલીમાં બિટકોઈનના 12 લાખ સિક્કા પડાવી લે, સાબરકાંઠામાં દારૂની ખેપ કરે, 35 લાખની લાંચ લે, કોઈ વળી આણંદમાં 50 લાખની લાંચ લે એવી બદનામની વચ્ચે ખાખીધારી નેત્રેશ શર્માએ માનવતાનો ઝંડો લહેરાવીને પૂરવાર કર્યુ- ખાખીમાં પણ માનવતા છે..! સલામ... પધારો મ્હારે દેશવાળાને..

# ધો- 10-12નું પરિણામ મોડું આવવાની શક્યતા

ગુજરાત | વંદન

એક બાજુ રાજ્યમાં બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થવા આવી રહી છે ત્યાં બીજી બાજુ આ વખતે બોર્ડની પરીક્ષાનું પરિણામ મોડું આવી શકે છે. રાજ્યના શિક્ષણસંઘોએ પોતાની પડતર માંગણીઓને લઈને રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી છે. જેના પગલે 30 હજાર કરતા વધારે શિક્ષકોએ પેપર તપાસવાનો બહિષ્કાર કરતા તેની અસર પરિણામ પર પડી શકે છે. પડતર પ્રશ્નો નહી ઉકેલાતા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ માર્ચ-એપ્રિલ-2022ની ધોરણ-10 અને 12ની બોર્ડ પરીક્ષાની મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરીનો બહિષ્કારનો આદેશ કર્યો છે.

શિક્ષકોની આ લડતમાં ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સમિતિના તમામ સંચાલક મંડળ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, ગુજરાત રાજ્ય વહિવટી કર્મચારી સંઘ મહામંડળે પણ સહયોગ આપ્યો છે.

શિક્ષકોની પડતર માંગણીઓમાં શિક્ષકોની 5 વર્ષની ફિક્સ પગારની નોકરીને સળંગ ગણવી. માધ્યમિક શિક્ષકોનો પગાર વધારો થયો પરંતુ હજુ સુધી છેલ્લી અસરથી જે વધારો થયો તે મળ્યો નથી. પટ્ટાવાળામાંથી ક્લાર્કમાં અને ક્લાર્કમાંથી હેડ ક્લાર્કનું પ્રમોશન ગત વર્ષ-2018થી આપ્યું નથી તો તેની અમલવારી કરવી. આચાર્ય બન્યા બાદ પગારનો સ્કેલ વધતો નથી. આથી એક સ્કેલ વધે તે માંગણી, સંચાલકોના પ્રશ્ને તેમાં પરિણામ આધારે ગ્રાન્ટ બંધ કરવી તથા અત્યારે મળતી ગ્રાન્ટમાં વધારો કરવો સહિતની માંગણીઓ ઉકેલવામાં આવી નથી.

## ગુજરાતમાં હાલ ચૂંટણી યોજાય તો

# AAPને 50થી 60 બેઠકો મળવાનો આઈબીનો સરવે હોવાનો દાવો

ગુજરાત | વંદન

ગુજરાતમાં રાજકીય પક્ષોએ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે આમ આદમી પાર્ટી પણ પંજાબની જેમ ગુજરાતમાં મોટો ઉલટફેર કરવાના ઈરાદે મેદાનમાં ઉતરી ગઈ છે. ગત શનિવારે જ દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને અમદાવાદમાં રેલી યોજીને સંકેત આપી દીધો હતો કે આ વખતની ગુજરાતની ચૂંટણીમાં તે કોઈ કચાસ રાખવા માગતા નથી. દરમિયાનમાં 'આપ'ના ગુજરાતના પ્રભારી અને રાજ્યસભાના સાંસદ ડો. સંદીપ પાઠકના આગમન સાથે પક્ષની સંગઠનને લગતી તૈયારીઓ પણ



શરૂ થઈ ગઈ છે. આ બધાની વચ્ચે આમ આદમી પાર્ટીએ એક સરકારી ઈન્ટેલીજન્સ રિપોર્ટનો હવાલો આપીને દાવો કર્યો છે કે, ખુદ સરકારના સર્વેમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં હાલ ચૂંટણી યોજાય તો આપને 50થી 60 બેઠકો મળવાની શક્યતા છે.

પક્ષ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ કહ્યું કે, 'ઈન્ટેલીજન્સ સર્વે અને પાર્ટી પોતે સર્વે કરી રહી છે, તે બંને સર્વેના માધ્યમથી ખુશી થાય એવા સમાચાર મળ્યા છે કે, આજની તારીખમાં આમ આદમી પાર્ટીને 55થી 60 બેઠકો મળે છે. આવનારા દિવસોમાં આવા ઘણા સર્વે અલગ-અલગ જગ્યાએ પક્ષને મજબૂત કઈ રીતે કરી શકાય તે માટે પાર્ટીના ચાણક્ય કહેવાય એવા ડો. સંદીપ પાઠકના નેતૃત્વમાં અમે કરવાના છીએ.' તેમણે કહ્યું કે, સર્વેના આધાર પર ભાજપ ડરી ગયો છે. 27 વર્ષથી સત્તા પર હોવા છતાં તે આમ આદમી પાર્ટીનો વિરોધ કરે છે.

## કોંગ્રેસ દ્વારા સાબરમતી આશ્રમ ખાતેથી 'આઝાદી ગૌરવ યાત્રા'નો પ્રારંભ




ભાજપ દ્વારા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી, તો આ તરફ કોંગ્રેસ દ્વારા સાબરમતી આશ્રમથી આઝાદીના 75માં વર્ષે "આઝાદી ગૌરવ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા સફેદ વસ્ત્રો પહેરીને હાથમાં તિરંગો લઈને પગપાળા યાત્રા શરુ કરવામાં આવી હતી. અમદાવાદના ગાંધી આશ્રમથી લઈ દિલ્હી રાજઘાટ સુધી એટલે કે 1175 કિમીની યાત્રા યોજાશે. (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

# અમરાઈવાડીમાં ગુજરાતી શાળા નંબર 13-14ની બહાર જ કચરાના ઢગલાં

■ સેનેટરી ઈન્સ્પેક્ટર મનસુખ પરમારે યોગ્ય કાર્યવાહીની આપી ખાતરી

ગુજરાત | વંદન



અમદાવાદ શહેરના કોરોનાના કેસો ઘટતાં એક તરફ હાશકારો અનુભવામાં આવી રહ્યો છે. પરંતુ બીજી તરફ ગંદકી, કચરો, ગટર ઉભરાવવી, જ્યાં ત્યાં એંઠવાડ ફેંકવો, તે ખાવા માટે આવતી ગાયો, ગાય સાથે ટકરાઈ જવાની શક્યતા વગેરેની સમસ્યાઓ હજુ પણ યથાવત્ છે. રખડતી ગાયો માટે સરકારે કાયદો તો બનાવ્યો પરંતુ માલધારી સમાજના દબાણથી કાયદાનો અમલ થાય તેવી શક્યતા નથી. શહેરના પૂર્વ વિસ્તારમાં અમરાઈવાડી ખાતે ગુજરાતી શાળા નંબર 13-14 અને હિન્દી શાળા નંબર-9ની બહાર સ્થાનિક લોકો દ્વારા સ્કૂલની દિવાલ પાસે ઘરનો કચરો અને એઠવાડ ફેંકવામાં આવે છે. જેને ખાવા માટે રખડતી ગાયો ત્યાં આવે છે. ગંદકી ફેલાય છે અને ગાયોને કારણે રોડ પર જતાં આવતા અકસ્માત થવાનો ભય પણ રહેતો હોય છે. ગુજરાત વંદનના પ્રતિનિધિએ ગુજરાતી શાળા નંબર 13-14 અને હિન્દી શાળા નંબર 9ની બહાર ફેંકાતા આ એંઠવાડ, કચરાના ઠગલા,

...અનુસંધાન પાના નં.06

## ભગવંતજી, રેંટિયો તો કાંત્યો પણ ગાંધીજીની તસ્વીર તો ઓફિસમાં રાખો, સાવ આવું...?!



ગુજરાત પોલીસની આઈબીએ દિલ્હીવાળી પાર્ટી "આપ"ના એક નેતાને કાનમાં ગુસપુસ કરતાં કહ્યું- વિધાનસભા ચૂંટણીમાં તમને 50થી 60 બેઠકો મળશે..! અને આપના નેતાએ હોંશે હોંશે કોલર ઉંચા રાખીને કૂદાકા મારતા મારતા મિડિયાને આ વાત કરી...

તે પહેલાં આપના બે મુખ્યમંત્રીઓ અન્ના પટ્ટશિષ્ય અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન ગુજરાત આવ્યાં. અમદાવાદમાં રોડ શો કર્યો. તે અગાઉ સાબરમતી આશ્રમ જઈને ગાંધીજીનો રેંટિયો કાંતવાનો શો કર્યો, ગાંધીજીની પ્રતિમાની આજુબાજુ ઉભા રહીને ફોટા પડાવ્યાં. પોતાની આજુબાજુ તેમને જોઈને ગાંધીજીએ મનમાં વિચાર્યુ હશે- અન્ના હજારેનો ઉપયોગ કરનારા હવે મારો ઉપયોગ કરવા માંગે છે કે શું..?!

દિલ્હીના સીએમ કેજરીવાલની સત્તાવાર ઓફિસમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની તસ્વીર છે કે કેમ તે હજુ બહાર આવ્યું નથી પણ કેજરીવાલની આંગળી પકડીને પંજાબના સીએમ બનેલા ભગવંત માનની સત્તાવાર કચેરીમાં ગાંધીજીનો ફોટો નથી. તેમણે વીર શહીદ ભગતસિંહ અને બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની તસ્વીરો પોતાના માથે રાખી છે. રાષ્ટ્રપિતાની તસ્વીર કેમ નથી...?

આ સવાલનો જવાબ માન અને કેજરીવાલ આપતાં નથી. યાનિ કી ગંગા ગયે ગંગારામ..જમના ગયે જમનારામ..ગુજરાત આવ્યાં તો બાપૂ કે આશ્રમ મેં જાના તો બનતા હી....એટલે આવ્યાં...હર્યા..ફર્યા... અને પંજાબ ગયા પછી ઓયે.. કિસ કા બાપૂ..કૈસા બાપૂ...મેરે તો ભગતસિંહ...મેરે તો બાબાસહેબ...! હવે જેમને ગાંધીજીનો ફોટો જ ન ગમતો હોય તેને ગાંધીના ગુજરાતમાં લોકો સ્વીકારેશે...? જવાબ બસ આ ચૂટણીઓ જાહેર થાય અને પરિણામ આવે એટલી વાર...

# જ્યારે એક પોલીસકર્મીએ બીજા પોલીસકર્મીનો કોલર પકડ્યો..

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગુનાખોરીને ડામવા માટે પોલીસ રાત દિવસ પેટ્રોલિંગ કરી રહી છે. તે ઉપરાંત પોલીસને લોકોના મિત્ર બનીને કામ કરવાની તાકિદ કરવામાં આવી છે. તે છતાંય કેટલાક પોલીસ કર્મીઓ ગુનેગારો સાથે ભળીને રહેતા હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરકોટડા વિસ્તારમાં કેટલાક લોકો અંધારામાં બેઠા હતાં. આ દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલા પોલીસકર્મીઓએ તેમને જોતાં પુછ્યું ત્યારે તેઓ ત્યાંથી ભાગી ગયા હતાં પણ એક કોન્સ્ટેબલ મળી આવ્યો હતો જેની પુછપરછ કરતાં તે ઉશ્કેરાઈ ગયો અને પોલીસની ટીમ સાથે બબાલ કરવા લાગ્યો હતો. તેણે પોલીસની ટીમને અહીં આવવાની ના પાડી છે છતાંય કેમ હેરાન કરો છો કહીને બબાલ કરી હતી. આ બનાવ બાદ શહેરકોટડા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં શહેરકોટડા પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ વિસ્તારમાં

...અનુસંધાન પાના નં.06

## યુવરાજસિંહ વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો - રેન્જ આઈજી અભય ચુડાસમા

# 'પોલીસ પર કાર ચડાવીને ભાગવાનો પ્રયાસ કર્યો તે અયોગ્ય'



ગુજરાત | વંદન



યુવા નેતા યુવરાજસિંહ જાડેજાની ધરપકડ મુદ્દે રેન્જ આઈજી અભય ચુડાસમાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જેમાં તેમણે કહ્યુ હતું કે, વિધાર્થીઓના પ્રશ્ન માટે આંદોલન કરનારા યુવરાજસિંહની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. વિદ્યાસહાયકો સાથે યુવરાજસિંહ પોલીસ હેડકવાર્ટર આવ્યા હતા. યુવરાજસિંહ ગાડી ચડાવી ને ભાગવાનો પ્રયાસ કર્યો. આ પ્રકારની હરકત બદલ 307નો ગુનો નોંધ્યો છે. પોલીસે યુવરાજસિંહને સ્પોર્ટ કર્યો છે. પરંતુ પોલીસ પર કાર ચડાવીને ભાગવાનો પ્રયાસ કર્યો તે અયોગ્ય. યુવરાજસિંહ પોતાની કારમાં કેમેરા લગાવે છે જેનું રેકોર્ડીંગ કરવામાં આવે છે.

તો આ અંગે એસપી મયુર ચાવડાએ જણાવ્યું હતું કે, યુવરાજસિંહના પોતાના કારના કેમેરામાં જ પોલીસ પર કાર ચડાવીનું રેકોર્ડીંગ થયું છે. થોડા વિદ્યાર્થીઓએ ધમાલ કરવાનો પ્રયાસ કર્યો હતો. પેપર ફૂટવાની

...અનુસંધાન પાના નં.06

## ઇમ્તાહા હો ગઇ ઇન્તજાર કી આઇ ના કુછ ખબર હાઇકમાન્ડ કી...



કોંગ્રેસના સંકટમોચક અને પાર્ટી ફંડ, નાણાંકિય વ્યવહાર સંભાળનાર અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલ પિતાના નિધનના એક વર્ષ બાદ બહાર આવ્યાં બહાર આવીને મિડિયાને મળ્યા- ટ્વીટ કર્યું. પાર્ટીમાં કોઈ સાંભળતા જ નથી,..કોઈ જવાબ જ નથી અને ઈન્તજારની પણ એક હદ હોય કે નહીં...એટલે મારા વિકલ્પો ખુલ્લા...!

ફૈઝલ પટેલે પિતાના નિધનને હજુ તો ખાસ્સો સમય પણ નહોતો થયો અને અમિષા પટેલને લગ્નનો પ્રસ્તાવ મોકલ્યાનું મિડિયામાં આવ્યું હતું. અમિષા માટે કેટલો ઈન્તજાર કર્યો એ તો ફૈઝલ જાણે પણ કોંગ્રેસ હાઈકમાન્ડે તેમને કેમ ઈન્તેજાર કરાવ્યો..? હવે આ ભાજપમાં જશે તો....?

બની શકે. અહેમદભાઈનો પુત્ર ભાજપમાં આવે તો ગુજરાત કોંગ્રેસમાં અહેમદભાઈના વફાદારો પણ ફૈઝલને સાથ આપી શકે એવી કોઈ રાજકીય સોગઠાબાજી ગોઠવાઈ રહી હોય. કેમ કે રાજકારણમાં અને ગુજરાત કોંગ્રેસમાં બધુ જ શક્ય છે. મારા વિકલ્પો ખુલ્લા કહેનારાઓ આખરે બીજા પક્ષમાં જતા રહે છે. ફૈઝલને આવકારવા, કંમલમ મોર બની થનગાટ કરે-ફૈઝલ હવે શું કરે...?! કોંગ્રેસ છોડે અને ભાજપમાં જાય...એ જાય...એ જાય.. પ્ર.ઘ

## મોંઘવારી | ગુજરાતમાં ચૂંટણી પહેલા જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વોલ - વોર

# બે પક્ષો વચ્ચે શરૂ થઈ રસપ્રદ ચિત્ર સ્પર્ધા એક કમળ, આજુ બાજુ બે સિલિન્ડર..!

ગુજરાત | વંદન




ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓને લઈને ભાજપ કોંગ્રેસ અને ત્રીજા પક્ષ તરીકે આપ પાર્ટી દ્વારા અનૌપચારિક ચૂંટણી પ્રચારનો પ્રારંભ થઈ ગયો છે. પરંપરાગત પ્રચારની પ્રથા અનુસાર દીવાલો ઉપર પણ ચિતરામણ જોવા મળી રહ્યું છે. ભાજપે ચૂંટણી પ્રતિક કમળના ચિત્રો ઠેરઠેર દીવાલો પર દોર્યા છે. જોકે, તેની નીચે કોઈ લખાણ નથી વધતી જતી મોંઘવારી અને તેના પ્રતિક સમાન રાંધણગેસના સિલિન્ડરનું ચિત્ર કોંગ્રેસ તૈયાર કરાવડાવ્યું છે. જ્યાં જ્યાં દીવાલ પર ભાજપ દ્વારા કમળનું ચિત્ર મુકાઈ છે તેની આજુબાજુ સિલિન્ડરના બે ચિત્રો છાપીને તેની નીચે તેના ભાવ લખી દઈને કોંગ્રેસ દ્વારા ભાજપને પરોક્ષ પ્રહાર કરવામાં આવ્યો છે.

યુપી સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓ પૂરી થતા જ જનતા ફરી મોંઘવારીના માર વચ્ચે પીસાઈ રહી છે દિવસે ને દિવસે મોંઘવારી વધતા ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારની મોંઘવારીએ કમર તોડી નાખી છે. ગેસ,પેટ્રોલ,ડીઝલ સહિતના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી અન્ય ચીજોના ભાવ પણ વધી રહ્યા છે. જેથી આ મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસે ત્રણ તબક્કામાં દેશભરમાં વિરોધ પ્રદર્શનનુ આયોજન કર્યુ છે. ત્યારે અમદાવાદ, ભૂજ સહિત ગુજરાતભરના શહેરમાં કોંગ્રેસ દ્વારા મોંઘવારીના વિરોધમાં અનોખો વિરોધ કરાયો હતો. જેમાં એક તરફ ભાજપ દિવાલો પર કમળના ચિત્ર મારફતે પોતાનો પ્રચાર કરી રહ્યુ છે તો સામે કોંગ્રેસે જૂનાગઢ અને ભૂજમાં ભાજપના કમળના ચિત્ર નીચે મોંઘવારીના મારના લખાણો લખી ભાજપના પ્રચાર પાણી ફેરવી રહ્યા છે. જેમાં મોંઘવારી વધારવા માટે ભાજપને જવાબદાર ઠેરવતા લખાણો લખવામાં આવ્યા હતા. કમળના ચિત્ર નીચે કોંગ્રેસે લખાણ મારફતે સંદેશો આપવાનો પ્રયાસ કર્યો હતો કે, 350ના સિલિન્ડરના ભાવ 1050 સુધી પહોંચાડનારા માટે જવાબદાર ભાજપ જ છે.

આગામી વિધાનસભા ચૂંટણીઓ સંભવિત વહેલા આવે તેવી શકયતા વચ્ચે રાજકીય પક્ષ સક્રિય થયા છે.ભુજમાં ભાજપ દ્વારા વિવિધ જાહેર માર્ગો પર ભાજપના પક્ષ ચિન્હ કમળનું ચિત્ર બનાવવામાં આવ્યા છે. ત્યારે હવે ભાજપ બાદ કોંગ્રેસ પણ સક્રિય બની છે અને વર્તમાન સમયમાં મોંઘવારી વધતા વિવિધ રીતે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે.ભાજપ દ્વારા શહેરભરમાં જ્યાં કમળ ચિત્રિત કર્યા છે તેની નજીક જ ભુજ કોંગ્રેસ દ્વારા ગેસ સિલિન્ડરનું ચિત્ર બનાવી ભાવ વધારો થયો હોવાનું સાથે મોંઘવારી માટે ભાજપ જવાબદાર છે તે રીતે દર્શાવવામાં આવ્યું છે. હાલ તો રાજકીય પક્ષની આ ચિત્ર સ્પર્ધાથી ભુજ શહેરમાં ઠેર ઠેર આ પ્રકારના દ્રશ્યો લોકો માટે કુતુહલ સર્જી રહ્યું છે. એક બાજી ભાજપના ચિહ્ન તેની નજીકમાં કોંગ્રેસ દ્વારા ગેસની બોટલ દોરીને વિરોધ નોંધવામાં આવી રહ્યો છે. આ અંગે કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 50 પૈસા જેવો નજીવો ભાવ વધારો થતો છતા ભાજપ નેતાઓના ટોળેટોળા વિરોધ કરવા નિકળી જતા, પરંતુ આજે ગેસ સિલિન્ડર 1000 આસપાસ પહોંચી ગયું છે અને પેટ્રોલ 100 પર પહોંચી ગયું છે. ભૂજની તમામ બિલ્ડિંગ પર કમળનું સિમ્બોલ દોરીને પ્રજાને મુર્ખ બનાવી રહ્યા છે. 27 વર્ષથી ગુજરાતની પ્રજાને મુર્ખ બનાવવામાં આવી રહી છે. જેથી હવે કોંગ્રેસે એક નવતર પ્રયોગ શરૂ કર્યો તેનાથી લોકોને એક સંદેશ જશે. કોંગ્રેસ હજુ ઉગ્ર લડત લડશે.